ISSN 0976 - 9809 V-Vidyanagar

વર્ષ : ૧૬ અંક : ૪ એપ્રિલ ૨૦૧૪ સળંગ અંક : ૫૧૦

# વિ-વિદ્યાનગર




कर्मण्येवाऽधिकारस्ते ।

**CHARUTAR VIDYAMANDAL**
**VALLABH VIDYANAGAR**




ચારુતર વિદ્યામંડળ(સીવીએમ)ના નેજા હેઠળ વલ્લભ વિદ્યાનગરનો ૬૯મો સ્થાપના દિવસ અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલના અધ્યક્ષસ્થાને અને મુખ્ય અતિથિ શ્રી.કુલીનચંદ્ર યાજ્ઞિક અને સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિ ડૉ.હરીશ પાઢની ઉપસ્થિતિમાં દીપપ્રાગટ્ય સાથે દબદબાભેર ઉજવાયો હતો. આ પ્રસંગે સીવીએમના નવપ્રકાશિત બ્રોશરનું લોકાર્પણ કરાયું હતું. આ પ્રસંગે પાલિકાના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ પટેલ, સીવીએમના ટ્રસ્ટી શ્રી હેમંતભાઈ પટેલ અને સીવીએમના માનદ મંત્રી પ્રિ.એસ.એમ.પટેલ ઉપસ્થિત હતા.



વલ્લભ વિદ્યાનગરના વિશ્વકર્મા પૂ.ભાઈકાકાની પ્રતિમાને વલ્લભ વિદ્યાનગરના સ્થાપના દિવસે સીવીએમના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલ, મુખ્ય અતિથિ શ્રી કુલીનચંદ્ર યાજ્ઞિક, સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિ ડૉ.હરીશ પાઢ, ચારુતર આરોગ્ય મંડળનાં અધ્યક્ષ ડૉ.અમ્રીતાબહેન પટેલ, પાલિકાના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ પટેલ સહિતના મહાનુભાવોએ પુષ્પાંજલિ અર્પણ કરી હતી.




# વિ-વિદ્યાનગર

**ચારુતર વિદ્યામંડળ પ્રકાશન**

એપ્રિલ ૨૦૧૪

વર્ષ : ૧૬ અંક : ૪

(સળંગ અંક ૫૧૦)

**ISSN 0976 - 9809 V-Vidyanagar**


**તંત્રી**

રાજેન્દ્રસિંહ જાડેજા • હરિ દેસાઈ

**પરામર્શન**

રમેશ એમ.ત્રિવેદી • જયન્ત ઓઝા

ભગીરથ બ્રહ્મભટ્ટ

**સંપાદન-સહાય**

ગિરીશ ચૌધરી • ઉર્વીશ છાયા

**પ્રકાશક**

પ્રિ. એસ.એમ. પટેલ

માનદ મંત્રી, ચારુતર વિદ્યામંડળ

વલ્લભ વિદ્યાનગર - ૩૮૮ ૧૨૦

•

**મુદ્રક**

આણંદ પ્રેસ, ગામડી

**ચારુતર વિદ્યામંડળ**

વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦

**સ્થાપના વર્ષ**

૧૯૪૫

**कर्मण्येवाऽधिकारस्ते**

**અધ્યક્ષ**

ડૉ. સી.એલ. પટેલ

**માનદ મંત્રી**

પ્રિ. એસ.એમ. પટેલ

**માનદ કાર્યકારી મંત્રી**

ડૉ. જે.ડી. પટેલ

**માનદ સહમંત્રીઓ**

શ્રી વી.એમ. પટેલ • શ્રી બી.પી. પટેલ

ડૉ. એસ.જી. પટેલ • શ્રી એમ.જે. પટેલ

પ્રિ. આર.સી. દેસાઈ

## વૃત્તિ અને પ્રવૃત્તિએ વિદ્યાનગરની વિભાવનાને મૂર્ત કરતું વિશાળ જ્ઞાનસંકુલ

પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ સુવિધાઓ • ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સંકુલના વિજ્ઞાન, સામાન્ય, ગૃહવિજ્ઞાન પ્રવાહ • ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, ઈજનેરી વિજ્ઞાન, ઔષધ વિજ્ઞાન, લલિત કલાઓ – ચિત્ર, સંગીત, નૃત્ય, શારીરિક શિક્ષણ, આયુર્વિજ્ઞાન, બાયોટેક્નોલૉજી, હૉટેલ મેનેજમેન્ટ ટુરીઝમ ટ્રાવેલના અભ્યાસક્રમોને આવરી લેતી કૉલેજ ઑફ બિઝનેસ ઍન્ડ એડમિનિસ્ટ્રેશન, અંગ્રેજી ભાષાશિક્ષણ તથા પ્રશિક્ષણ વ્યવસ્થાની કૉલેજ • અનુસ્નાતક કક્ષાએ વાણિજ્ય અને વ્યવસ્થાપન, વિજ્ઞાન, ઔષધવિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, ઈજનેરી, દર્શનશાસ્ત્ર, અંગ્રેજી પ્રશિક્ષણના અભ્યાસક્રમો • વિવિધ વિદ્યાશાખાઓમાં વ્યાપક સંશોધનની સુવિધાઓ • કલા, વિજ્ઞાન અને માનવવિદ્યાઓના વિમર્શની ભૂમિકા રચી આપતાં પુસ્તકો-સામયિક પ્રકાશનો • વિદ્યાકીય વાતાવરણને ધબકતું રાખતી વિવિધ વ્યાખ્યાનમાળાઓ • સર્જકો, સારસ્વતો, કર્મચારીઓના સન્માનની ઉજ્જવળ પરંપરા • રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય સ્પર્ધાઓનું યુવકોન્મુખ આયોજન • પ્રાથમિકથી લઈ અનુસ્નાતક કક્ષાનાં વિદ્યાર્થી ભાઈબહેનો માટે છાત્રાલયો, અધ્યાપક નિવાસો તેમજ આચાર્ય નિવાસોની સુવિધાઓ • સતત વિકાસની પરંપરામાં વલ્લભ વિદ્યાનગર ઉપરાંત ન્યૂ વલ્લભ વિદ્યાનગર ટાઉનશીપમાં વિવિધ અભ્યાસક્રમોવાળી શિક્ષણસંસ્થાઓની સ્થાપના થતી રહી છે. • રાજ્યની પ્રથમ મહિલા ઈજનેરી કોલેજ, સરદાર પટેલના જીવન અને કાર્ય માટે દેશની સર્વપ્રથમ સંશોધન સંસ્થા તેમજ સમગ્ર ગુજરાતમાં અંગ્રેજી માધ્યમની સ્નાતકકક્ષાની પત્રકારત્વ અને સમૂહ માધ્યમોની કોલેજ • ગુજરાતની યુવાપેઢીને સનદી સેવાઓમાં પ્રવેશ અપાવવા માટેની સીવીએમ આઈએએસ એકેડેમી. • કાયદાશાસ્ત્ર અને ન્યાયશાસ્ત્રની અનોખી કૉલેજ • ઈન્ટિરિયર ડિઝાઈન અને આર્કિટેક્ચરની સ્કૂલ ઉપરાંત ફાઈન આર્ટ્સની ડિગ્રી કૉલેજ.


**• અંકની છૂટક કિંમતઃ ₹ ૧૫/- • રવાનગી ખર્ચઃ ₹ ૧૦/- • વાર્ષિક લવાજમઃ ₹ ૧૫૦/-**

**• વિદ્યાર્થી લવાજમઃ ₹ ૧૦૦/- • આજીવન લવાજમઃ ₹ ૧૫૦૦/-**

વલ્લભ વિદ્યાનગરના આદ્યસ્થાપકો પૈકી એક ભાઈકાકાએ ઈ. સ. ૧૯૬૪માં આ વિદ્યાકેન્દ્ર ઉપરથી એક સામયિક પ્રકાશિત થાય જેમાં સાહિત્ય અને શિક્ષણવિષયક સંસ્કારલક્ષી સામગ્રી રજૂ થાય અને ઉચ્ચ અભ્યાસ અર્થે આવતી કિશોર-યુવાપેઢી એથી લાભાન્વિત થાય; વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પણ એમાં સક્રિય રસ લેતા થાય એવી મનીષા પ્રગટ કરી હતી. ફલસ્વરૂપ ૧૯ નવેમ્બર ૧૯૬૪ના રોજ 'વલ્લભ વિદ્યાનગર' પાક્ષિકનો આરંભ થયો. પછીથી એ માસિક સ્વરૂપે 'વિદ્યાનગર' નામે પ્રગટ થતું રહ્યું. । વિ । નામે એનો ત્રીજો અવતાર થયો ત્યારથી વર્તમાન અધ્યક્ષ ડૉ. સી.એલ.પટેલની નિસબત અને ઉદારતાના ફળસ્વરૂપે તે નવપલ્લવિત થયું, અને ઈ.સ. ૧૯૯૯ થી નિયમિતપણે 'વિ-વિદ્યાનગર' એ નામથી પ્રકાશિત થતું રહ્યું છે.

**વિ-વિદ્યાનગર**

'વિ-વિદ્યાનગર' ચારુતર વિદ્યામંડળની વેબસાઈટ

**www.ecvm.net**

પર મૂકવામાં આવે છે. દેશ-વિદેશના વાચકોને પ્રતિભાવ જણાવવા વિનંતી.

**આ માસની વિચારકણિકા**

**જો આપણે લોકોની ચેતનાને તોડીશું તો આપણે તેમના ભવિષ્યને જોખમમાં મૂકીશું, જો એને વિકસાવીશું તો આપણું ભવિષ્ય ઉજ્જવળ હશે.**

• ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન

# વિ-વિદ્યાનગર

## ચારુતર વિદ્યામંડળ પ્રકાશન

એપ્રિલ ૨૦૧૪
વર્ષ : ૧૬ અંક : ૪
(સળંગ અંક ૫૧૦)

**ISSN 0976 - 9809 V-Vidyanagar**

**सत्त्वं सुखे सञ्जयति रजः कर्मणि भारत ।**
**ज्ञानमावृत्य तु तमः प्रमादे सञ्जयत्युत ॥**

**સુખમાં જોડતો સત્ત્વ, કર્મમાં જોડતો રજ;**
**ને ઢાંકી જ્ઞાનને જોડે પ્રમાદે તો તમોગુણ.**

શ્રીમદ્ ભગવદ્‌ગીતાઃ ૧૪:૯

॥ અધ્યક્ષસ્થાનેથી ॥ શિક્ષણનું કથળતું સ્તર ★ ડૉ.સી.એલ.પટેલ
॥ પ્રાથમ્ય ॥ ગાંધીહત્યા, સરદાર પટેલ અને ઈતિહાસનાં અર્ધસત્ય ★ હરિ દેસાઈ / 1
॥ આપણો વારસો અને વૈભવ ॥ પદ્ય વિભાગ ॥ ★ દલપતરામ, અવિનાશ વ્યાસ / 3
॥ ગદ્ય વિભાગ ॥ મહાવીર જયંતી નિમિત્તે ★ રમણીક શાહ / 4
॥ પ્રતિભાવ ॥ ★ નરોત્તમ પલાણ / 5
॥ નવાં કાવ્યો ॥ ★ રાજેન્દ્રસિંહ ગોહિલ 'રાજર્ષિ', નીલેશ પટેલ, હરીશ પંડ્યા / 6
॥ સુવાચક ॥ આરઝૂ ★ જ્યોતીન્ પટેલ / 7
॥ વિમર્શ ॥ ઈતિહાસપુરુષ બાબાસાહેબ આંબેડકર ★ હરિ દેસાઈ / 8
॥ સંશોધન ॥ ધારીનો ઈતિહાસ અને એલએન સાહેબની ઘાસની હેટ ★ નરોત્તમ પલાણ / 11
॥ સંશોધન ॥ સંશોધન સંદર્ભ અને તકેદારી FN/(૧) ★ બી.એન. ગાંધી / 14
॥ व्याख्यान ॥ दो साल बाद आजाद हुआ था भोपाल राज्य ★ शिव अनुराग पटैरया / 19
॥ साम्प्रत ॥ भारत में निर्वाचन प्रणाली का विकास ★ एस.के. मेंदीरत्ता / 23
॥ જ્ઞાન-વિજ્ઞાન ॥ હેલિકોપ્ટરનું ઉડ્ડયન – કેટલું સલામત? ★ ધનંજય ધ્રુવ / 24
॥ આરોગ્ય ॥ શાકભાજીના લાભાલાભ ★ સાગર એમ. ભીંડે, એ.આર.વી. મૂર્તિ / 27
॥ નગરપર્વ ॥ વલ્લભ વિદ્યાનગરના ૬૯મા સ્થાપના દિવસની ઉજવણી / 29
॥ પર્વ ॥ સર્વપ્રથમ ત્રિદિવસીય નારીકથા : ડૉ.ટીના દોશીની ઐતિહાસિક પહેલ / 31
॥ ચિંતન ॥ ગુજરાત કેળવણી પરિષદનું શિક્ષણપર્વ ★ ડંકેશ ઓઝા / 35
॥ રમન્તે તત્ર દેવતા ॥ સૂત્રસાહિત્યનું મહત્ત્વ ★ પારુલટીના દોશી / 37
॥ વિદ્યાવૃત્ત ॥ / 38

# શિક્ષણનું કથળતું સ્તર

આજકાલ દેશ અને રાજ્યોમાં દરેક જગ્યાએ વિકસિત દેશોમાં પ્રાપ્ત થતું હોય તેવા શિક્ષણની વ્યવસ્થા માટે જે પ્રયત્નો અને કાળજી લેવાની હોય તેવી કાળજી લેવામાં શિક્ષણ સાથે સંકળાયેલા બધા જ ઊણા સાબિત થયા છે. કોઈપણ દેશની પોતાની પ્રગતિ તેના નિષ્ણાત વૈજ્ઞાનિકો અને તંત્રજ્ઞાતાઓને આભારી છે. ભારત સરકાર દ્વારા આઝાદીના સમયથી સંશોધન કેન્દ્રમાં વધુ સારી સફળતા મળે તે માટે તેની બધી જ પંચવર્ષીય યોજનામાં નાણાંની જોગવાઈ કરવામાં આવી છે. વિદ્યાલયો અને વિશ્વવિદ્યાલયોને પણ ઘણી મોટી રકમની મદદ આ યોજનાથી ફાળવણી કરવામાં આવેલી છે. આપણે આઝાદી પછી અનુભવ્યું છે કે આ દેશની પ્રજાને પોષણ માટે અનાજનું ઉત્પાદન ઘણું ઓછું હતું. શરૂઆતનાં વર્ષોમાં વિદેશથી પીએલ ૪૮૦ મારફતે કૅનેડિયન ઘઉં મંગાવવા પડતા હતા. ત્યાંની પ્રજા જાનવરો માટે એ વાપરતી હતી તેવું અનાજ આપણે ત્યાં લોકોએ ખાવું પડતું હતું. આઝાદી બાદ કૃષિક્ષેત્રે ઘણાં બધાં સંશોધનો થયાં અને આપણા વૈજ્ઞાનિકોએ અમેરિકાની સારી યુનિવર્સિટીઓમાં અને અન્યત્ર જઈને અનાજની વધુ પેદાશ માટે હાઈબ્રિડ બિયારણનાં સંશોધનો કર્યાં અને ડૉ. એમ.એસ. સ્વામિનાથનની આગેવાની હેઠળ હરિયાળી ક્રાંતિની શરૂઆત થઈ. આપણો દેશ અનાજમાં સ્વાવલંબી બન્યો. આથી જ શિક્ષણની જવાબદારી સંભાળતી સંસ્થાઓ તથા સરકારશ્રીએ હવે શિક્ષણ એ જ્ઞાન પૂરું પાડતી સંસ્થા બને અને એ જ્ઞાનનો જનસમુદાય માટે ઉપયોગ થાય તેવી વ્યવસ્થા ગોઠવવી પડે.

આટલા જ માટે શિક્ષણમાં પણ ખૂબ મોટી ક્રાંતિ લાવવાની જરૂર છે. આ માટે સરકારે જાગૃતિ કેળવવી પડશે અને લોકોપયોગી અભ્યાસક્રમ સાથે શરૂઆતથી જ વિદ્યાર્થી આ જ્ઞાન પ્રાપ્ત કરીને કોઈ લોકોપયોગી કાર્યમાં તે ઉપયોગી થાય તેવી સુવિધા ઊભી કરવી પડશે. દરેક ક્ષેત્રનું જ્ઞાન વ્યક્તિવિશેષને કાંઈકને કાંઈક સારું જીવન જીવવા ઉપયોગી બને તથા બીજા પણ સારું જીવન જીવી શકે તેવું વાતાવરણ પેદા કરવા માટે ખૂબ ઉપયોગી બને તેવા પ્રયાસ થવા ઘટે. આવું શિક્ષણ ભલે વાણિજ્ય, વિનયન, વિજ્ઞાન કે તાંત્રિકવિદ્યાનું હોય, પરંતુ આ જ્ઞાન પુસ્તકિયું હોય તેને બદલે વ્યાવસાયિક હોવું ઘટે. આ દેશના યુવાનો બધી રીતે સક્ષમ છે. તેમને જરૂરી સુવિધાઓ અને મોકળાશ મળે તો વિશ્વકક્ષાનાં સંશોધન કરી શકે છે. મીડિયા મારફતે માહિતી મેળવતા રહીએ છીએ કે આઝાદીને ૬૭ વર્ષ થયા છતાં પણ દેશની એક પણ યુનિવર્સિટી દુનિયાના રેંકિંગમાં આવતી નથી. આપણે ત્યાંનું યુવાધન અમેરિકા, યુરોપ, ઓસ્ટ્રેલિયા જેવા દેશોમાં જઈને શિક્ષણક્ષેત્રે ઘણી સારી પ્રગતિ

કરી શકતું હોય તો તેવું યુવાધન આ દેશમાં શિક્ષણની આવી જરૂરી વ્યવસ્થા થાય તો દેશમાં જ રહીને આવું શિક્ષણ પ્રાપ્ત કરી શકે તેવા સંજોગો સર્જીને દેશનું યુવાધન પોતાના અને દેશના વિકાસ માટે કાંઈક કરી શકે તેવું ઘડતર શક્ય બને. એ જ આજની જરૂરિયાત છે. પરદેશમાં શિક્ષણ મેળવવા જનાર વિદ્યાર્થીને ભારત સરકારની રાષ્ટ્રીયકૃત બેંકોમાંથી અભ્યાસ કરવા માટેનાં નાણાં લોનરૂપે આપીને જે સગવડ કરવામાં આવે છે તેને બદલે આવી સગવડ અહીં ઘરઆંગણે થાય તે આજની માંગ છે.

રાજ્ય સરકાર પોતાની સરકારી સ્કૂલો, કૉલેજો તથા યુનિવર્સિટીમાં તાલીમપ્રાપ્ત શિક્ષકો, અધ્યાપકો, આચાર્યો, કુલપતિ એ બધાની પસંદગીમાં ખૂબ ઉદાસીનતા કેળવતી હોય તેવું છેલ્લાં ૨૨ વર્ષના શિક્ષણ સાથેના મારા અનુભવમાંથી તારવ્યું છે. સરકારી તથા અનુદાનપ્રાપ્ત કરતી સ્કૂલો-કૉલેજોમાં શિક્ષક-અધ્યાપક તથા પૂરક સ્ટાફની પસંદગી તથા નિમણૂકોમાં કાળજીનો અભાવ જોવા મળે છે. સરકારમાં બેઠેલા અધિકારીઓ શિક્ષણક્ષેત્રે જે જવાબદારી સંભાળવાની હોય તે જવાબદારી સંભાળવાને બદલે અધિકારપણું જ દાખવતા હોય તેવું વિશેષ દેખાય છે. તેમણે જે જવાબદારી નિભાવવાની હોય તેવી જવાબદારી નિભાવવામાં ઉદાસીનતા દાખવીને ઘણી બધી સંસ્થાઓમાં આચાર્યો, શિક્ષકો, પ્રાધ્યાપકોની નિમણૂક સમયસર થતી નથી અને કેટલીક સંસ્થાઓનું શિક્ષણકાર્ય ખાલી રહેતી જગ્યાઓને લઈને દિનપ્રતિદિન કથળતું જતું હોય તેવું લાગે છે.

મેં ખાસ અનુભવ્યું છે કે શિક્ષણ સાથે જોડાયેલા અધિકારીઓ જેવા કે શિક્ષણ કમિશનર, અગ્રસચિવ તથા તેમના હાથ નીચે નિમાયેલા અધિકારીઓએ શિક્ષણ માટે જે ચિંતા રાખવાની હોય તે રાખતા નહીં હોઈ શિક્ષણ કથળતું જતું રહ્યું છે. આથી જ શિક્ષણ એ વ્યક્તિવિશેષ, સમાજ અને દેશના વિકાસ માટે ઉપયોગી બને તે માટે સરકારશ્રી તથા શિક્ષણ સાથે સંકળાયેલી પ્રત્યેક વ્યક્તિએ પોતાની ઉદાસીનતા છોડીને દેશ માટે યોગદાન કરવાની જરૂરિયાત છે, એ જ આજની માંગ છે.

(૧૧ ફેબ્રુઆરી ૨૦૧૪)

સી. એલ. પટેલ

// પ્રાથમ્ય //

# ગાંધીહત્યા, સરદાર પટેલ અને ઇતિહાસનાં અર્ધસત્ય

## હરિ દેસાઈ

દેશમાં ચૂંટણીનો માહોલ હોય ત્યારે ઇતિહાસને આધારે પોતાનાં સત્ય પ્રજા સમક્ષ ખરાં કરવાની જાણે કે હોડ મચે છે. એપ્રિલ-મે ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીમાં રાજનેતાઓ થકી રંગીન સત્યો રજૂ કરીને પ્રજાને આંજી દેવાની વૃત્તિ-પ્રવૃત્તિ સોળે કળાએ ખીલી છે. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની હત્યા, સરદાર પટેલની ભૂમિકા અને હત્યામાં કોણ દોષિત અને કોણ નિર્દોષ એના દાવાઓ રજૂ કરતાં દસ્તાવેજી સત્યોને પોતપોતાની અનુકૂળતા મુજબ અર્ધસત્ય કે વિકૃત સત્યની રીતે રજૂ કરાતાં નિહાળીને વ્યથિત થવાય એ સ્વાભાવિક છે.

મહાત્મા ગાંધીના પૌત્ર અને ઇતિહાસવિદ રાજમોહન ગાંધીલિખિત 'સરદાર પટેલઃ એક સમર્પિત જીવન'ની અંગ્રેજી અને ગુજરાતીમાં નવજીવન પ્રકાશન મંદિરની નૂતન આવૃત્તિઓના સંદર્ભો ટાંકતાં રાજનેતાઓ ટીવીચેનલો પર ઝળકે છે. વૃત્તિ-પ્રવૃત્તિ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ(આર.એસ.એસ.) મહાત્મા ગાંધીની હત્યા પાછળ જવાબદાર નહીં હોવાનું પ્રતિપાદિત કરવાની છે. રાજમોહનના ગ્રંથમાંથી સરદાર પટેલલિખિત ૨૭ ફેબ્રુઆરી ૧૯૪૮નો પત્ર ટાંકવામાં આવે છે. તત્કાલીન વડાપ્રધાન જવાહરલાલ નેહરુને એમની સરકારના જ નાયબ વડાપ્રધાન અને ગૃહમંત્રી સરદાર વલ્લભભાઈ પટેલે લખ્યું છેઃ 'આ નિવેદનો પરથી સ્પષ્ટ જણાય છે કે આ કાવતરામાં સંઘ જરા પણ સંડોવાયેલો નથી. હિંદુ મહાસભાના ઉપગ્રંથી જૂથે આ કાવતરું (ઘડ્યું છે) અને તેમણે જ તે પાર પાડ્યું છે.' ગાંધીજીની હત્યા ૩૦ જાન્યુઆરી ૧૯૪૮ના રોજ થઈ હતી.

વાજપેયી સરકારમાં નાયબ વડાપ્રધાન અને ગૃહમંત્રી રહેલા લાલકૃષ્ણ આડવાણી પણ ૧૨ માર્ચ ૨૦૧૪ના પોતાના બ્લૉગમાં 'રાજમોહન કહતે હૈં, શાયદ મહાત્મા સહી નહીં થે' શીર્ષક હેઠળ ગાંધીજીએ સરદાર પટેલને વડાપ્રધાન બનાવવાને બદલે જવાહરલાલ નેહરુને વડાપ્રધાન બનાવવાનું પસંદ કર્યું એ યોગ્ય નહીં હોવાનો રાજમોહનનો મત ટાંકે છે. સાથે જ ટેઈલપીસ(પશ્ચલેખ)માં સરદાર પટેલનું ગાંધીજીની હત્યામાં રા.સ્વ.સંઘ કોઈ પણ રીતે સામેલ નહીં હોવાનું અવતરણ મૂક્યું છે. જોકે તેમાંથી સાવરકરનું નામ કાઢીને એ મૂક્યું છે.

પત્રોની નોંધો અને અવતરણો સંદર્ભ વિના ટાંકીને પોતાને અનુકૂળ તારણો રજૂ કરવામાં આવતાં હોય ત્યારે મૂળ સ્રોત અને મૂળપત્રો વાંચવા એ કોઈપણ સંશોધક માટે અનિવાર્ય બની જાય છે. સત્યાન્વેષણ માટે પણ આ જરૂરી છે.

રાજમોહને પોતાના ગ્રંથની પ્રસ્તાવનામાં જરૂર નોંધ્યું છે 'આવો અન્યાય થયો હોય તો મહાત્માના પૌત્ર તરીકે તેનું થોડું વળતર ચૂકવી દેવાનું વાજબી ગણાય. આ ઉપરાંત પોતાના રાષ્ટ્રના ઘડવૈયા પ્રત્યેનું નાગરિક ઋણ ચૂકવવાનો પણ મેં પ્રયાસ કર્યો છે.' ૧૯૪૬માં ૧૪માંથી ૧૨ પ્રાંતિક કૉંગ્રેસ સમિતિઓ સરદાર પટેલને પ્રમુખપદ(એ વડાપ્રધાન થવાના હતા) માટે ટેકો આપતી હોવા છતાં ગાંધીજીના ઈશારે નેહરુને પસંદ કરાયા હતા.

મહાત્મા ગાંધીની હત્યામાં આર.એસ.એસ.ની સંડોવણી નહીં હોવાનું જે પત્રને ટાંકીને પ્રતિપાદિત કરાય છે એની નીચે જ રાજમોહને જે વાત નોંધી છે એને જાણીજોઈને અવગણવામાં આવે છેઃ 'હિંદુ મહાસભાના કેટલાક લોકો તો વલ્લભભાઈનું પણ ખૂન કરવા ચાહતા હતા. ગાંધીજીની હત્યા થયા અગાઉ થોડા દિવસ પહેલાં બિહારમાં તેમના એક આગેવાને ભાષણમાં કહ્યું હતું કે વલ્લભભાઈ, નેહરુ અને (મૌલાના) આઝાદને ફાંસીએ લટકાવવા જોઈએ. ... મહારાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં ગાંધીજીનો ખૂની જે જ્ઞાતિનો હતો તે બ્રાહ્મણ લોકો સામે, હિંસ્ર હુમલાઓ થયા તે વલ્લભભાઈ સાંખી શક્યા નથી. ગુનેગારો સામે મુંબઈ સરકારે હળવા હાથે કામ લીધું તે માટે તેમણે (બાળાસાહેબ) ખેરને ઠપકો પણ આપ્યો હતો.'

ખેર સરકારમાં ગૃહમંત્રી મોરારજી દેસાઈ હતા એ અત્રે નોંધવાની જરૂર ખરી. ગાંધીજીના પ્રપૌત્ર તુષાર અરુણ ગાંધીલિખિત 'લેટ્સ કિલ ગાંધી' નામક ગ્રંથમાં ગાંધીજીના હત્યારા નથુરામ ગોડસેના સંઘ અને પછીથી હિંદુ મહાસભા સાથેના સંબંધ અને મોરારજીની ભૂમિકાની વિશદ છણાવટ કરી છે. એ અત્રે નોંધવાનું ઉચિત લેખાશે. લોકનાયક જયપ્રકાશ નારાયણ સહિતના સમાજવાદીઓ અને સામ્યવાદીઓએ તો ગાંધીજીની હત્યા માટે વલ્લભભાઈ પર દોષારોપણ કર્યું ત્યારે વ્યથિત સરદાર પટેલે એ આક્ષેપને નકારી કાઢ્યો હતો. રાજમોહને આ નોંધ્યું છે સાથે જ નેહરુ

અને સરદારની સંઘ વિશેની મતભિન્નતાને પણ એમણે સ્પષ્ટ કરી છે. ''નેહરુ આ સંઘને ફાસીવાદી માનતા હતા. વલ્લભભાઈ સંઘને દેશભક્ત, પણ ખોટા માર્ગે ચાલનાર સંસ્થા ગણતા હતા. કેટલાંક સ્થળોએ સંઘે ગાંધીજીની હત્યાનો ઉત્સવ ઉજવવાના સમાચાર મળ્યા પછી વલ્લભભાઈને ખાતરી થઈ કે 'સંઘ અત્યંત જોખમી પ્રવૃત્તિઓ' ચલાવે છે અને તેના પર પ્રતિબંધ મૂકવાની તેમણે સંમતિ આપી.''

સરદાર પટેલના વી. શંકર સંપાદિત પત્રવ્યવહારના ભાગ-૨માં રજૂ થયેલા પત્રો વાંચવામાં આવે ત્યારે જ રાજનેતાઓ પોતાને અનુકૂળ તારણો સાથે ઈતિહાસનાં તથ્યોને કેવાં વિકૃત કરે છે એનો અંદાજ આવી શકે છે. સરદારે નેહરુના ૨૬ ફેબ્રુઆરી ૧૯૪૮ના પત્રના અનુસંધાને ૨૭ ફેબ્રુઆરી ૧૯૪૮ના રોજ લખેલા પત્રમાં નોંધ્યું છે : '...આ નિવેદનોમાંથી એ પણ સ્પષ્ટ બહાર આવે છે કે આર.એસ.એસ. આમાં બિલકુલ સંડોવાયેલો નહતો. હિંદુ મહાસભાની સાવરકરના હાથ નીચેની એક ઝનૂની પાંખે આ કાવતરું ઘડ્યું હતું અને પાર ઉતાર્યું હતું.' બેરિસ્ટર સ્વાતંત્ર્યવીર સાવરકર હિંદુ મહાસભાના સર્વોચ્ચ અને સર્વસ્વીકૃત નેતા હતા. ૧૯૫૧માં ડૉ. શ્યામાપ્રસાદ મુખરજીના નેતૃત્વમાં સંઘના દ્વિતીય સરસંઘચાલક માધવ સદાશિવ ગોલવલકર(ગુરૂજી)એ ભારતીય જનસંઘની સ્થાપના કરાવી. એ જ ભારતીય જનસંઘનો વર્તમાન અવતાર ભારતીય જનતા પાર્ટી. ડૉ. મુખરજી પણ સાવરકરની હિંદુ મહાસભાના અધ્યક્ષ રહ્યા અને તેમણે નેહરુ સરકારમાં ઉદ્યોગ પ્રધાન તરીકે સેવા આપી. મતભેદ થતાં તેમણે રાજીનામું આપ્યું અને આર.એસ.એસ.ની રાજકીય પાંખ ભારતીય જનસંઘના તેઓ સંસ્થાપક બન્યા.

સરદાર પટેલે નેહરુને લખેલા ઉપરોક્ત ૨૭ ફેબ્રુઆરી ૧૯૪૮ના પત્રમાં જ નોંધવામાં આવ્યું છે : 'આર.એસ.એસ. જેવી ગુપ્ત સંસ્થાના સભ્યોની નોંધ હોતી નથી, રજિસ્ટરો હોતાં નથી એટલે અમુક ચોક્કસ માણસ એનો સક્રિય સભ્ય છે કે નહીં તે વિશે આધારભૂત માહિતી મેળવવી એ બહુ મુશ્કેલ કામ બની જાય છે. આમ છતાં, મને ખાતરી આપવામાં આવી છે કે દિલ્હીમાં આર.એસ.એસ.ના તમામ અગત્યના કાર્યકરોને પકડી લેવામાં આવ્યા છે... હું બરાબર સમજું છું કે દિલ્હી કે બીજે સ્થળે પોલીસ અને સ્થાનિક સત્તાવાળાઓમાં આર.એસ.એસ. પ્રત્યે સહાનુભૂતિ ધરાવનારાઓની સંખ્યા સારા પ્રમાણમાં છે. પણ અહીં પણ મુશ્કેલી આવા માણસોને શોધી કાઢવાની છે.'

ગાંધીજીની હત્યામાં આર.એસ.એસ.ને નિર્દોષ ઠરાવવા માટે સરદાર પટેલના ૨૭ ફેબ્રુઆરી ૧૯૪૮ના પત્રના અધકચરા અંશોનો સહારો લેવામાં આવે છે, પરંતુ સરદારે જ ૧૮ જુલાઈ ૧૯૪૮ના રોજ પોતાના સાથી-પ્રધાન ડૉ. શ્યામાપ્રસાદ મુખરજીના ૧૭ જુલાઈ ૧૯૪૮ના પત્રના ઉત્તરમાં લખેલા પત્ર ભણી આંખ આડા કાન કરવામાં આવે છે.

સરદાર ૧૮ જુલાઈ ૧૯૪૮ના પત્રમાં નોંધે છે : ''આર.એસ.એસ. અને હિંદુ મહાસભાની બાબતમાં કહેવાનું કે ગાંધીજીના ખૂનનો કેસ હજુ અદાલતમાં છે એટલે આ બે સંસ્થાઓએ તેમાં ભાગ લીધેલો કે નહીં તે વિશે હું કાંઈ કહેવા ઈચ્છતો નથી. પણ અમારા અહેવાલો એટલી વાતનું તો સમર્થ કરે જ છે કે આ બે સંસ્થાઓની, અને ખાસ કરીને આર.એસ.એસ.ની પ્રવૃત્તિઓના પરિણામે દેશમાં એક એવું વાતાવરણ ઉત્પન્ન થયું હતું જેમાં આવો ત્રાસ છૂટે તેવો કરુણ બનાવ શક્ય બન્યો. મારા મનમાં જરાયે શંકા નથી કે હિંદુ મહાસભાનો અંતિમવાદી વિભાગ આ કાવતરામાં સંડોવાયેલો હતો. આર.એસ.એસ.ની પ્રવૃત્તિઓ સરકાર અને રાજ્યના અસ્તિત્વને જ સ્પષ્ટ જોખમરૂપ હતી. અમારા અહેવાલો બતાવે છે કે આ પ્રવૃત્તિઓ પ્રતિબંધ હોવા છતાં બંધ થઈ ગઈ નથી. ખરેખર તો વખત જાય છે તેમ, આર.એસ.એસ.નાં વર્તુળો વધુ અવજ્ઞા કરતાં જાય છે અને તેમની વિદ્રોહી પ્રવૃત્તિઓમાં વધુ ને વધુ રમમાણ બનતાં જાય છે.''

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ પરનો પ્રતિબંધ ગૃહમંત્રી તરીકે સરદારે જ લાદ્યો હતો અને એ ઊઠાવી લેવા માટે એમણે ઘણી કડક શરતો લાદી હતી, એ વાત રખે ભૂલાય. સરદાર 'હિંદુ રાષ્ટ્ર'ને ગાંડાઓનો ખ્યાલ ગણતા હતા.

સરદાર પટેલે ગાંધીજીની હત્યાની સાંજે દેશવાસીઓ જોગ સંદેશમાં કહેલા શબ્દોનું આજના શાસકોએ પણ સ્મરણ કરવા જેવું છે. 'આજનો પ્રસંગ દુઃખનો છે, ગુસ્સાનો નહીં. ગુસ્સો તો ગાંધીજીના આયખાના મહાન બોધને વીસારે પાડે છે. એમના જીવતેજીવ તો આપણે એમની સલાહ માની નહીં અને હવે રખેને એવું કહેવાય કે તેમના મૃત્યુ પછીય એમની વાતને અનુસરવાનું ચૂક્યા. આવી વાત તો આપણા કપાળે કાળી ટીલી સમાન લેખાશે.' મહાત્માની ચીરવિદાયનાં ૬૬ વર્ષ પછી પણ એમનો સત્ય અને અહિંસાનો સંદેશ સૌથી વધુ પ્રસ્તુત છે.

(સીવીએમ બંગલો-૧૧, ગો.જો. શારદા મંદિર સામે,
ભાઈકાકા સ્ટેચ્યૂ પાસે, વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦
મો.: ૯૮૯૮૫૪૩૮૮૧)

॥ આપણો વારસો અને વૈભવ ॥
(પદ્ય વિભાગ)

## પધારો પિયર ભણી

રામ લક્ષ્મણ વનમાં સીધાવતાં, સતી સીતાને આવતાં સાથ;
કહે રઘુનાથ, પધારો પિયર ભણી.
નહીં તો અહીં રહો સાસરાના રાજમાં,
હેતે હળીમળી સાસુ સંગાત; નહીં તો જોડી હાથ... પધારો...
અમે વસ્તીમાં નહીં વસીએ વનિતા, અમે કરશું જઇ વનવાસ,
તમો પામો ત્રાસ. પધારો....
સાથે રથ કે ઘોડું નહીં રાખીએ, નહીં રાખીએ દાસી કે દાસ;
કોઇ અમ પાસ. પધારો પિયર ભણી...
.....
વનમાં નથી મંદિર નથી માળિયાં, નથી પોઢવા કાજ પલંગ;
રંગિત નવ રંગ; પધારો પિયર ભણી...
કરશું ઘાસ કે પાનની ઝૂંપડી, સૂવા સાથરો તે ખૂંચે અંગ;
એમાં શો ઉમંગ. પધારો પિયર ભણી...
વનમાં હીરનાં ચીર તો નહીં મળે વનમાં નહીં મળે ફરતાં ફૂલેલ
કે તેલ ધૂપેલ; પધારો પિયર ભણી.....
વનમાં નહીં મળે શાણી સાહેલીઓ, કરશો કો સંગે ખાંતથી ખેલ;
ઉમંગ ભરેલ. પધારો પિયર ભણી...
ઉષ્ણ કાળે વાશે ઉના વાયરા, એવું દેખીને થાશો ઉદાસ;
જ્યારે જેઠ માસ; પધારો પિયર ભણી...
વરસે મેઘ ને ઝબકશે વીજળી, તેવે ટાણે તો તરુ તળે વાસ
નહીં છત્ર પાસ. પધારો પિયર ભણી....
વનમાં ઘાતકી રહે છે રાક્ષસ ઘણા, ચારે તરફ ફરે બહુ ચોર;
જેનું ઘણું જોર; પધારો પિયર ભણી...
વનમાં વાઘ વરૂને વાંદર જેવાં, ઘણાં વિચરે જનાવર ઘોર;
બચે નહીં ઢોર. પધારો પિયર ભણી....
મોટા પર્વત દેખીને માનની, તમે નજરે જોયા નહીં જાય;
દીઠે ખાવા ધાય; પધારો પિયર ભણી...
તમે રાજકન્યા કાયા કોમળી, વનવાસનાં દુઃખ ન વેઠાય;
કાયા કરમાય. પધારો પિયર ભણી...
રાજા જનકજી તમને ઝંખે ઘણું, તેના સંદેશા આવે સદાય;
તેડાં પાછાં જાય. પધારો પિયર ભણી...
રૂડી મિથિલાપુરી મનમાનતી, તેમાં પામશો પરમ વિરામ;
છે બાપનું ગામ. પધારો પિયર ભણી...

● દલપતરામ

## રામ તમે સીતાજીની તોલે ના આવો

દયાના સાગર થઇને કૃપા રે નિધાન થઇને
છો ને ભગવાન કહેવડાવો!
પણ રામ, તમે સીતાજીની તોલે ન આવો.
સોળે શણગાર ધરીને મંદિરને દ્વાર તમે
ફૂલ ને ચંદનથી પૂજાઓ...
પણ રામ, તમે સીતાજીની તોલે ન આવો.
કાચા રે કાન તમે ક્યાંના ભગવાન?
તમે અગ્નિપરીક્ષા કોની કીધી?
તારો પડછાયો થઇ જેણે વગડો રે વેઠયો
એને લોકોની વાતે ત્યાગી દીધી?
પતિ થઇ પત્નીને પારખતાં ન આવડી?
છો ને ઘટઘટના જ્ઞાતા થઇ ફુલાઓ!
પણ રામ, તમે સીતાજીની તોલે ન આવો.
તમથીયે પહેલાં અશોકવનમાં
સીતાજીએ રાવણને હરાવ્યો
દૈત્યોની વચમાં એ એકલડી નાર
તોયે દશમાથાંવાળો ત્યાં ન ફાવ્યો.
મરેલાંને માર્યો એમાં કર્યું શું પરાક્રમ?
અમથો વિજયનો લૂંટો લ્હાવો!
પણ રામ, તમે સીતાજીની તોલે ન આવો.

● અવિનાશ વ્યાસ

## મહાવીર જયંતી નિમિત્તે



મહાવીર સ્વામી (જ.ઈ.પૂ. ૫૯૯, ક્ષત્રિયકુંડપુર; નિર્વાણ: ઈ.પૂ. ૫૨૭, પાવાપુરી, બિહાર): જૈન ધર્મના ચોવીસમા તીર્થંકર. તેમનું જન્મસ્થળ ક્ષત્રિયકુંડપુર એ પટણાથી થોડા માઈલ દૂર આવેલું આજનું બસાડ ગામ હોવાનું ઇતિહાસકારો માને છે. મહાવીરના પિતાનું નામ સિદ્ધાર્થ અને માતાનું નામ ત્રિશલા હતું. તેમના પિતા જ્ઞાતૃવંશીય ક્ષત્રિય હતા. માતા ત્રિશલાદેવી વૈશાલીના ગણસત્તાક રાજ્યના અધિપતિ ચેટકની બહેન થતાં હતાં. આમ મહાવીર તત્કાલીન સત્તાધારી ક્ષત્રિય રાજવંશો સાથે સંકળાયેલા હતા.

જૈન પુરાણો અનુસાર મહાવીરનો જીવ પ્રથમ તો ઋષભદત્ત નામે બ્રાહ્મણની ભાર્યા દેવાનંદાની કુક્ષિમાં ગર્ભરૂપે અવતરેલ અને પછી સૌધર્મેન્દ્રે તેનું હરણ કરી ત્રિશલાની કૂખમાં મૂક્યો. ત્રિશલાએ ચૈત્ર માસના શુક્લપક્ષની તેરસની તિથિએ ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રમાં વર્ધમાનને જન્મ આપ્યો હતો. બાલ્યાવસ્થાથી જ વર્ધમાન આત્મોન્મુખ બન્યા હતા. જૈનોના દિગંબર સંપ્રદાય અનુસાર વર્ધમાન પરણ્યા ન હતા. જ્યારે શ્વેતાંબર સંપ્રદાય પ્રમાણે સમરવીર નામના રાજાની રાણી પદ્માવતીની પુત્રી યશોદા સાથે કુમાર વર્ધમાનનાં લગ્ન થયાં હતાં. યશોદાને પ્રિયદર્શના નામે પુત્રી પણ થઈ હતી અને તેના જમાલિ નામે ક્ષત્રિયકુમાર સાથે લગ્ન પણ થયાં હતાં.

માતા-પિતાના સ્વર્ગવાસ પછી ત્રીસ વર્ષની યુવાવસ્થામાં જ કુમાર વર્ધમાન સંસારના સુખવૈભવ આદિનો ત્યાગ કરી ત્યાગી બની ગયા. ત્રીસ વર્ષ સુધી તેમણે જે ગૃહવાસ સ્વીકાર્યો હતો તેનું મુખ્ય કારણ પણ પોતાનાં માતા-પિતા તેમ જ મોટાભાઈની ઇચ્છાને માન આપવા પૂરતું જ હતું. સંસારમાં રહેવા છતાં તેમનું મન સાંસારિક પદાર્થોમાં આસક્ત ન હતું. અંતિમ વર્ષમાં તો તેમણે પોતાની પાસે જે કંઈ હતું તે બધું દીન-દુખિયાંને આપી દીધું હતું અને પોતે અકિંચન બની ઘરબાર છોડી ચાલી નીકળ્યા હતા. તેમણે ગૃહસ્થજીવન છોડી, કઠોર તપસ્યાનો પ્રારંભ કર્યો. આ બાર વર્ષના તપસ્યામય જીવન દરમિયાન તેમને અનેક ઉપસર્ગો અને પરિષહો વેઠવા પડ્યા. કાનમાં ખીલા જેવાં કાષ્ઠશૂળ ઠોકાવાથી માંડી ચંડકૌશિક સર્પના દંશ જેવા ઉપસર્ગો સહન કરવા, અનેક દિવસોના લાંબા-લાંબા ઉપવાસ કરવા, રાઢ દેશ જેવા જંગલી પ્રદેશના નિર્દય લોકોની વચ્ચે સમતાભાવથી વિહરવું; જેવી વિકટ અગ્નિપરીક્ષામાંથી પસાર થઈ બાર વર્ષના અંતે વર્ધમાનને કેવળજ્ઞાન અર્થાત્ સર્વ જીવ-જગતનું સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત થયું. અપાપા નગરી(હાલની પાવાપુરી)ની નજીક જૂંભિક ગામની બહાર ઋજુવાલુકા નામની નદીના કિનારે એક શાલવૃક્ષની નીચે ભગવાન મહાવીરને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું હતું. તે દિવસ વૈશાખ સુદ દશમનો હતો. હવે મહાવીર સાધક મટી વીતરાગતાને પામી, તત્ત્વનો સાક્ષાત્કાર કરી, સંબુદ્ધ કેવલી અર્થાત્ સર્વજ્ઞ તથા સર્વભાવદર્શી બન્યા. તેઓ જિન અને તીર્થંકર બન્યા.

ભગવાન મહાવીરે તત્કાલીન લોકભાષા એટલે કે બિહારની તે વખતની ભાષા, હાલ જેને આપણે અર્ધમાગધી તરીકે ઓળખીએ છીએ, તે ભાષામાં ઉપદેશ આપ્યો હતો. ગણધરોએ તેમનો ઉપદેશ શબ્દબદ્ધ કરી લીધો હતો. આ ઉપદેશના બાર ગ્રંથો દ્વાદશાંગી તરીકે ઓળખાય છે. આમાંનું અંતિમ અંગ લુપ્ત થયેલ છે.

ભગવાન મહાવીર ત્રેવીસમા જૈન તીર્થંકર પાર્શ્વનાથની જ પરંપરામાં થયેલા એટલે તેમણે પાર્શ્વનાથના અતુર્યામ ધર્મ અર્થાત્ ચાર વ્રતવાળા ધર્મમાં સુધારો કરી પંચમહાવ્રત રૂપી આચારધર્મની પ્રરૂપણા કરી. આ પાંચ મહાવ્રતો છે: (૧) અહિંસા, (૨) સત્ય, (૩) અસ્તેય, (૪) બ્રહ્મચર્ય અને (૫) અપરિગ્રહ. આચારમાં અહિંસાને કેન્દ્રવર્તી સ્થાન આપી વિચારમાં

મહાવીરે સ્યાદ્વાદ કે અનેકાન્તવાદની પ્રરૂપણા કરી. આત્મશુદ્ધિ માટે આંતર-બાહ્ય તપશ્ચર્યાને પણ તેમણે મહત્ત્વપૂર્ણ સ્થાન આપ્યું હતું.

ચાતુર્માસ માટે પાવાપુરીમાં આવેલા ભગવાન મહાવીરે અંતિમ દેશનાનો પ્રારંભ કર્યો. એમની અંતિમ દેશના સતત સોળ પ્રહર અર્થાત્ ૪૮ કલાક સુધી વરસતી રહી. પાવાપુરીના હસ્તિપાલ રાજાના તલાટીની કચેરીમાં ત્રણ મહિના વીતી ગયા હતા અને ચોથો મહિનો અડધો પૂરો થયો હતો. ભગવાન મહાવીરના નિર્વાણનો સંકેત મળતાં દેવો અને માનવોમાં ગમગીની છવાઈ ગઈ હતી. જે રાત્રિએ ભગવાન મહાવીરનું પરિનિર્વાણ થયું તે રાત્રે ઇન્દ્રરાજે મોહની દારુણ પળો પર વિજય મેળવીને સ્વસ્થ થઈને દીપક પેટાવવાનું કહેલું. અમાવાસ્યાની એ રાત અને દીપકોથી ઝળહળી ઊઠી વિક્રમ સંવત પૂર્વે ૪૭૦(ઈ.પૂ. ૫૨૭)માં લોકોએ દીપકો પ્રગટાવી પ્રભુ મહાવીરના નિર્વાણનો ઉત્સવ રચ્યો. ત્યારથી દીપાવલિ પર્વ ઊજવવાની પરંપરા છે.

ભગવાન મહાવીરે પ્રચલિત વર્ણવ્યવસ્થાને મહત્ત્વ આપવાને બદલે ચારિત્ર્યની મહત્તા સ્થાપી અને કહ્યું કે કર્મથી બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર થવાય છે. એમણે કહ્યું કે પોતાની જાત સાથે યુદ્ધ કરો દુર્જેય યુદ્ધમાં જે હજારો યોદ્ધાઓને જીતે છે એને બદલે જે એકલો પોતાની જાતને જીતે છે એનો વિજય પરમ વિજય છે. સાડા બાર વર્ષના સાધનાકાળ દરમિયાન મહાવીરે માત્ર ૩૪૯ દિવસ અને તેય એક જ ટંક જે આહાર મળ્યો તે લીધો. બાકીના દિવસોમાં અન્ન તો ઠીક, પણ પાણીયે લીધા સિવાય ઉપવાસ કર્યા. સાધક જીવનના ૪,૫૧૫ દિવસમાંથી ૪,૧૬૬ દિવસ તો નિર્જલા તપશ્ચર્યા કરી. હજારો ગાઉ પગપાળા ચાલ્યા. માથા પર છત્ર નહિ; પગમાં પગરખાં નહિ; દેહ પર વસ્ત્ર નહિ. એમણે માનવીના આત્મબળનો મહિમા કર્યો. ઈશ્વરકૃપા પર આધાર રાખીને પ્રારબ્ધના આધારે જીવતા માણસની ગુલામી અને નિષ્ક્રિયતા દૂર કરી પુરુષાર્થનો ઉપદેશ આપ્યો હતો.

**– રમણીક શાહ**

રવિવાર ૧૩ એપ્રિલ ૨૦૧૪ના રોજ મહાવીર જયંતી છે.)

---

***// પ્રતિભાવ //***

માર્ચ ૨૦૧૪ના 'વિ'માં મુરબ્બી શ્રી દેવેન્દ્રભાઈ ઓઝા 'પ્રતિભાવ'માં જણાવે છે કે 'મારા પિતાએ જ 'વળા'નું નામ બદલીને મૂળ 'વલભીપુર' રાખવા સૂચવ્યું હતું.' – આ માહિતી 'વલભી'ના ઇતિહાસલેખન માટે ઉપયોગી છે. 'વળા'માંથી ગામનામ 'વલભી' કોના દ્વારા અને કયા ઠરાવથી થયું તથા તેની જે કંઈ કાર્યવાહી થઈ તેના વિશે મુ. દેવેન્દ્રભાઈ હજુ વધુ પ્રકાશ ફેંકે તેવી વિનંતી છે.

આપણા ઇતિહાસ ગ્રંથોમાં ૨૫મી મે ૧૯૪૫ના રોજ 'વળા'નું નામ 'વલભી' રાખવામાં આવ્યું એવી નોંધ મળે છે. ('ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ' ગ્રંથ-૩/પૃ. ૧૮,૨૫/પ્ર.આ. ૧૯૪૭) રાજસત્તાની નજરે આ સમયે વળાની ગાદીએ ગંભીરસિંહજી ગોહિલ છે, જેમણે ૧૯૪૭ પછી સૌરાષ્ટ્ર રાજ્યમાં વળાનું વિલીનીકરણ સ્વીકાર્યું.

શ્રી દેવેન્દ્રભાઈના પત્ર મુજબ ૧૯૪૫-૪૬ના વર્ષોમાં તેઓ પોતે જ વળા-વલભીપુરમાં છે. આ સમયે જૈન દસ્તાવેજોની લાઈબ્રેરી પણ તેમણે જોઈ છે. આ બધાની વિગતો ઉપયોગી થઈ રહે તેવી છે. હાલ વલભીપુરમાં પાર્શ્વનાથનું શિખરબંધ મંદિર અને શ્રી વૃદ્ધિચંદ્રજી જૈન પુસ્તકાલય છે. એવું મનાય છે કે આપણા નવલથાકાર નારાયણ વસનજી ઠક્કુર (૧૮૮૦-૧૯૩૮) પોતાની ઐતિહાસિક નવલકથા 'અનંગભદ્રા અથવા વલભીપુરનો વિનાશ' (૧૯૧૮) આ લાઈબ્રેરીનો ઉપયોગ કરીને લખે છે.

ખેર, ઈ.સ. પૂર્વેનું 'વલભી' ઈ.સ.ના આરંભમાં, સંસ્કૃતમાંથી પ્રાકૃતમાં રૂપાંતર થવા લાગેલી ભાષામાં 'વલહી' થયું છે. બીજી સદીનો ગ્રીકપ્રવાસી તોલેમી 'બલઈ' નોંધે છે. આ વલભી–વલહી–બલઈ, સાતમી સદીના ચીન પ્રવાસી હ્યુ-એન-સંગમાં 'ફલપિ' તરીકે નોંધાય છે અને દસમી સદીથી ઉદ્ભવ પામી રહેલી પ્રાદેશિક ભાષા 'ગુજરાતી'માં 'વલા-વળા' બને છે. આ 'વળા'ના નિવાસી તે જ 'વાળા' છે. 'વાળા' બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર – એમ હિન્દુઓના ચારે વર્ણમાં મળે છે. સૌરાષ્ટ્રમાં વાળા રાજપૂતોનું રાજ્ય અગિયારમી સદીથી અને વાળા કાઠી રાજ્ય ચૌદમીથી મળે છે. વળાનું સ્વતંત્ર ગોહિલ રાજ્ય ૧૭૬૪થી છે, જેનો એક શિલાલેખ મારા તરફથી 'બુદ્ધિપ્રકાશ' જૂન ૧૯૮૧માં પ્રસિદ્ધ થયેલો છે.

મૂળનું 'વલભી', દસમી સદીથી 'વળા' બન્યું અને 'વળા'માંથી ૧૯૪૫માં પુનઃ 'વલભી' થયું તે ઘણો અગત્યનો મુદ્દો છે. ફરી વિનંતીઃ દેવેન્દ્રભાઈને ૧૯૪૫ની જે કંઈ વિગત સ્મૃતિમાં હોય તે લખે. આપણે ઉપકૃત થઈશું.

**– નરોત્તમ પલાણ, પોરબંદર**

## નડતી નથી

• નીલેશ પટેલ

આંસુ જેવા આંસુને પણ આંખ સાચવતી નથી,
એક ટીપા જેટલી પણ એ દયા કરતી નથી.

જિંદગી પોતાની રીતે જીવવા મળતી નથી,
પ્રાર્થના ભગવાનને કરવી હવે ગમતી નથી.

કોઈ દિ' મુશ્કેલી આવે તો એ રીતે આવે છે,
મોજાની માફક એ આવીને પરત વળતી નથી.

એમ પીડાઓ હૃદય પર આવીને ચોટી ગઈ,
ધૂળ પર જળ રેડવાથી ધૂળ પણ ઊડતી નથી.

આંખ વાંચે છે અભણ માણસ સહેલાઈથી પણ,
એને છાપાના આ અક્ષરમાં ખબર પડતી નથી.

જાતને ફેલાવવા આઝાદી હોવી જોઈએ,
કોલસાની રાખ ચુલામાં કદી ઊડતી નથી.

(શ્રી કલ્યાણી ટ્રેડર્સ, સાયણ-ઓલપાડ રોડ, મુ. પરીઆ,
પો. સાયણ, તા. ઓલપાડ, જિ. સુરત ૩૯૪ ૧૩૦.
મો.: ૯૯૦૯૬૩૨૨૯૧)

## આણંદના રેલ્વે સ્ટેશનના દાદરે...

• રાજેન્દ્રસિંહ ગોહિલ 'રાજર્ષિ'

દાદર ઊભો છે કોઈની
રાહ જોતો
સામે સેવનનું વૃક્ષ
પાશ્વભૂમિકામાં સમયને
લઈને દોડી જતી ટ્રેન
તડકાને ખળભળાવતી
વ્હીસલ
પગના સહારે દોડતા લોકો
આસોપાલવમાં ઝૂલતો
પવન, આંખમાં ખૂંચતું
દૂર જમણી બાજુ રેલવેના
અધિકારીના નામનું પાટિયું
વિખરાઈ જતી ક્ષણો
હાથમાં હાથ
આંખમાં આંખ
ટેરવાં વાત કરે ટેરવાં સાથે
કીકી ઊતરે છે એકબીજામાં
અહીં વીતેલો સમય
જીવે છે
મારામાં
મારી શિરાઓમાં
મારા કોષે કોષમાં...
જીવન બનીને...

(સરકારી આર્ટ્સ કૉલેજ, કુતિયાણા, પોરબમંદર

## રાતોય જાગું
(ગઝલ)

હરીશ પંડ્યા

પ્રેમમાં ના રાજ માગું,
જે મળ્યું છે એય ત્યાગું.

એક હો ધબકાર ઉરનાં,
સંકટોથી ના જ ભાગું.

હાજરી એની નથી તો,
રાતની રાતોય જાગું.

પ્રેમમાં રાખી કસર ના,
જાતને પણ રોજ તાગું.

ઓગળે અસ્તિત્વ મારું,
હું પરાયો કેમ લાગું?

(ડી-૧, ત્રિલોચન સોસાયટી, ઘોઘા જકાત નાકા પાસે, રીંગ રોડ,
સુભાષનગર, ભાવનગર ૩૬૪ ૦૦૧.
મો.: ૯૪૨૮૪૦૧૬૨૭)

## Draught of Sunshine

Hence Burgundy, Claret, and Port,
Away with old Hock and maderia,
Too earthly ye are for my sport,
There's a beverage brighter and clearer.
Instead of a pinful rummer.
My wine overbrims a whole summer.
My bowl is the sky.
And I drink at my eye.
Till I feel in the brain
A Delphian pain –
Then follow, my Claius! then follow:
On the green of the hill
We will drink our fill
Of golden sunshine,
TIll our brains intertwine
With the glory and grace of Apollo!
God of the Meridian,
And of the East and West,
TO thee my soul is flown,
ANd my body is earthward press'd. –
It is an awful mision.
A terrible division,
And leaves a gulph austere
To be fill'd with wordly fear.
Aye, when the soul is fled
To high above our head.
Affrighted do we gaze
After its airy maze,
As doth a mother wild.
When her young infant child
is in an eagle's claws –
Of madness? – God of SOng,
Thou bearest me along
Through sights I scarce can bear.
O let me, let me share
With the hot lyre and thee,
The staid Philosophy
Temper my lonely hours,
And let me see thy bowers
More unalam'd!

**– John Keats**

## આરઝૂ

ખોટ ના નાબિસાત મદિરા તણી આ વિશ્વમાં,
ચઢે ના મસ્તી મસ્તકે લગીરેય એ થકી.
અદકેરી – નિર્ભેળ મદિરા છે મુજ કને
નિર્લજ્જ અફવાથી વાંસ બે ઊંચેરી.
આકાશ આખ્ખુંય જામ મારો –
તપ્ત ગ્રીષ્મી મદિરા થકી છલકાય જામ મારો.
કંટક હજારેક ભોંક્યા તણી ઊઠે વેદના
તહીં લગી પીધા કરું નયનો થકી,
મસ્તકે ચઢે આમણા તબ તક બસ પીધા કરું છું.
વનરાજી ભરે જામ – ધરું હોઠ સૌન્દર્યને
ભરું ઘૂંટ પર ઘૂંટ કંચન સરીખા રવિતેજના.
સાગર દેવ દિશ ચારના, ભરું તવ વૈભવ દિમાગમાં –
'ને પીધા કરું, બસ પીધા જ કરું હું.
ભરું ઉડાન દિવ્યાત્મા સરીખી –
ઢળી જાઉં – લપટી જાઉં મા ધરણી-ખોળે.
ધ્યેયયેય કેવુંક અદકેરું વિચિત્ર વળી નિરાળું
ફાડતું બે ફાડિયાં - સર્જતું ખાઈ મૂંઝવણે ભરેલી.
ગરુડ પંજે બાળ જોઈ થાય વિહ્વળ જ્યમ માવડી –
થાય પાગલ ચિત્ત માહરું અદ્દલ એ જ પેરે.
ઊડી જાય આતમ વ્યોમની પેલે કોરે –
ભયેલ નજર ખોડાતી ઝાંખી ભૂતાવળ માંહ્યે.
સૂર-સંગીત કેરા દેવતા ધર મુજને તવ પડખે,
બેસમજ છું બેખબર છું સૌ સ્વરૂપ તારાંથી –
વિલીન થઈ જાવું મારે તવ વીણા-ઝંકારમાં –
સમાઈ જાવું છે મારે તવ તણા શિવ-સત્વમાં;
મમ જીવન છે એકાકી સંભાળજે નાથ મારા,
વિતાવવી મારે જિંદગી તવ સુંદર ઉપવનમાં.

**– જ્યોતીન્ પટેલ**

('અવિચલ', શાસ્ત્રી માર્ગ, ઑફ બાકરોલ રોડ,
વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦)

# ઇતિહાસપુરુષ બાબાસાહેબ આંબેડકર

હરિ દેસાઈ

(સોમવાર, ૧૪ એપ્રિલ ૨૦૧૪ના રોજ ભારતીય બંધારણ ઘડનારી સમિતિના અધ્યક્ષ ડૉ. બાબાસાહેબ આંબેડકરના જન્મદિન નિમિત્તે)



રાષ્ટ્રનેતા ડૉ. બાબાસાહેબ આંબેડકરના માધ્યમથી રાજકીય લાભ ખાટવાની કોશિશમાં તમામ રાજકીય પક્ષો રહે છે. પ્રશ્ન થવો સ્વાભાવિક છે કે, આંબેડકર ખરેખર કોના ગણાય? મહાત્મા ગાંધીના આગ્રહથી સ્વતંત્રતા પછીની પ્રથમ નેહરુ કૅબિનેટમાં બિનકૉંગ્રેસી એવા પાંચ પ્રધાન હતા. હિન્દુ મહાસભાના ડૉ. શ્યામપ્રસાદ મુખરજી અને ડિપ્રેસ્ડ ક્લાસના ડૉ. આંબેડકરનો એમાં સમાવેશ થતો હતો. બંધારણસભામાં બંધારણ ઘડનારી સમિતિના અધ્યક્ષ તરીકે પણ ડૉ. આંબેડકરનું યોગદાન બેનમૂન હતું. નેહરુ સરકારમાંથી ફારેગ થયા પછી બાબાસાહેબ રિપબ્લિકન પાર્ટી સ્થાપવા ઉત્સુક હતા. એમના જીવતાં એ શક્ય ના બન્યું.

૧૯૫૬ના ઑક્ટોબરમાં એમણે 'હિન્દુ તરીકે જન્મ્યો છું, પણ હિન્દુ તરીકે મરીશ નહીં' એ કલ્પનાની પૂર્તિ કરતાં બૌદ્ધ ધર્મ અંગીકાર કર્યો. એ પછી એ ઝાઝું જીવ્યા નહીં, પણ બાબાસાહેબ આજે પણ 'દલિતોના મસીહા' જરૂર ગણાય. એમનો જન્મદિવસ ૧૪ એપ્રિલ આવે ત્યારે એમને પોતીકા ગણવાની કોશિશમાં તમામ રાજકીય પક્ષ રીતસર ખેંચતાણમાં પડે છે. ખરેખર પ્રશ્ન થાય છે 'બાબાસાહેબ કયા પક્ષના ગણાય?' બધા રાજકીય પક્ષો એમને વટાવવાની કોશિશ કરે છે, સમજ્યા વિના. વાંચ્યા વિના. બાબાસાહેબના વિચારો જાણ્યા વિના. માત્ર 'જય ભીમ' કહીને રાજકારણ ખેલતા રહે છે. કૉંગ્રેસ સાથે એમનો નાહવાનિચોવવાનો સંબંધ નહીં હોવા છતાં દલિત વૉટ બૅંક કાજે એ તેમને પોતાના ગણાવવાનો પ્રયાસ કરે છે. સંઘ-જનસંઘ-ભાજપ સામાજિક સમરસતાને નામે ડૉ. આંબેડકર સાથેના ઘરોબાને તાજો કરવાની કોશિશ કરે છે. કાંશીરામની સાઈકલયાત્રા થકી આરંભાયેલી બહુજન સમાજ પાર્ટીનાં માયાવતીને સત્તાની મહેલાતો સુધી પહોંચાડવામાં આંબેડકરની જ આડશ લેવાતી રહી. એમ તો જીવતે જીવ ડૉ. આંબેડકર જે પક્ષની સ્થાપના કરી ના શક્યા એ રિપબ્લિકન પાર્ટીની એમના અનુયાયીઓએ સ્થાપના કરી. સત્તાલાભ મળી શકે એ મુજબના સ્વાર્થી ભાગલા કરીને રાજકારણ ખેલવાનું પસંદ કર્યું. આંબેડકરને બ્રિટિશ એજન્ટ ગણાવવાના વાજપેયી સરકારમાંના વિનિવેશ પ્રધાન અરુણ શોરિના પુસ્તક સાથે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે પોતાનો સંબંધ નકારવો પડ્યો હતો. હકીકતમાં શોરિનો પ્રશ્ન હતો: આઝાદીની ચળવળમાં આંબેડકર ક્યાં હતા? આવો જ પ્રતિપ્રશ્ન કરી શકાય : 'આઝાદીની ચળવળમાં સંઘ ક્યાં હતો? સામ્યવાદીઓ ક્યાં હતા? હિન્દુ મહાસભા બ્રિટિશ એજન્ટની ભૂમિકામાં ઠરાવ કેમ પસાર કરતી હતી?' ડૉ. આંબેડકરને સમજવાની બાબતમાં બધાએ પેલા અંધજનની દૃષ્ટિએ હાથીના વર્ણનની ભૂમિકા અપનાવી હોય એવું લાગે છે. એમાં તો આંબેડકરને અન્યાય કરી બેસવામાં આવે છે. આંબેડકરે બંધારણ ઘડ્યું હોવા વિશે વિરોધ કરીને એને ૧૯૩૫ના કાનૂનનો ઉતારો લેખાવનારા વિદ્વાનો બંધારણસભાની વિશદ ચર્ચા ભણી આંખમીંચામણાં કરે છે. આંબેડકરને આધુનિક મનુ ગણવામાં આવે છે. જોકે તેમણે રાજકીય ક્ષેત્રમાં પરાજય સ્વીકારવાની તૈયારી રાખી હતી. પણ પોતે ઘડેલા બંધારણના આત્માનું જતન થાય એ વાત છેલ્લે સુધી જાળવવાના પક્ષધર એ રહ્યા.

માર્ચ ૧૯૨૪માં મુંબઈમાં દામોદર હૉલમાં ડૉ. આંબેડકરનું જાહેર જીવન શરૂ થયું. બાબાસાહેબને

### કાશ્મીર ખીણપ્રદેશ પાકિસ્તાનને આપવાની આંબેડકરની તરફેણ

ભારતીય બંધારણ ઘડનારી સમિતિના અધ્યક્ષ ડૉ. બાબાસાહેબ આંબેડકરે જમ્મૂ-કાશ્મીરને માટેની ખાસ કલમ ૩૭૦(એ વેળાની ૩૦૬-અ)નો જોરાદર વિરોધ કર્યો હતો એટલું જ નહીં, આવી કલમ બંધારણસભામાં રજૂ કરવાનો નન્નો ભણી દીધો એટલે વડાપ્રધાન પંડિત જવાહરલાલ નેહરુના વિદેશપ્રવાસના એ દિવસોમાં સરદાર વલ્લભભાઈ પટેલની મદદથી કાશ્મીર બાબતોનો હવાલો સંભાળનાર નેહરુનિષ્ઠ પ્રધાન ગોપાલસ્વામી આયંગાર કલમ ૩૭૦ને બંધારણમાં સામેલ કરાવી શક્યા હતા.

જોકે ડૉ. આંબેડકર મુસ્લિમોની બહુમતીવાળા કાશ્મીરના ખીણપ્રદેશને પાકિસ્તાનને આપવાના સમર્થક હતા. હિંદુ બહુમતીવાળા જમ્મૂપ્રદેશ અને બૌદ્ધ બહુમતીવાળા લડાખને ભારત સાથે જોડીને બાકીનો જમ્મૂ-કાશ્મીરનો હિસ્સો પાકિસ્તાનને આપવાના એ પક્ષધર હતા. ડૉ. આંબેડકરે સ્થાપેલા 'શિડ્યૂલ્ડ કાસ્ટ ફેડરેશન'ના ૧૯૫૨ની લોકસભા ચૂંટણી માટેના ચૂંટણીઢંઢેરામાં પણ તેમણે ઉપરોક્ત ભૂમિકા રજૂ કરી હતી.

**(ધનરાજ ડાહાટલિખિત 'ડૉ. અમ્બેડકર ઔર કશ્મીર સમસ્યા'ને આધારે)**

એ વાત ન સમજાઈ કે કૂતરાં, બિલાડાં મંદિરમાં જાય, પણ દલિત કેમ ન જઈ શકે. બ્રિટિશરો દેશમાંથી વિદાય થયા પછી પેશવાઈ જ પાછી ફરવાની હોય તો એવી આઝાદીનો તેમને ખપ નહોતો. પેશવાઈમાં દલિતોની અવસ્થા એવી હતી કે જાહેર રસ્તા પર એ થૂંકી ના શકે. થૂંકવા માટે ગળામાં કુલડી બાંધવી પડતી અને એ ચાલે એ રસ્તો સાફ થઈ જાય એ માટે કમરે પાછળ સાવરણો બાંધવો પડે. આઝાદી પછી આવો યુગ આવે તો એ ડૉ. આંબેડકરને મંજૂર નહોતો. શોરિ 'વર્શિપિંગ ફૉલ્સ ગૉડ'માં બાબાસાહેબને આ જ કારણસર બ્રિટિશ એજન્ટ ગણાવવાની ગુસ્તાખી કરે છે. સંઘના સંસ્થાપક ડૉ. કેશવ બલિરામ હેડગેવાર કૉંગ્રેસી હતા. સંઘ થકી આઝાદીની ચળવળમાં ભાગ લેવાયો નથી, પણ એમણે વ્યક્તિગત રીતે કૉંગ્રેસી તરીકે જ સત્યાગ્રહમાં ભાગ લીધો છે. જેલવાસ ભોગવ્યો છે. એ વેળા સંઘનું સરસંઘચાલક પદ એમણે અન્યને હવાલે કર્યાની વાત પણ સ્પષ્ટ કરી છે. આંબેડકર થકી વિપુલ સાહિત્ય લખાયું. મહારાષ્ટ્ર સરકારે વસંત મૂનને સાહિત્યનું સંપાદન કરવાની જવાબદારી સોંપી હતી. એના અનેક ગ્રંથ પ્રકાશિત પણ થયા છે. એમાં બાબાસાહેબલિખિત 'વૉટ કૉંગ્રેસ ઍન્ડ ગાંધી હેવ ડન ટુ ધ અનટચેબલ્સ' અને 'પાકિસ્તાન ઓર ધ પાર્ટિશન ઑફ પાકિસ્તાન' એ બંને ગ્રંથોને વિકૃત કરીને આજે આંબેડકરને પોતીકા ગણનારાઓ સંદર્ભ વિનાની વાતો રજૂ કર્યા કરે છે. આંબેડકર કૉંગ્રેસ અને ગાંધીજીના ટીકાકાર હતા એ વાત સાચી, પણ આ ગ્રંથ લખાયો ત્યારે દેશમાં ત્રણ જ મુખ્ય પક્ષ હતાઃ કૉંગ્રેસ, મુસ્લિમ લીગ અને હિન્દુ મહાસભા. એ વેળા પાકિસ્તાનની આગ્રહી મુસ્લિમ લીગ મુસ્લિમોની પાર્ટી હોવાની વકીલાત કરતી હતી. કૉંગ્રેસ હિન્દુઓની પાર્ટી ગણાતી હતી. હિન્દુ મહાસભા બ્રિટિશરોના ખોળામાં બેઠેલી હતી.

ઈતિહાસને બહુ છેડવા જતાં ઘણી વાર કડવી વાતો વર્તમાનમાં નવા ઘા તાજા કરે છે. આંબેડકરને માટેની રાજકીય ઝૂંટાઝૂંટમાંથી આવી જ સ્થિતિ સર્જાવાની શક્યતા રહે છે. ઈતિહાસનાં વિકૃત આકલનો પણ આપણે ત્યાં જોવા મળે છે. 'ગુજરાતી વિશ્વકોશ' ડૉ. આંબેડકરને ૧૯૩૯-૪૦ દરમિયાન શીખ ધર્મ અંગીકાર કરાવે છે. હકીકતમાં ડૉ. આંબેડકરે ૧૯૩૫માં શીખ ધર્મ અંગીકાર કરવાના વિકલ્પનો વિચાર કર્યો હતો, પણ શીખ બન્યા નહોતા. તેમણે છેક ૧૪ ઑક્ટોબર ૧૯૫૬માં બૌદ્ધ ધર્મ અંગીકાર કરીને ભારતીય સંસ્કૃતિની નિકટ રહેવાનું પસંદ કર્યું હતું. એમની સામે હૈદરાબાદના શાસક નિઝામની ઈસ્લામ કબૂલવા માટેની લોભામણી ઑફર હતી છતાં એમણે એને ઠુકરાવી હતી. એમના આ નિર્ણય થકી બાબાસાહેબ સંઘી-જનસંઘી-ભાજપી થઈ ગયા એવું માનવાને પણ કોઈ કારણ નથી. સંઘ પરિવાર સામાજિક સમરસતાના અભિપ્રાયને આગળ વધારવાનો પ્રયાસ કરે એ આવકાર્ય છે. જોકે એમને એ માટે એક 'આઈકન' તરીકે ડૉ. આંબેડકરના વ્યક્તિત્વ કે તસવીરોની જરૂર પડે છે. આ બાબત ઈતિહાસને પોતાની રીતે વળાંકો આપવાની કોશિશ માત્ર જ છે. ધર્માંતર પછી તેઓ

**હિંદુધર્મ ત્યાગીને બૌદ્ધધર્મ અપનાવતાં ૧૯૫૬માં બાબાસાહેબે અનુયાયીઓને લેવડાવેલી ૨૨ પ્રતિજ્ઞાઓ**

(૧) હું બ્રહ્મા-વિષ્ણુ-મહેશને ઈશ્વર માનીશ નહીં અને તેમની પૂજા કરીશ નહીં.
(૨) હું રામ અને કૃષ્ણને ઈશ્વર માનીશ નહીં અને તેમની પૂજા કરીશ નહીં.
(૩) હું ગૌરી-ગણપતિ વગેરે ધર્મનાં કોઈપણ દેવી-દેવતાઓને માનીશ નહીં અને તેમની પૂજા કરીશ નહીં.
(૪) હું એવું કદાપિ માનીશ નહીં કે ઈશ્વરે અવતાર લીધો છે.
(૫) હું એવું કદાપિ માનીશ નહીં કે ભગવાન બુદ્ધ વિષ્ણુનો અવતાર છે. હું તેને પાગલ પ્રચાર સમજીશ.
(૬) હું શ્રાદ્ધ કદી કરીશ નહીં અને પિંડદાન પણ કરીશ નહીં.
(૭) હું બૌદ્ધ ધર્મ વિરુદ્ધ કોઈની વાત માનીશ નહીં.
(૮) હું કોઈપણ ક્રિયાકર્મ બ્રાહ્મણો જોડે કરાવીશ નહીં.
(૯) હું બધાં મનુષ્યો સમાન છે એ સિદ્ધાંત માનીશ.
(૧૦) હું સમાનતાની સ્થાપના માટે પ્રયત્ન કરીશ.
(૧૧) હું ભગવાન બુદ્ધના આર્ય અષ્ટાંગ-માર્ગનું સંપૂર્ણ પાલન કરીશ.
(૧૨) હું ભગવાન બુદ્ધની બતાવેલી દશ પારમિતાઓનું પાલન કરીશ.
(૧૩) હું પ્રાણીમાત્ર પર દયા રાખીશ અને તેનું લાલન-પાલન કરીશ.
(૧૪) હું ચોરી કરીશ નહીં.
(૧૫) હું જૂઠું બોલીશ નહીં.
(૧૬) હું વ્યભિચાર કરીશ નહીં.
(૧૭) હું શરાબ વગેરે માદક પદાર્થનો નશો કરીશ નહીં.
(૧૮) હું મારા જીવનને બૌદ્ધ ધર્મનાં ત્રણ તત્ત્વો જ્ઞાન, શીલ, સમાનતા પર ઢાળવાનો પ્રયત્ન કરીશ.
(૧૯) હું મનુષ્ય માત્રના ઉત્કર્ષ માટે હાનિકારક અને મનુષ્ય માત્રના માટેના અસમાન કે નીચ માનવાવાળા આપણા જૂના હિન્દુ ધર્મનો સંપૂર્ણ રીતે ત્યાગ કરું છું અને ભગવાન બુદ્ધનો ધર્મ સ્વીકારું છું.
(૨૦) મને વિશ્વાસ છે કે બૌદ્ધ ધર્મ જ સદ્ધર્મ છે.
(૨૧) હું એવું માનીશ કે મારો પુનર્જન્મ થઈ રહ્યો છે.
(૨૨) હું પવિત્ર પ્રતિજ્ઞા કરું છું કે આજથી હું બૌદ્ધ ધર્મના શિક્ષણ અનુસાર આચરણ કરીશ.

**(નાગપુરમાં દીક્ષાભૂમિસ્થિત સ્તંભ પર અંકિત લખાણને આધારે)**

વધુ જીવ્યા હોત તો નોખો ઈતિહાસ રચાત. પણ ૬ ડિસેમ્બર ૧૯૫૬ના રોજ જ એમણે આ ફાની દુનિયા છોડી દીધી હતી.

ડૉ. આંબેડકરનું સ્વપ્ન હતુંઃ 'મને સ્વરાજ નહીં મળે તો ચાલશે. મારે મારા બંધુઓની સ્વતંત્રતા અને ઉત્થાન જોઈએ.' ભારતીય મજદૂર સંઘના સંસ્થાપક દત્તોપંત ઠેંગડીએ 'સંકેતરેખા'માં નોંધેલો સંવાદ ખૂબ મહત્ત્વનો છે : 'બાબાસાહેબ દેશની પ્રથમ ચૂંટણી પહેલાં નાગપુર આવ્યા હતા. એમને પ્રશ્ન કરવામાં આવ્યો : 'આપે કહ્યું છે કે, શિડયૂલ્ડ કાસ્ટ ફેડરેશન માત્ર વિરોધ પક્ષની ભૂમિકા ભજવવા માટે ચૂંટણી લડતું નથી, પણ સરકાર બનાવવાની આકાંક્ષા ધરાવે છે. એવું હોય તો તમે કહી શકશો કે, કેટલાં વર્ષમાં આ શક્ય બનશે?' બાબાસાહેબનો ઉત્તર હતોઃ 'આ પ્રશ્ન તમે કોઈ જ્યોતિષીને પૂછી શકો એ જ યોગ્ય ગણાય.' 'છતાં પણ?' ડૉ. આંબેડકરનો ઉત્તર હતોઃ 'આપ જરા ઈંગ્લેન્ડના ઈતિહાસ ભણી નજર કરો. ત્યાં બ્રિટિશ લેબર પાર્ટીની સ્થાપના ક્યારે થઈ અને એના કેટલા દિવસ પછી કયા વર્ષમાં એનું પ્રધાનમંડળ રચાયું હતું?' ૧૯૦૬માં લેબર પાર્ટી સ્થપાઈ અને ૧૯૨૪માં એની સરકાર રચાઈ હતી. જોકે આપણે ત્યાં આંબેડકરનું સ્વપ્ન હજુ અધૂરું જ છે.

(નિયામકઃ સેરલિપ, ભાઈકાકા લાઈબ્રેરી સામે,
વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦. મો.: ૯૮૯૮૫૪૩૮૮૧)

# ધારીનો ઈતિહાસ અને ઍલઍન સાહેબની ઘાસની હેટ


**નરોત્તમ પલાણ**

વીસમી સદીના પાંચમા દાયકાનું આ દૃશ્ય છેઃ

લંડનની શેરીઓમાં 'ઍલઍન' નામથી ઓળખાતા એક વનસ્પતિશાસ્ત્રી, જેમણે 'ઘાસ'ના સંશોધન ઉપર ડૉક્ટરેટ પ્રાપ્ત કરી છે તે, પોતાના હાથમાં ઘાસમાંથી બનાવેલી હૅટનો મોટો થોકડો લઈને દસ દસ પાઉન્ડમાં વેચી રહ્યા છે! અંગ્રેજ નર-નારી આ કલાત્મક ઘાસ–હૅટ ઉપર આફરિન છે. માત્ર વીશ દિવસની આવી ફેરી કરીને હજારો હૅટ વેચીને એ જમાનાના દોઢેક લાખ રૂપિયા લઈને ઍલઍન સાહેબ વડોદરા-અમરેલી થઈને ધારી પાછા આવ્યા છે. ધારી રેલવે સ્ટેશન ઉપર એમને સત્કારવા અદના આદમી સાથે આખું ધારી ઉમટ્યું છે!

ઈ.સ. ૧૭૯૩માં ચિત્તલની લડાઈ પછી ગોહિલ સૈનિકોએ ઉજ્જડ કરી નાખેલા ધારી ગામની સમૃદ્ધ પ્રકૃતિ નિહાળીને એક અંગ્રેજ અફસરે શ્રીમંત ગાયકવાડ સરકારને ધારી ફરી વસાવવા વિનંતી કરી છે. ગાયકવાડ સરકારે તે વખતના અમરેલીના અધિકારી માણેકલાલ નાગરને આપેલા આદેશ મુજબ ઈ.સ. ૧૮૧૧માં ધારીનો વસવાટ પુનઃ શરૂ થયો છે.

ઈ.સ. ૧૮૭૦માં ખંડેરાવ ગાયકવાડનું અવસાન થતાં તેનાં વિધવા જમનાબાઈએ પોતાના દૂરના સગા કાશીરાવના બાર વર્ષના પુત્ર ગોપાલરાવને ૧૮૫૭માં દત્તક લીધો. આ સમયે તેનું નામ 'સયાજીરાવ' રાખવામાં આવ્યું. સયાજીરાવ અઢાર વર્ષના થતાં ૧૮૮૧માં 'સયાજીરાવ-ત્રીજા' તરીકે તેમણે રાજવહીવટ સંભાળ્યો. અઠ્ઠાવન વર્ષના પોતાના સુદીર્ઘ શાસનકાળ દરમિયાન સયાજીરાવ ત્રીજાએ અમરેલી-ધારીનો ઝડપી વિકાસ કર્યો. ગુજરાતી, અંગ્રેજી નિશાળો ઉપરાંત સ્વતંત્ર કન્યાશાળા, જેના અભ્યાસક્રમમાં સંગીત અને વ્યાયામ ફરજિયાત વિષયો હતા. સયાજીરાવ-ત્રીજાને ગુજરાતી ભાષા અને સાહિત્ય પ્રતિ એવો લગાવ હતો કે ૧૯૦૫માં ગુજરાતી સાહિત્ય પરિષદની સ્થાપના



થઈ ત્યારે ધારી ગામમાં અને આજુબાજુના કસ્બાઓમાં ગુજરાતી સાહિત્યનાં પુસ્તકો ભરીને 'ગ્રંથ-ગાડું' ફરતું! દરેક મહાલમાં દલતપરામની કવિતાઓ કંઠાગ્ર કરવાની સ્પર્ધા યોજાતી. જેમાં ધારીનો તેર-ચૌદ વર્ષનો વિદ્યાર્થી ઝીણા દેવચંદ ઠક્કર હંમેશાં આગળ રહેતો. ૧૯૧૧માં આ ઝીણા દેવચંદ ઠક્કરે સ્વામિનારાયણની દીક્ષા લીધી અને ગુજરાતનો સુપ્રસિદ્ધ સંત યોગીજી મહારાજ બન્યો! અમરેલીના અધિકારી અને ગુજરાતના સુપ્રસિદ્ધ નવલકથાકાર રમણલાલ વ. દેસાઈ અને ગુજરાતી ભાષામાં નરસિંહ મહેતાનું પ્રથમ જીવનચરિત્ર લખનાર જયસુખલાલ પુ. જોશીપુરા ત્યારે વિદ્યાધિકારી હતા. જોશીપુરા તો વહેલી નિવૃત્તિ લઈને ૧૯૩૨થી ધારીમાં જ વસી ગયેલા. તેમને બાગાયતનો શોખ હતો એટલે ધારીમાં જમીન ખરીદેલી તથા 'શાંતિકુંજ' નામથી ફળફૂલથી લચેલું ફાર્મહાઉસ બનાવેલું! આ ફાર્મ હાઉસમાં જ આપણા હાસ્ય લેખક પ્રદ્યુમ્ન જોશીપુરાનો ૧૯૩૬માં જન્મ થયેલો. ધારીમાં આજે પણ 'શાંતિકુંજ' છે, જે પ્રદ્યુમ્ન જોશીપુરાના મોટાભાઈ જનાર્દનભાઈ સંભાળે છે. સયાજીરાવ-ત્રીજાની સાર્ધ શતાબ્દી નિમિત્તે જનાર્દનભાઈએ ગાયકવાડી શાસન, ખાસ કરીને સયાજીરાવ-ત્રીજાની કામગીરીની નોંધ લેતી 'ધારીનો ઈતિહાસ' નામની સચિત્ર પુસ્તિકા ૨૦૧૨માં પ્રગટ કરેલી છે.

'ધારી' (જિ. અમરેલી) એવું ગામ નામ કેવી રીતે પડ્યું અને 'ધારી' કેટલું જૂનું વગેરેનો વિચાર કરવા માટે સમગ્ર ધારી પંથકને નજરમાં લેવો પડશે. ધારીના પાદરમાં વહેતી 'શેત્રુંજી' નદી તથા તેને મળતા 'નતાળિયો' અને 'રતનિયો' એવા બે વોંકળા

આપણને ધારીના પૌરાણિક ઇતિહાસનાં દર્શન કરાવે છે. ભગવાન શ્રીકૃષ્ણ યાદવો સાથે સૌરાષ્ટ્રમાં આવ્યા તેની પહેલાં આજના શેત્રુંજા ડુંગરનો આ પ્રદેશ સત્રાજિત નામના યાદવના હાથમાં હતો. સત્રાજિત સૂર્યનો ઉપાસક હતો. 'સૂર્યનો પ્રદેશ' એટલે 'સૌર-રાષ્ટ્ર' એમ આજના 'સૌરાષ્ટ્ર'નું નામકરણ થયેલું છે. 'શેત્રુંજો-શેત્રુંજય' એવા ડુંગરનામમાં પણ 'સત્રાજિત'નો સંસ્કાર છે. સત્રાજિતની પુત્રી 'સત્યભામા'નું પિતૃક નામ 'સત્રાજિતી' હતું. આ 'સત્રાજિતી' ભગવાન શ્રીકૃષ્ણની આઠ પટરાણીઓમાંની એક બનીને આજે 'શેત્રુંજી' એવા નદી નામે જીવે છે.

'શેત્રુંજી' નામે વહેતા ધારીના આ પૌરાણિક ઇતિહાસ સાથે 'નતાળિયો' અને 'રતનિયો' એવા વોંકળાનાં નામોમાં તથા આજુબાજુનાં ગામનામોમાં ધારીનો ઇતિહાસ વાંચી શકાય છે. આ વિસ્તારમાં વસતા વાળા રાજપૂત અને વાળા કાઠી બન્નેના પૂર્વજ મનાતા વલભીના મૈત્રક રાજવીઓનાં તામ્રપત્રોનો આધાર પણ અહીં મળી રહે છે. 'ધારી' એવા ગામ નામ સાથે વલભી-નરેશ ધરસેન અને ધરપટ્ટ તુરત સ્મરણે ચડે છે, આટલું જ નહિ, ધરસેનના એક તામ્રપત્રમાં 'ઝરિ' નામથી જે ગામનો ઉલ્લેખ છે, તે ધારીની બાજુમાં આવેલું આજનું 'ઝર' ગામ છે. 'ઝર' ત્યારે બહુ મોટું ગામ હતું અને આ વિસ્તારની 'સ્થલી' એટલે કે તાલુકા મથક હતું. 'ઝર' પાસેનું 'ખીચા' પણ ઘણા જૂના અવશેષો ધરાવે છે. ખીચા, દેવડા, મથરોટા અને 'દેદા' અથવા 'ઢેઢા' નામથી ઓળખાતી નતાળિયા વોંકળાની સીમ મૂળમાં બૌદ્ધ વિહારો જણાય છે! ધરસેનની ભાણેજ દુદાએ, સંખ્યાબંધ બૌદ્ધવિહારોનું એક 'વિહાર મંડળ' ઊભું કરેલું, જેમાં ભટ્ટારક વિહાર, ગોહક વિહાર, કક્ક વિહાર વગેરે નાના-મોટા વિહારો હતા. સંભવ છે કે આમાંના 'કક્ક વિહાર'ના 'કક્ક'નું 'ખચ્ચ' થઈને 'ખીચા' એવું આજનું ગામનામ આવ્યું હોય! આ અને આવી સંભાવનાને આ વિસ્તારમાંથી મળતા વિશાળ ઈંટોના અવશેષોનો ટેકો મળી રહે છે. અલબત્ત, આ આખા વિસ્તારની પુરાતાત્ત્વિક દૃષ્ટિએ ઊંડી તપાસ હાથ ધર્યા પછી જ નિર્ણય ઉપર આવી શકાય. આજે તો એટલું સમજાય છે કે 'ધારી' હજારેક વર્ષ જૂનું ગામ છે અને તેના 'ધારી' એવા નામની પાછળ કોઈ દેવીદેવતા કે વ્યક્તિનું નામ નથી, પણ ધારી ગામની ભૌગોલિક સ્થિતિ છે.

સૌરાષ્ટ્રમાં હાલ જે ગામનામો છે, તેનો અભ્યાસ કરતાં જણાય છે કે મોટાભાગનાં ગામનામો ત્યાં આવેલી વનસ્પતિના આધારે આવ્યાં છે. અમુક ગામ નામ દેવી, દેવતા કે વ્યક્તિના નામ ઉપરથી છે. અમુક ગામનામમાં ત્યાં આવેલી ભૌગોલિક પરિસ્થિતિ કારણભૂત છે. દીવ, પોરબંદર, ડુંગરપુર, ધ્રાંગધ્રા, વંથલી, છાયા વગેરે નામોની પાછળ જે તે ગામની ભૂગોળ પ્રભાવક રહી છે. દરિયાની વચ્ચે આવેલ છે માટે દ્વીપ-દીવ, દરિયા કિનારે છે માટે બંદર, ડુંગર ઉપર કે પાસે છે એટલે ડુંગરપુર - ગિરનાર, પથ્થરાળ ભૂસ્તર ઉપર વસેલું છે માટે ધ્રાંગધ્રા, જેની ચારે બાજુ વન (જંગલ) છે તે વંથલી તેમજ જે ક્ષારવાળી જમીનમાં વસેલું છે તે ક્ષારજ-છાયા. આમ 'ધારી' એવા ગામનામ પાછળ તે 'ધાર' ઉપર વસેલું છે માટે 'ધારી' એવું સમજાય છે.

ધારીના પાદરમાં 'શેત્રુંજી'ને મળતા બે વોંકળામાંના એકનું નામ 'નતાળિયો' અર્થાત્ જેનું તળ મળતું નથી એવો મતલબ કે ખૂબ ઊંડા પાણીનો ધરો અથવા વહેણ-અહીં વલભી તામ્રપત્રમાં મળતો 'દ્રહ' (ધૂનો) શબ્દ ધ્યાનમાં લેવા જેવો છે. બીજો વોંકળો 'રતનિયો', ઉનાળામાં જેમાં ભેંસો બેસતી અને એના માદણાંમાં દેડકાંની સંખ્યા વધારે જોવા મળતી એટલે લોક બોલીમાં 'ડેડકિયો' — 'ઢેઢકિયો' નામે પણ ઓળખાય છે. આ 'રતનિયો' સાથે કાઠી કન્યા રતનની કરુણ કથા જોડાયેલી છે.

ઈ.સ. ૧૭૦૦ પછી મરાઠાનાં ધાડાં સૌરાષ્ટ્રમાં શરૂ થયાં. આ ધાડાં જોર જુલમ કરીને ખંડણી ઉઘરાવતાં, શક્તિશાળી સાથે ભાઈબંધીનું નાટક કરતાં અને સમય આવ્યે આંટમાં લઈ તેને બરબાદ કરતાં. ૧૭૩૪થી દામાજીરાવ-બીજાએ વડોદરાને વિધિવત રાજધાની બનાવી અને ગાયકવાડ સરકારનો પાયો નાખ્યો. આ પછી તેણે કે તેના સુબાઓએ સૌરાષ્ટ્ર ઉપરનાં આક્રમણો વધારે જલદ બનાવ્યાં. સામ દામ દંડ ભેદની નીતિથી તેણે સૌરાષ્ટ્રના રાજપૂત અને કાઠી રજવાડાને મનફાવે તેમ વેતરવા માંડ્યાં. આમાં અંગ્રેજ કંપનીની કૂટનીતિ પણ ભળી. સૌરાષ્ટ્રના જે દરબારો નમ્યા અને દીકરી પરણાવી તેને જીવતા રાખ્યા તથા જે નમે તેવા નો'તા તેની દીકરી સાથે પ્રેમનું નાટક કરીને તેને બરબાદ કર્યા, જ્યાં આવી તક ન મળી ત્યાં ભાઈ-ભત્રીજા-ભાણેજને અભડાવી, એમને અંદરોઅંદર ખોખરા કરી

પોતાની જોહુકમી લગભગ આખા, સૌરાષ્ટ્ર ઉપર પ્રવર્તાવી. ૧૭૫૦થી ૧૮૨૫ વચ્ચેના પોણો સો વર્ષ સૌરાષ્ટ્રની બરબાદીનાં વર્ષો છે. એક પછી એક કુલ ત્રણ મરાઠા વિગ્રહો થયા, જેમાં ૧૮૧૭ના ત્રીજા અને છેલ્લા વિગ્રહમાં મરાઠાઓએ અંગ્રેજોનું શરણું સ્વીકાર્યું. હવે સૌરાષ્ટ્ર અંગ્રેજોના હાથમાં આવ્યું.

સંભવતઃ ૧૭૪૦ પછીની આ ઘટના છે, ધારીનો કિલ્લો ઠેબાણીવાળા કાઠીઓના તાબામાં હતો. શેત્રુંજી નદીની ઊંચી ધાર ઉપર બંધાયેલા ધારીના કિલ્લાને જીતવો આસાન કામ નો'તું પણ ચાલાક દામાજીરાવે (!) માત્રા વાળા (!) સાથે દોસ્તીનો દેખાવ કર્યો. ભોળા કાઠીએ તેને દરબારગઢમાં પ્રવેશવા દીધો અને જોતજોતામાં રતન સાથે આંખો રમાડી, કિલ્લાની બહાર વોંકળાના રમણીય કાંઠે મુલાકાતો શરૂ થઈ પણ આ સમય દરમિયાન છત્રપતિ શાહુના અવસાનના ખબર આવતાં દામાજીરાવ 'ધારી' કરતાં પણ મોટો સ્વાર્થ સિદ્ધ કરવા ખાનદેશ તરફ રવાના થયો. આ સાથે જ તેણે ધારી, અમરેલી અને વડોદરા પણ ગુમાવ્યું!

કહે છે કે નિર્દોષ કન્યા રતન પોતાના પ્રેમને વફાદાર રહીને આ વોંકળાના કાંઠે ગાંડી બનીને જિંદગીભર ભટકતી રહી! શાંત રાત્રિઓમાં હળુ હળુ વહેતા વોંકળાના અવાજમાં લોકોએ રડતી રતનને કલ્પી તેનું નામ 'રતનિયો' પાડ્યું!

વડોદરામાં ૧૮૭૫માં 'સયાજીરાવ-ત્રીજા' તરીકે દત્તક આવનાર ગોપાળરાવ, મૂળમાં દામાજીરાવના ભાઈનો વંશજ હતો. હવે સમય બદલાઈ ગયો હતો. પ્રજાને બરબાદ કરવા નહિ, આબાદ કરવા સયાજીરાવે કમર કસી અને ધારીનો પુનરુદ્ધાર થયો. ધારીના ડુંગરા-ટેકરા, નદી-વોંકળા અને સિંહની ડણકથી જીવતી ઘેઘુર વનરાજી ઉપર સયાજીરાવ મુગ્ધ હતા. કુદરતના આ સૌંદર્યનો અને વન્યજીવનનો લાભ લઈ શકે તે માટે તેમણે પોતાના પુત્ર પ્રતાપસિંહરાવને ધારીની કુમાર શાળામાં ભણવા બેસાડ્યો હતો. એક વખત ધારીના જંગલમાં સિંહનો શિકાર કરતાં માંચડો તૂટ્યો હતો ત્યારે ધારીના એક કોળી યુવાને પોતાના હાથની કડિયાળી ડાંગથી સિંહને ખદેડ્યો હતો! આ કોળી યુવાનની આદમ કદ પ્રતિમા આજે પણ વડોદરાના કમાટી બાગમાં ધારીની શૌર્યગાથા ગાતી ઊભી છે.

ધારીની આજુબાજુની ટેકરીઓ ઉપર થતું ઘાસ એક વિશિષ્ટ પ્રકારની ચમક અને કુમાશ ધરાવે છે, તે ઘણું ટકાઉ અને ચારા માટે અતિ ઉપયોગી છે. સયાજીરાવ-ત્રીજાએ ૧૯૨૬માં ઉજવાયેલી પોતાના નામકરણની સુવર્ણ જયંતી નિમિત્તે ધારીમાં 'ગ્રાસ સંશોધન કેન્દ્ર'ની સ્થાપના કરી, જેના અધિકારી તરીકે અંગ્રેજ વનસ્પતિશાસ્ત્રી ઍલઍન સાહેબ આવ્યા. ૧૯૨૮માં ધારી પરગણામાં દુકાળ પડ્યો. બન્ને વોંકળા અને શેત્રુંજી સૂકાયાં. ૧૯૩૫થી ઉત્તરોત્તર વધારે ખરાબ હાલત થઈ. ઘાસ ચાહક ઍલઍન સાહેબ સયાજીરાવ પાસે પહોંચ્યા અને શેત્રુંજી ઉપર ડેમ બાંધી આપવા વિનંતી કરી. સયાજીરાવે એક લાખ રૂપિયા મંજૂર કર્યા પણ કામ ચાલુ થાય તેની પહેલાં ૬ઠ્ઠી ફેબ્રુઆરી ૧૯૩૯ના રોજ તેમનું નિધન થયું. આ સાથે જ બીજું વિશ્વયુદ્ધ અને મોંઘવારી વધી. હવે એક લાખ રૂપિયાથી કામ પૂરું થાય તેમ નથી, ખૂટતી રકમ ક્યાંથી મેળવવી? એટલે ઍલઍન સાહેબ ધારીના ઘાસની હજારો હેટ બનાવીને લંડન પહોંચ્યા. આ હેટમાંથી જે આવક થઈ તે લઈને ડૅમનું બાંધકામ પૂર્ણ કરવા પાછા ધારી રેલવે સ્ટેશને ઉતર્યા! આખા પંથકનું માણસ એમને સત્કારવા હાજર રહ્યું. ધારીના પાદરમાં ડૅમ બને, પાણીનો સંગ્રહ થાય, માણસ પશુ પંખી ખેતીવાડી અને ઘાસનાં બીડ ચમકતાં રહે એવી એક મહાન ભાવનાથી પ્રેરાઈને ઍલઍન સાહેબે જે પુરુષાર્થ કર્યો, પોતાના વતનમાં જઈને એ જમાનામાં માતબર કહેવાય એવી રકમ લઈને ધારી પાછા ફર્યા ત્યારે એક પરોપકારી અંગ્રેજ તરીકેની ઍલઍન સાહેબની સુવાસ સર્વત્ર પ્રસરી રહી, પણ કિસ્મત બે ડગલાં આગળ હતું! ધારીના પાદરમાં ડૅમના પાયા ખોદાયા, થોડુંક બાંધકામ થયું ત્યાં આઝાદી, દેશના ભાગલા અને ઍલઍન સાહેબને લંડન પાછા ફરવાનું થયું! શાણા અંગ્રેજે ડૅમની રકમની યોગ્ય યોજના કરીને ધારીની વિદાય લીધી. એમની આંખમાં ધારીની ધારને લીલીછમ જોવાનું જે સ્વપ્નું હતું તે છેક ૧૯૫૪માં 'સૌરાષ્ટ્રના સંયુક્ત રાજ્ય' દરમિયાન સાકાર થયું. ડૅમના ઉદ્‌ઘાટનમાં સહુ કોઈએ ઍલઍન સાહેબને યાદ કર્યા અને એમની કાયમી નિશાની તરીકે ધારીના ઘાસની તેમણે પોતે જ બનાવેલી હેટ ડૅમના ચરણે સ્થાપિત કરી. આજે પણ આ હેટ ત્યાં જ છે!

('ફૂલછાબ'માંથી સાભાર, તા. ૬-૨-૨૦૧૪)

(૩, વાડી પ્લોટ, દર્શન, પોરબંદર ૩૬૦ ૫૭૫)

## સંશોધન સંદર્ભ અને તકેદારી FN/(૧)

બી.એન. ગાંધી

### પાદનોંધ/પાદટીપ/સંદર્ભનોંધ/સંદર્ભ/Foot Note:

સંદર્ભસૂચિ અને પાદનોંધ માટેની પદ્ધતિઓમાં શું તફાવત છે એ બાબત નીચે આપવામાં આવેલાં ઉદાહરણોથી સ્પષ્ટ થશે.

- **સંદર્ભસૂચિ/સંદર્ભગ્રંથો/આધારગ્રંથો/સંદર્ભ/ Bibliography માટેનું ઉદાહરણ:**

  Roy, T., The Economic History of India: 1873-1947, OUP, New Delhi, 2000.

  પંડ્યા, રોહિત, સાંસ્થાનિક ભારતનાં કિસાન આંદોલનો: ૧૮૫૭-૧૯૪૭, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, ૨૦૦૪.

- **પાદનોંધ/પાદટીપ/સંદર્ભ નોંધ/સંદર્ભ/Foot Noteનું ઉદાહરણ:**

  T. Roy, The Economic History of India: 1873-1947, OUP, New Delhi, 2000, P. 72.

  રોહિત પંડ્યા, સાંસ્થાનિક ભારતનાં કિસાન આંદોલનો: ૧૮૫૭-૧૯૪૭, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, ૨૦૦૪, પૃ. ૨૦-૨૨.

- સંદર્ભસૂચિમાં અટક પહેલાં એ પછી નામના પ્રથમાક્ષરો (initials), પુસ્તકનું શીર્ષક (પુસ્તક પર આપ્યા મુજબ), પ્રકાશકનું નામ, પ્રકાશનનું સ્થળ, અને છેલ્લે પ્રકાશનનું વર્ષ આપવામાં આવે છે. પાદનોંધમાં લેખકના પ્રથમાક્ષરો પહેલાં, પછી અટક અને એ પછીની વિગતો સંદર્ભસૂચિમાં અપાય છે એ ક્રમમાં જ આપવામાં આવે છે. છેલ્લે પુસ્તકના સંબંધિત પેજ (p./pp./પૃ.) નંબરને દર્શાવાય છે. સંદર્ભસૂચિમાં પેજ નંબર અપાતો નથી.

- **સ્પષ્ટતાઓ:**

(૧) જ્યારે પુસ્તકમાં કે સંશોધન/અભ્યાસ લેખમાં કોઈ ગ્રંથ કે સામયિકમાંના લેખનો પ્રથમ વખત પાદનોંધમાં ઉલ્લેખ કરવામાં આવે છે, ત્યારે સંદર્ભસૂચિ મુજબની તમામ વિગતો પાદનોંધની પદ્ધતિ મુજબ આપવામાં આવે છે. સામાન્યતઃ સંશોધન/ અભ્યાસ લેખમાં સંદર્ભસૂચિ આપવામાં આવતી નથી. પ્રથમ વખતે પાદનોંધમાં સંપૂર્ણ વિગતો આપ્યા પછી, એ જ ગ્રંથ કે લેખનો પાદનોંધોમાં ઉલ્લેખ કરવાનો હોય ત્યારે જ્યાં જરૂર હોય ત્યાં Ibid (એજન), op. cit. (ઉપરોક્ત/પૂર્વોક્ત/ઉપર્યુક્ત)નો ઉપયોગ કરાય છે.

(૨) સંદર્ભનો ઉપયોગ સંદર્ભસૂચિ કે પાદનોંધ માટે કર્યો હોય ત્યારે એનો ઉપયોગ જે અર્થમાં કર્યો હોય એના અનુસારની પદ્ધતિનો ઉપયોગ કરવો પડે.

(૩) (a) પુસ્તક કે લેખના આલેખનના જે પેજ પર જેટલી પાદનોંધોનો (દા.ત., ૧થી ૬) નિર્દેશ કર્યો હોય એની સંપૂર્ણ વિગતો એ જ પેજ પર નીચેના ભાગે આપવામાં આવે છે. દા.ત., જુઓ:

K.Roy, 'War in Indian History,' IHR, Vol. XXX, Numbers 1-2 (January-July 2003).

(b) પાદનોંધ સંશોધન/અભ્યાસ લેખના અંતે તેમજ પુસ્તક/લઘુનિબંધ/મહાનિબંધમાં પ્રત્યેક પ્રકરણના અંતે આપી શકાય. લગભગ મોટા ભાગના ઇતિહાસકારો અને સંશોધનકર્તાઓ આ પદ્ધતિ જ અપનાવે છે. દા.ત., જુઓ:

(i) B.Raha, The Plough and The Pen, Manohar Pub., New Delhi, 2012. રાહાએ પાદનોંધો પ્રકરણના અંતે Notesના શીર્ષક હેઠળ આપી છે. (પેજ નંબર ૩૮)

(ii) હ.ગં. શાસ્ત્રી અને પ્ર.ચિ. પરીખ (સંપા.) ગુજરાતનો રાજકીય અને

સાંસ્કૃતિક ઈતિહાસ, ખંડ ૯ઃ આઝાદી પહેલાં અને પછી, ભો.જે. અધ્યયન – સંશોધન વિદ્યાભવન, અમદાવાદ, ૨૦૧૧. (પેજ નંબર ૧૪).

આ ગ્રંથોમાં પાદનોંધ માટે પાદટીપ શબ્દનો ઉપયોગ કર્યો છે.

(c) કેટલાક ઈતિહાસકારો પાદનોંધો પુસ્તકના અંતે પ્રકરણવાર આપે છે. દા.ત., જુઓઃ

Subramanian, Three Merchants of Bombay, Penguin Books, Gurgaon, 2012.

(d) કેટલાક ઈતિહાસકારો લેખકો એમના નિરૂપણ/આલેખનમાં સંદર્ભ આપવાની જરૂર હોય ત્યાં તેઓ પાદનોંધનો ઉલ્લેખ ( ) કરે છે. આમાં ( )માં જણાવેલ પુસ્તક/ગ્રંથની વિગતો જાણવા માટે સંદર્ભસૂચિ જોવી પડે છે. દા.ત., જુઓઃ

...હિંદના તમામ રાજ્યોને એ પ્રતીત કરાવવું જોઈએ કે અવધના નવાબને પદભ્રષ્ટ કરવાનું કૃત્ય ન્યાયી હતું કેમ કે તે માનવતાના સર્વગ્રાહી સિદ્ધાંતો માટેનું અને નહિ કે કોઈ લાભ મેળવવા માટેનું હતું (ચક્રવર્તી, ૬૪). નવાબને પદભ્રષ્ટ કર્યાને...

ચક્રવર્તીની વિગતો માટે લેખના અંતે પૃ. ૧૧ પર આપેલ સંદર્ભસૂચિ જોવી પડે.

(બી.એન. ગાંધી, '૧૮૫૭નું પુર્નમૂલ્યાંકન,' ઈતિહાસના વિવિધ અભ્યાસલેખો, કે, એસ. પબ્લિકેશન, ભોપાલ, ૨૦૧૩.)

(e) ઉપર જણાવેલ પદ્ધતિઓમાંથી કોઈ પણ પદ્ધતિને અપનાવાને બદલે જૂજ ઈતિહાસકારો આલેખનમાં પાદનોંધનો ક્રમાંક ૧ શરૂ કર્યા પછીની પાદનોંધોને ગ્રંથમાં સળંગ ક્રમાંક આપવાની પદ્ધતિનો ઉપયોગ ગ્રંથના અંત સુધી કરે છે. દા.ત., જુઓઃ

R. Mathews, Jinnah Vs Gandhi, Hachette India, Gurgaon, 2012.

લેખકે ગ્રંથના પૃ. ૧૧ પર પાદનોંધ ૧ આપ્યા પછી ગ્રંથના પૃ. ૨૯૮ સુધીના આલેખનમાં પાદનોંધોને સળંગ ક્રમાંક ૨૪૫ સુધી આપેલ છે.

- **સંક્ષેપ (Abbreviation)નો ઉપયોગઃ**

જે પુસ્તક/સામયિક કે સંસ્થા માટે સર્વ-સ્વીકૃત સંક્ષેપ હોય તો ઈતિહાસકાર/લેખક એનું પૂર્ણ શીર્ષક આપ્યા વગર શરૂઆતથી એનો પાદનોંધમાં ઉપયોગ કરી શકે છે. ક્યારેક તે સ્વયં પણ પોતાની રીતે સંક્ષેપો બનાવી એમની યાદી પુસ્તકમાં અલગથી આપે છે. આ રીતે બનાવેલ સંક્ષેપોનો ઉપયોગ આલેખનમાં તથા પાદનોંધોમાં શરૂઆતથી જ કરે છે.

| **સર્વસ્વીકૃત સંક્ષેપો** | **લેખકે બનાવેલ સંક્ષેપો** |
|---|---|
| Ain – Ain-i-Akbari | Collected Works of Sardar Vallabhbhai Patel – CWSP |
| CWMG – Collected Works of Mahatma Gandhi | ગાંધીજીનો અક્ષર દેહ – અક્ષર દેહ |
| IHR – Indian Historical Review | Dictionary of National Biography – DNB |
| IESHR – Indian Economic and Social History Review. | ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ – ગુ.રા.સાં.ઈ. |
| NAI – National Archives of India | રાજમોહન ગાંધી; સરદાર – એક સમર્પિત જીવન – સમર્પિત જીવન |
| TOI – Times of India | |
| Britanica – Encyclopedia of Britanica | ન.દા. પરીખ અને ઉ.દ. શાહ (સંપા.), સરદાર વલ્લભભાઈનાં ભાષણો – ભાષણો |
| GOI-Government of India | |
| OUP – Oxford Unviersity Press | જિલ્લા સર્વસંગ્રહ – સર્વસંગ્રહ |

બહુધા ઈતિહાસકારો પોતે બનાવેલ સંક્ષેપોની યાદી આપતા નથી. કોઈ પુસ્તકના આલેખનમાં અનેકવાર સંદર્ભ આપવાનો હોય ત્યારે ઈતિહાસકાર પુસ્તકનો પ્રથમ સંદર્ભ આપતી વખતે લેખકનું નામ અને પુસ્તકનું શીર્ષક આપી (   )માં હવે પછી/here after સાથે બનાવેલ સંક્ષેપનો ઉલ્લેખ કરે છે. આ પછીની પાદનોંધોમાં જ્યાં જરૂર હોય ત્યાં એ સંક્ષેપનો ઉપયોગ કરે છે. દા.ત.,

(i) Maharashtra Government, Source Material for a History of Freedom Movement in India (hence forth SMHFM), Bombay, 1958, p. 20.

કેટલાક લેખક hereafter/હવે પછીનો ઉલ્લેખ કર્યા વગર જ કૌંસ (   )માં સંક્ષેપ આપે છે. દા.ત., એચ.ટી. પારેખ, અર્વાચીન ગુજરાતનું રેખાદર્શનઃ ૧૮૦૧-૧૮૫૭ (રેખાદર્શન), ગુજરાત વર્નાક્યુલર સોસાયટી, અમદાવાદ, ૧૯૩૫, પૃ. ૨૫-૩૦.

- **ઉદાહરણઃ** "વડોદરા રાજ્યમાંથી ક્રાંતિકારી નોંધપાત્ર બન્યા. કારકુન તરીકે કામ કરતા નરસિંહભાઈ પટેલે 'વનસ્પતિ દવાઓ' નામની પુસ્તિકા છપાવી.[૧] તેમાં બોમ્બ બનાવવાની રીત વર્ણવી હતી. ૧૯૦૬થી ૧૯૧૧ સુધી આ પ્રવૃત્તિ ગુજરાતમાં ઠીક ઠીક પ્રમાણમાં ચાલી હતી.[૨]... બ્રિટિશ સરકાર સાથે સયાજીરાવે કેટલાક પ્રસંગોએ ઘર્ષણમાં આવી, ટક્કર ઝીલી પોતાનું રાજવી તરીકેનું આતંરિક વહીવટી સ્વાતંત્ર્ય જાળવી રાખ્યું હતું."[૩]

૧. Maharashtra Government, Source Material for a History of Freedom Movement in India (hence forth SMHFM), Vol. II, Bombay, 1958, p. 600.

૨. વલ્લભદાસ અક્કડ, 'સ્વાતંત્ર્ય સંગ્રામનો સૈકો,' ગુજરાત એક પરિચય, પૃ. ૬૩૦-૬૩૧.

૩. SMHFM, Vol. II, p. 387ff. (ગુ. રા.સાં.ઈ., ગ્રંથ ૯, પૃ. ૧૫).

- **સમજૂતીઃ** p.નો ઉપયોગ ફક્ત એક પેજ નંબર દર્શાવવાનો હોય ત્યારે થાય છે. એક કરતાં વધુ પેજ નંબર આપવાનાં હોય ત્યારે pp.નો ઉપયોગ કરવામાં આવે છે. ગુજરાતી પેજ નંબરની સંખ્યા ગમે તેટલી હોય તો પણ પૃ.નો જ ઉપયોગ કરાય છે. પેજ નંબર પછી ffનો ઉલ્લેખ એ પેજ પછીનાં પૃષ્ઠો જોવાનું અને ફક્ત f જ હોય તો એ પછીના તરતના જ એક પેજને જોવાનું સૂચવે છે.
- **વિશિષ્ટ માહિતીઃ** માટે પાદનોંધનું ઉદાહરણઃ "ઈજિપ્તના છેલ્લા સુલતાન... (એ) હિંદના કાંઠે ફિરંગીઓ[૧] સામે લડવા માટે અમીર હુસેનની આગેવાની હેઠળ ઈજિપ્તનો શક્તિશાળી નૌકાકાફલો મોકલ્યો...".

૧. ફારસીમાં ફિરંગીનો મૂળ અર્થ યુરોપના લોકો થાય છે, પણ ગુજરાતની તવારીખમાં એ ખાસ કરીને પોર્ટુગીઝો માટે રૂઢ થયો છે. (અહીં એનો નિર્દેશ પોર્ટુગીઝો માટે થયેલ છે.)

આલેખનમાં કોઈ પુસ્તકમાં આપેલ માહિતી/અર્થઘટન પૂર્ણતઃ અવતરણ તરીકે ઉલ્લેખિત કરવામાં ન આવે અને એમાંથી કેટલાક શબ્દો કે વાક્યો છોડી દેવામાં આવે ત્યારે એનો નિર્દેશ... (ત્રણ ટપકાં)થી કરવામાં આવે છે. એકથી વધુ ફકરામાંથી ઉલ્લેખ કર્યો હોય ત્યારે પ્રથમ ફકરાના અવતરણનો પ્રારંભ "થી કર્યા બાદ છેલ્લા ફકરાનું અવતરણ પૂર્ણ થાય ત્યાં " દર્શાવવામાં આવે છે. છોડી દીધેલ શબ્દો કે વાક્યોના કારણે વસ્તુસ્થિતિને સમજવામાં કોઈ ગેરસમજ કે મુશ્કેલી અનુભવવી પડે એ માટે લેખક પોતાના તરફથી ... પછી યથાયોગ્ય સ્થાને (   )માં ઉમેરો કરે છે. અહીં લેખકે વસ્તુસ્થિતિને સ્પષ્ટ કરવા ... પછી (એ) ઉમેર્યો છે.

- **અવતરણમાં ફેરફાર કરી શકાય નહિ**

Curram/Coronne _) Khuram ન થાય

| | |
|---|---|
| " સાહસે નેપોલ્યન ભીડ્યો યુરપ આખામાં, | Zulpheckearcon – Zulfikarkhan ન થાય |
| સાહસે જાઓ, બ્હીક નવ રાખો." (કૃ.મો. ઝવેરી) | અવતરણમાં નેપોલ્યન, યુરપ અને બ્હીકનું અનુક્રમે નેપોલિયન, યુરોપ અને બીક ન થાય. |

" it is thought requisite that you seeke trade in the terretoys of the Mogull in Bengale, I will conforme myself of the fittest port....".

The Embassy of T. Roe in Indiaના અવતરણમાં _____કરેલ શબ્દોની જોડણી એની એ જ રાખવી પડે. અવતરણની ભાષા, વાક્ય રચના અને જોડણીમાં ફેરફાર કરી શકાય નહિ.

- **Ibid (એજન) અને op. cit. (પૂર્વોક્ત/ઉપર્યુક્ત)નો પાદનોંધમાં ઉલ્લેખનું ઉદાહરણઃ**

૧. સ્વતંત્રતા માટેની ઈચ્છા અરવિંદમાં ૧૪ વર્ષની વયે (૧૮૮૬) પ્રગટ થઈ હતી અને તે ૧૮ વર્ષની વયે (૧૮૯૦) વધુ દૃઢ બની હતી.[૧] "the mission that I have taken up from my childhood."[2]... અરવિંદની દૃષ્ટિએ સ્વતંત્રતા એટલે બ્રિટિશ રાજ્ય-અમલમાંથી મુક્તિ... રાજકીય સ્વતંત્રતા વગર આર્થિક, સામાજિક અને આધ્યાત્મિક સુદ્ધાંની ઉન્નતિ સંભવ નથી. ... વિદેશી શાસન અકુદરતી/અસ્વાભાવિક છે અને રાજકીય કે સામાજિક આપખુદી એટલી જ અસ્વાભાવિક છે.[૩] ... સરળ શબ્દોમાં, અરવિંદની દૃષ્ટિએ સ્વરાજ્ય એટલે પૂર્ણ રાજકીય સ્વતંત્રતા – વિદેશી નિયંત્રણો અને દખલગીરીથી પૂર્ણતઃ મુક્ત રાષ્ટ્રીય સરકાર."[૪]

---

૧. A. Tripathi, The Extremist Challenge, Orient Longman, New Delhi, 1647, p. 63.

૨. Ibid., p. 81 fn. 83. (એજન., પૃ. ૮૧ પાદનોંધ ૮૩).

૩. D.L. Johnson, The Religious Roots of Indian Nationalism: Aurbindo's Early Political Thought, Firma KLM, Calcutta, 1974, pp. 25-28.

૪. Tripathi, op. cit., p. 126 cited from Aurbindo's The Doctrine of Passive Resistance, ત્રિપાઠી, પૂર્વોક્ત, પૃ. ૧૨૬ અરવિંદના The Doctrine of Passive Ressistanceમાંથી ઉલ્લેખિત.

(બી.એન. ગાંધી, ઈતિહાસના વિવિધ અભ્યાસલેખો, કે.એસ. પબ્લિકેશન, ભોપાલ, પૃ. ૫૯-૬૦).

જયકરે પોતાના અહેવાલમાં બારડોલી તાલુકાના જમીન મહેસૂલમાં ૩૦ ટકાનો વધારો કરવાની ભલામણ કરી હતી. સેટલમેન્ટ કમિશનરે ૨૯ ટકાનો વધારો સૂચવ્યો હતો પણ સરકારે ૨૨ ટકાનો વધારો કરવાનો નિર્ણય કર્યો.[૧]

... બારડોલી તાલુકાના ખેડૂતોએ 'ગુજરાતના સુબા'[૨] વલ્લભભાઈના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ ૧૨ ફેબ્રુઆરી ૧૯૨૮ના રોજ સત્યાગ્રહ શરૂ કર્યો. વલ્લભભાઈએ સ્પષ્ટ કહ્યું, "આ લડત અંગ્રેજ રાજ્ય ઉથલાવવા માટે છે એવું કોઈ કહેતું હોય, તેને અક્કલ જ નથી"[૩] ... આ સત્યાગ્રહનું સ્વરૂપ ચોક્કસ આર્થિક જ હતું પણ શિરીન મહેતા લખે છે તેમ "... the fact that Congress leadership got involved in it established an informal link between the national movement and the Bardoli agitation.[૪]

...મહાદેવ દેસાઈના ગ્રંથનો હેતુ બારડોલી તાલુકામાં બનેલ ઘટનાઓનું નિરૂપણ તથા બીજા તાલુકાઓને પ્રાણપદ બને એ હોવાથી,[૫] ... એમણે ગુજરાતના અન્ય વિસ્તારોએ બારડોલી સત્યાગ્રહને આપેલ સમર્થન કે આર્થિક સહાયનો ઉલ્લેખ કર્યો નથી.

---

૧. વધુ વિગતો માટે જુઓ મહાદેવ હ. દેસાઈ, બારડોલી સત્યાગ્રહનો ઈતિહાસ, નવજીવન, અમદાવાદ, ૧૯૫૭, પૃ. ૧૪-૧૯.

૨. બોરસદ સત્યાગ્રહનું સફળ નેતૃત્વ કરવાના કારણે તે આમ નામાંકિત થયા હતા.

૩. મહાદેવ દેસાઈ, પૂર્વોક્ત, પૃ. ૪૫.

૪. S. Mehta, The Peasantry and Nationalism – A Study of Bardoli Satyagraha, Manohar Pub., New Delhi, p. 12.

૫. મહાદેવ દેસાઈ, પૂર્વોક્ત, પ્રાસ્તાવિક, પૃ. ૩.

કોઈ પુસ્તકનો સંદર્ભ અનેકવાર આપવાનો થતો હોય તો લેખકનું નામ કે અટક આપ્યા પછી

પુસ્તકનું શીર્ષક પુનઃ ન આપી op. cit. (પૂર્વોક્ત, કે ઉપરોક્ત કે ઉપર્યુક્ત)નો ઉપયોગ કરાય છે.

- Ibid (એજન) અને op.cit (પૂર્વોક્ત) વિશેની સ્પષ્ટતાનું ઉદાહરણઃ

| | |
|---|---|
| ૧. ગાંધીજીનો અક્ષરદેહ, ૧૫, પૃ. ૧૦.<br>૨. એજન. Ibid.<br>૩. એજન., પૃ. ૧૫. Ibid., p. 15.<br>૪. એજન., પૃ. ૨૦-૨૧. Ibid., pp. 20-21.<br>૫ Rajmohan Gandhi, Sardar – A life, 1994, p. 13.<br>૬ ગાંધીજીનો અક્ષરદેહ, ૨૦, પૃ.૪.<br>૭. Rajmohan Gandhi, op.cit., p. 8. પૂર્વોક્ત, પૃ.૮. | પાદનોંધ ૧ પછી ૨નો સંદર્ભ અને પૃ. નંબર સરખા હોવાથી એજન (Ibid)નો ઉપયોગ કર્યો. ૩માં પૃ. નંબર જુદો હોવાથી એમનો ઉલ્લેખ છે. ૪માં પેજ નંબર એકથી વધુ હોવાથી અંગ્રેજીમાં pp. નો ઉપયોગ કર્યો છે. ગુજરાતીમાં ફક્ત પૃ.નો (p. અને pp. માટે) ઉપયોગ થાય છે. ૫માં સંદર્ભ બદલાતો હોવાથી તેની વિગતો આપી છે. ૬માં પણ સંદર્ભ ૫ કરતાં જુદો હોવાથી ત્યાં સંદર્ભની વિગત દર્શાવી છે. ૭માં ૫નો સંદર્ભ છે. ૫માં સંદર્ભ વિગતો આપી છે. એથી લેખકનું નામ આપ્યા પછી પુસ્તકનું શીર્ષક ન આપી પૂર્વોક્ત ઉલ્લેખ કર્યો છે. એજનનો ઉપયોગ એક સંદર્ભ પછી તરતનો સંદર્ભ એ જ હોય ત્યારે જ થઈ શકે. ૪ અને ૬ વચ્ચે અન્ય સંદર્ભ હોવાથી એજનનો ઉપયોગ ૬ માટે કરી શકાય નહિ. અક્ષરદેહ (પાદનોંધ ૧ અને ૬માં પૃ. નંબર પહેલાં દર્શાવેલ ૧૫ અને ૨૦ એ ગ્રંથના ખંડ/ભાગનો નિર્દેશ કરે છે. |

(ક્રમશઃ):

(૧૪૧, પ્રભાકુંજ સોસાયટી, શ્રીમાળી વાડી પાસે, ગોધરા.
મો.: ૯૮૨૫૪૨૨૩૦૧)


## લેખ સામગ્રી અને ગ્રંથાવલોકન

ચારુતર વિદ્યામંડળના પ્રતિષ્ઠિત મુખપત્ર 'વિ-વિદ્યાનગર' માટે લેખસામગ્રી સહિતની મૌલિક રચનાઓ તંત્રીશ્રીના સરનામે પાઠવવા સાહિત્ય-સાહિત્યેતર ક્ષેત્રના કલમકશો અને સંશોધકોને ભાવભીનું ઈજન છે. આપને ખાસ વિનંતી એ કરવાની કે આપની અન્યત્ર પ્રકાશિત ના થયેલી અથવા ના પાઠવેલી મૌલિક કૃતિનું મૂળ લખાણ જ પાઠવવું અથવા ટાઈપ થયેલી નકલ હોય તો તેની સાથે સાથે પત્રનોંધમાં 'વિ-વિદ્યાનગરને પાઠવેલી કૃતિ/લેખ અન્ય કોઈ સામયિક/પ્રકાશનમાં પ્રકાશિત થયેલી નથી' એવી બાંહેધરીની નોંધ અચૂક મૂકવી. આ સિવાયની લેખ/કૃતિ કે અન્ય સામગ્રી પ્રકાશન માટે સ્વીકારવામાં નહીં આવે. 'વિ-વિદ્યાનગર'માં ગ્રંથાવલોકન ઈચ્છુક પ્રકાશકો-સર્જકોએ નવપ્રકાશિત ગ્રંથની બે નકલ તંત્રીના નામે પાઠવવી અનિવાર્ય છે.

### વાચક પ્રતિભાવ

'વિ-વિદ્યાનગર' સામયિક હવે ચારુતર વિદ્યામંડળની વેબસાઈટ www.ecvm.net પર જાન્યુઆરી-૨૦૧૦થી મૂકાય છે. સામયિકના ગ્રાહકો-વાંચકોના પ્રતિભાવો, સૂચનો અને અન્ય પ્રકાશનયોગ્ય સામગ્રી માટે પણ નિયમિત રીતે જગ્યા ફાળવાશે. તમારા પ્રતિભાવો ગુજરાતી, હિંદી કે અંગ્રેજીમાં પાઠવવાની મોકળાશ અનુભવશો.

તમે ઈમેઈલઃ editor.vidyanagar@gmail.com પર પણ પાઠવી શકો છો.



# दो साल बाद आजाद हुआ था भोपाल राज्य

## शिव अनुराग पटैरया

**(वल्लभ विद्यानगरस्थित सेरलिप के वार्षिक उत्सव में मुख्य अतिथि के नाते दिए गए व्याख्यान के प्रमुख अंश)**

भोपाल की अपनी कथा व्यथा है. या कहें भोपाल की दुनिया तीन लोक से न्यारी रही है. आज के मध्यप्रदेश की राजधानी को समेटने वाला भोपाल राज्य पूरे देश के साथ पंद्रह अगस्त 1947 को आजाद नहीं हुआ था, उसे आजाद होने के लिए लगभग दो साल इंतजार करना पड़ा था. आजादी की घोषणा साथ जब देश भर में जश्न मनाया जा रहा था. तब भोपाल में सन्नाटा पसरा हुआ था. भोपाल के नवाब हर हाल में भोपाल राज्य को स्वतंत्र रखना चाह रहे थे या फिर पाकिस्तान के साथ जाना चाह रहे थे. इस कारण उन्होंने आजादी के जश्न पर पाबंदी लगा रखी थी. इसके बावजूद भी राजधानी के जुमेराती स्थित पोस्ट आफिस के पोस्ट मास्टर ने हिम्मत करके तिरंगा फ हरा दिया था. तत्कालीन नवाब हमीदुल्ला खां की चालाकियों के चलते न तो भोपाल पर तत्कालीन केन्द्र सरकार हैदराबाद की तरह कोई कार्रवाई कर पा रही और न ही भोपाल के नवाब के इरादों को लेकर आश्वस्त थी. इस कारण भारत के तत्कालीन गृहमंत्री सरदार वल्लभ भाई पटेल ने नवाब भोपाल की गहरी कूटनीतिक और राजनीतिक घेराबंदी की थी. इसी दौर में जब भोपाल के नवाब को समझ आ गया कि वे ना तो स्वतंत्र राज्य रह पाएंगे और ना ही पाकिस्तान के साथ मिल पाएंगे तो उन्होंने खुद पाकिस्तान जाने की तैयारी की. मोहम्मद अली जिन्ना उनके लिए रेड कार्पेट बिछाये हुए थे  पर उनकी बेटी ने उनकी योजना के अनुसार भोपाल का शासन संभालने से इंकार कर दिया. जब उनकी यह अंतिम योजना विफल हो रही थी, तब सरदार पटेल के नैतिक समर्थन से चल रहा, भोपाल विलीनीकरण आंदोलन अपने पूरे शवाब पर आ चुका था. विलीनीकरण आंदोलन है. इसका नेतृत्व मुख्यतः युवकों के हाथ में था. इस आंदोलन में कई शिक्षाविद, साहित्यकार और पत्रकार शामिल थे. आंदोलन का नेतृत्व किसी विशेष राजनीतिक पार्टी के हाथ में नहीं था. इसके प्रमुख नेताओं में भाई रतन कुमार, प्रो. अक्षय कुमार, पत्रकार प्रेम श्रीवास्तव, वकील सूरजमल जैन, मथुरा प्रसाद, बालकृष्ण गुप्ता शामिल थे. महिलाएं भी इस मामले में पीछे नहीं थीं. मोहनी देवी, शांति देवी, बसंती देवी आदि इस आंदोलन में शरीक थीं. इस आंदोलन को गति देने के लिए भाई रतन कुमार और उनके सहयोगियों ने नई राह अखबार निकाला. इस अखबार ने पूरी रियायत में चेतना फैलाने का काम किया. विलीनीकरण आंदोलन का केंद्र बनी जुमेराती स्थित रतन कुटी, जहां नई राह का कार्यालय भी था. नवाब के आदेश पर इस कार्यालय को सील कर दिया गया, तो फिर होशंगाबाद से एडवोकेट बाबूलाल वर्मा के घर से भूमिगत होकर आंदोलन चलाया गया. पूरी रियासत में व्यापारियों द्वारा एक माह की हड़ताल रखी गई. भोपाल रियासत में ही नर्मदा किनारे बोरास घाट पर मकर संक्रांति के मेले के मौके पर तिरंगा झंडा फहराते हुए छह युवकों को नवाब की पुलिस ने गोलियों से छलनी कर दिया. इस बर्बरतापूर्ण खूनी कारनामे के विरूद्ध सारे देश में और दुनिया के कई हिस्सों में आक्रोश पैदा हुआ. गोलीकांड की खबर आंदोलनकारियों के नेता बालकृष्ण गुप्ता ने गाड़रवारा जाकर दैनिक आज के ब्यूरो चीफ जगदीश चतुर्वेदी को दिल्ली भेजी थी. इस तरह का उद्देश्य, खबर की सूचना देना कम, श्री चतुर्वेदी को

सूचना देना ज्यादा था, क्योंकि श्री चतुर्वेदी सरदार वल्लभ भाई पटेल के अच्छे मित्र थे. अंततः जनता का दबाव देखकर सरदार पटेल ने हस्तक्षेप किया, जिसके चलते नवाब भोपाल हमीदुल्ला खां को मजबूर होकर 30 अप्रैल 1949 को विलय समझौते पर हस्ताक्षर करने पड़े. इस तरह भोपाल 1 जून 1949 को स्वतंत्र हुआ. इसके लिए जो अनुबंध हुआ वह इस प्रकार था.:

1. नवाब भोपाल, भोपाल के समस्त प्रशासकीय अधिकार रियासत की सीमाओं तक प्रशासन करना 1 जून 1949 ई. को भारत शासन को हस्तांतरित करते हैं. यह दिनांक हस्तांतरण दिनांक समझी जायेगी.

2. नवाब भोपाल को जो भोपाल रियासत के शासक होने के कारण निजी अधिकार 15 अगस्त 1947 ई. के पूर्व प्राप्त थे निरंतर रहेंगे.

3. वर्तमान नवाब साहब अधिकारों के हस्तांतरण के दिनांक से भारत सरकार से वार्षिक 11 लाख रुपए बिना किसी कर के प्राप्त करने के अधिकारी होंगे. यह राशि जो नवाब भोपाल तथा उनके बाद उत्ताराधिकारियों को दी जाती रहेगी, इस पर नवाब भोपाल तथा उनके परिवार के कुछ खर्च, रहने का मकान, शादी एवं दूसरे कार्यक्रमों का खर्च सम्मिलित होगा. किसी भी दशा में उक्त राशि में कटौती नहीं होगी. उक्त राशि माह पूर्ण होने पर नवाब साहब के बैंक खाते में जमा की जावेगी.

4. वह आय जो हर वर्ष नवाब भोपाल को उस भाग से जो कुदसिया बेगम ने भोपाल स्टेट रेल्वे में लगाया था से प्राप्त होगी. उसे साड़े पाँच लाख रुपए वार्षिक तय किया गया तथा यह आय नवाब साहब के निजी आय में गिनी जावेगी. जिसको भारत सरकार नवाब साहब और उनके उत्ताधिकारियों को अदा करेगी.

5. धारा 115 के तहत नवाब साहब की अपनी निजी सम्पत्ति अर्थात् विभिन्न रियासती जायदादों के स्वामित्व अधिकार प्राप्त होंगे जो उनकी सत्ता के हस्तांतरण के पूर्व प्राप्त थे.

6. नवाब साहब को तमाम चल-अचल सम्पत्ति, जमानतनामें तथा नगदनामे एक सूची के रूप में तैयार होकर नवाब साहब की निजी सम्पत्ति तथा उपयोग की वस्तुओं जिन पर हस्तांतरण की दिनांक के पूर्व शासन एवं नवाब के बीच तय पाया था, अंतिम रूप में समझी जायेगी और इस संबंध में कोई पूछताछ नहीं की जावेगी.

7. धारा 1 के अंतर्गत नवाब भोपाल के परिवार के लोगों के लिये समस्त निजी सुविधाएँ, जरूरतें, उपाधियाँ रियासत के अंदर या बाहर जो उनको 15 अगस्त 1947 ई. से पूर्व प्राप्त थी. जारी रहेगी.

8. धारा 117 के अंतर्गत भारत सरकार इस बात पर राजी है कि जो अधिकार एवं सुविधाएँ नवाब भोपाल को प्राप्त हैं उनके उत्तराधिकारियों को भी प्राप्त होती रहेंगे.

9. भारत सरकार कुछ स्थायी कर्मचारियों को जो सुविधाएँ विलीनीकरण से पूर्व प्राप्त थीं उनको नौकरी में रखेगी, किसी कारणवश यदि छुट्टी आवश्यक हुई तो उनको क्षतिपूर्ति कानून के अंतर्गत दी जावेगी तथा जो सुविधाएँ रियासत में प्राप्त थी निरंतर रहेंगी.

10. नवाब साहब के द्वारा किया गया कोई भी कार्य जो उन्होंने अनुबंध के पूर्व रियासत के प्रबंध के लिए किया था वह निजी तौर पर शासक के रूप में इसके बारे में कोई पूछताछ अथवा कार्रवाई नहीं की जायेगी.

11. भारत सरकार इस बात की जमानत देती है कि समस्त कर्मचारी जो सेवा निवृत्त हो चुके हैं, को पेंशन से पूर्व अवकाश पर है उनको पेंशन बराबर अदा की जाएगी तथा मृत कर्मचारियों को जो विलीनीकरण के पूर्व मुआवजा दिया जाता था जारी रहेगी.

12. विलीनीकरण की दिनांक से पूर्व किसी भी कार्यवाही के संबंध में जो अपने कर्तव्य स्थल पर किसी कर्मचारी ने नेक नियत से की हो या करने से रह गई हो कोई जांच या कार्यवाही नहीं की जावेगी.

**अब मै थोड़ा पीछे लौटता हूं.** अंग्रेजी साम्राज्य ने भारत को आजाद करने के लिए जो कानून बनाया था, उसके अनुसार भारत का विभाजन हुआ. आजाद भारत

व आजाद पाकिस्तान को उन क्षेत्रों पर शासन करने का अधिकार दिया गया, जिन्हें ब्रिटिश इंडिया का क्षेत्र माना जाता था. 1947 में देश में लगभग 563 रियासतें थीं. जिन पर अंग्रेजों का अप्रत्यक्ष शासन चलता था. इन राजे-रजवाड़ों को अंग्रेजों ने यह आजादी दी थी कि वे चाहें, तो हिंदुस्तान या पाकिस्तान में शामिल हो सकते हैं या एक आजाद देश बनकर भी बने रह सकते हैं. उस समय सरदार पटेल देश के गृहमंत्री थे. उनकी सूझबूझ, आसाधारण कूटनीतिक क्षमता और दृढ़ता से कुछ रियायतों को छोड़कर सभी भारत के अंग बन गए पर जूनागढ़, भोपाल, हैदराबाद काश्मीर की रियासतें या तो आजाद रहना चाहती थीं या फिर पाकिस्तान में शामिल होने की इच्छुक थी. नवाब भोपाल चैम्बर आफ प्रिंसेस चांसलर नरेन्द्र मंडल की हैसियत से राजा-महाराजाओं को भारतीय संविधानसभा में शरीक होने से रोक रहे थे. छोटा राज्य होने के बाद भी भोपाल के नवाब का प्रभाव तत्कालीन सियासी परिदृश्य पर काफी था. उनके पंडित जवाहर लाल नेहरू, महात्मा गांधी और मोहम्मद अली जिन्ना से अच्छे ताल्लुकात थे. महात्मा गांधी एक बार हमीदुल्ला खां के अतिथि रह चुके थे. महात्मा गांधी जब उनके आतिथ्य में भोपाल आए तो उनके रुकने की व्यवस्था जिस महल में की गई थी, उसमें नवाब भोपाल ने पर्दो से लेकर सोफे के कव्हर तक खादी के लगावये थे. इससे महात्मा गांधी नवाब भोपाल से काफी प्रभाावित भी हुए थे. यह बात अलग कि यह पर्दे और कव्हर महात्मा गांधी जाने के साथ ही निकाल दिए गए थे. वैसे ही कुछ दूसरे वाक्यों की जानकारी होने के कारण सरदार पटेल नवाब भोपाल से संवाद और संपर्क में बहुत ही सावधानी से कदम उठा रहे थे. नवाब भी कम उस्ताद नहीं थे. उन्होंने भोपाल में चल रहे विलीनीकरण आंदोलन का मुकाबला करने के लिए अप्रैल 1947 में एक अस्थायी लोकतांत्रिक सरकार स्थापित कर दी, पर प्रजामंडल ने इसे मानने से इंकार कर. अपना आंदोलन तेज कर दिया. पर सरदार पटेल नवाब भोपाल से सहज संपर्क व भरोसे के रिश्ते बनाये रखे.

इसी भरोसे के चलते नवाब हमीदुल्ला खां ने भोपाल के मुख्य न्यायमूर्ति की रिश्तेदार महिलाओं को जालंघर से निकालने में सहायता देने के लिए 21 सितंबर 1947 को गया था. सरदार पटेल से अनुरोध किया था. यह पत्र इस प्रकार था.

**प्रिय सरदारजी,**

मुख्य न्यायाधीश माननीय श्री सलामुद्दीन खान की निकट रिश्तेदार कुछ महिलाओं (जालंधर, बस्ती शेख) को राहत देने के लिए मैंने मम्डोत के खान और सरदार हयात को व्यक्तिगत तार भेजे हैं. उन्होंने तीस वर्ष तक इस राज्य की पूरी निष्ठा से सेवा की है तथा भोपाल में रहते हैं. स्वयं श्री खान साहब और उनका परिवार चिंताग्रस्त तथा निराशा में डूबा है. मुझे सबसे ज्यादा इस बात की चिंता है कि उनको यथासंभव अधिक से अधिक राहत देने के लिए कैसे मदद करूँ मम्डोत के भेजे गए तार की प्रति यहाँ संलग्न है. इसमें आपको पूरी स्थिति बताई गई है. मैंने आपको पत्र इसलिए लिखा है कि मैं जानता हूँ कि आप हरसंभव सहायता देने के लिए तैयार हो सकते हैं. समस्त पत्राचार की अव्यवस्था के कारण यह संभव है कि मेरा तार लाहौर न पहुँचे या बहुत देर से पहूँचे. इसलिए मैंने महसूस किया है कि यदि मैं आपके सामने अपील करता हूँ तो आप तत्काल जवाब देंगे तथा अपनी ओर से आवश्यक कारवाई करेंगे

भवदीय,

**हमीदुल्ला खां**

30 अप्रैल 1949 को जब भोपाल भारत में शामिल होने के लिए तैयार हो गया तब उन्होंने नवाब के आग्रह पर एकीकरण के पांच साल बाद तक भोपाल राज्य को चीफ कमिश्नर की सर्वोच्चता वाला राज्य रहने पर सहमति भी दे दी थी. इस कारण 1956 में जाकर भोपाल राज्य मध्यप्रदेश का हिस्सा बन पाया. जबकि मध्यभारत प्रांत कांग्रेस कमेटी यह लगातार दबाव बनाये हुए थी कि विलीनीकरण के बाद भोपाल राज्य को मध्यभारत प्रांत में शरीक किया जाए. इसके लिए 1 दिसंबर 1948 को मध्यभारत प्रांत कांग्रेस कमेटी ने वाकायदा प्रस्ताव भी पारित किया था.

अब थोड़ा और पीछे चलें. दरअसल नवाब भोपाल की महत्वाकांक्षाये बहुत ज्यादा थीं. वे अपने लिए बड़ी भूमिका चाहते थे. उनकी इस महत्वाकांक्षा के कारण वे अच्छे ताल्लुकातों के बाद भी न तो जिन्ना का अगाघ

विश्वास हासिलकर पाए और न ही पंडित नेहरू और न कांग्रेस उन पर पूरा विश्वास कर पा रहा था. नवाब भोपाल चैम्बर ऑफ प्रिंसेस (नरेन्द्र मंडल) के चांसलर के तौर पर अपनी स्थिति से वाकिफ थे. इसलिए उन्होंने स्वतंत्रता व संक्रमण काल में भारत और भारतीय नेतृत्व के साथ समुचित व्यवहार नहीं किया. कांग्रेस द्वारा बुलाई गई संविधान सभा की बैठक का मुस्लिम लीग ने बहिष्कार किया था. नवाब भोपाल ने अपनी स्थिति का दुरूपयोग करते हुए चैम्बर ऑफ प्रिंसेस के सदस्य राजाओं को बैठक में अपने प्रतिनिधि न भेजने के लिए उकसाया. नवाब भोपाल के इस कृत्य ने उन्हें बहुसंख्यक हिन्दू राजाओं से अलग-थलग कर दिया.

15 अगस्त 1947 को भारत और पाकिस्तान के रूप में दो नये राष्ट्रों के आकार लेने के बाद भी नवाब भोपाल ने चैम्बर ऑफ प्रिंसेस नरेन्द्र मंडल को कार्यरत घोषित कर अपनी स्थिति मजबूत करने का प्रयास किया, पर ऐसा हो नही पाया. इससे देश के एकीकरण में लगे सरदार पटेल की समस्यायें बढ़ गई. भारत व पाकिस्तान आजादी की घोषणा के पूर्व 25 जुलाई 1947 को लार्ड माउंटबेटन ने राजाओं की एक बैठक बुलाई, जिसमें नवाब भोपाल शरीक नहीं हुए. उन्होंने इस बैठक पर कटाक्ष करते हुए कहा कि यह बैठक यह घोंघो का दरियाई घोड़े और कठफोड़वे के साथ चाय पीने का निमंत्रण जैसा है. वायसराय नवाब भोपाल के मित्र थे. उन्होंने कहा कि वे दूसरे राजाओं की तरह व्यवहार न करें. शुरूआत में नवाब भोपाल से अनिच्छा दिखाई पर बाद में उन्होंने विलय के प्रस्तावों पर हस्ताक्षर कर दिए. इस वक्त उन्होंने कहा कि ''मैं इस वक्त इस तथ्य को छुपाना नहीं चाहता हूँ कि मैंने अपनी रियासत को स्वतंत्र व तटस्थ बनाये रखने के लिए सब कुछ किया, जो मेरे बस में था. अब जबकि मैंने पराजय स्वीकार करली है जब मुझे भरोसा है कि मुझे पाएंगे कि मैं उतना ही पक्का मित्र हो सकता हूं, जितना कि पक्का विरोधी था. आपकी तरफ से मुझे हमेशा सम्मान मिला है. मेरे साथ विनम्रता पूर्ण व्यवहार किया गया है. इसलिए मेरे मन में कोई द्वेष नहीं है. मैं आपसे कहना चाहता हूं कि जब तक आप देश की विघटनकारी शक्तियों के विरूद्ध अपना वर्तमान कड़ा रूख अख्तियार किए रहेंगे एवं रियासतों के मित्र बने रहेंगे, जैसे आप हैं, मैं आपका निष्ठावान साथी बना रहूंगा.'' इस पर सरदार पटेल ने उदारता व सौजन्य का परिचय देते हुए कहा कि ''आपकी रियासत के राष्ट्र में विलय को मैं न अपनी जीत मानता हूं और न आपकी हार. अंततः विजय न्याय व उपयुक्तता की हुई. इस विजय में मैंने और आपने अपनी अपनी भूमिकाओं का निर्वाह किया. स्थिति की महत्ता को समझते हुए आपका अपना पुराना रुख भारत और आपकी रियासत दोनों के हितों के प्रतिकूल था. मुझे आपके इस आश्वासन से प्रसन्नता हुई कि देश के गद्दारों से चाहे वह किसी भी जाति व धर्म के हों उनसे निपटने में आप भारतीय राष्ट्र का साथ देंगे. पिछले कुछ महिनों में मेरे लिए यह बहुत निराशा व दुख की बात थी कि आपकी असंदिग्ध योग्यता व प्रतिमा नाजुक समय में देख के उपलब्ध नहीं थी. इसलिए सहयोग व मैत्री का आपका आश्वासन मेरे लिए और अधिक महत्वपूर्ण हो गया है.''

सरदार पटेल और भारतीय मुसलमान नामक पुस्तक में रफीक जकरिया ने लिखा है कि ''पचास के दशक मैं नवाब का कानूनी सलाहकार था तो उन्होंने मुझसे कहा था कि सरदार पटेल में उन्होंने लेशमात्र सांप्रदायिक पूर्वग्रह नहीं देखा था. नवाब की बेटी साजिदा का विवाह पटौदी नवाब से हुआ था. वे अपने बच्चों के साथ पति के पास रहना चाहती थी, पटौदी में उन दिनों स्थिति अच्छी नहीं थी. तब सरदार पटेल साजिदा को अपने विशेष विमान से पटौदी ले गए. उन्होंने स्थानीय पुलिस प्रशासन को विशेष सुरक्षा के निर्देश दिए थे. सरदार पटेल के इस काम से नवाब भारी प्रसन्न हुए. उन्होंने सरदार पटेल को तार भेजकर पूरे मन से धन्यवाद भी दिया था. साजिदा को पटौदी पहुंचाने के बाद सरदार पटेल ने उन्हें तारकर सूचित भी किया था कि पटौदी में स्थिति नियंत्रण में है और आपको चिंता करने की कोई जरूरत नहीं है. उन्होंने नवाब को यह भी सूचित किया था कि उनके दामाद ने कुछ मांगे भी रखी हैं. उन पर वे पूरा ध्यान देंगे. सरदार की दृष्टता एवं कूटनीति के कारण नवाब भोपाल का रूख बदलता गया. इसका दूसरे मुस्लिम राजाओं नवाबों पर यह असर हुआ कि जूनागढ़, हैदराबाद और काठियाबाड़ की दो छोटी रियासतों को छोड़कर शेष सबने भारत में विलय स्वीकार कर लिया.

**( ई 100/43 शिवाजी नगर, ,भोपाल 462016**
**फोन 0755-2552936, मोबाईल 9425004925 )**

## भारत में निर्वाचन प्रणाली का विकास

**एस.के. मेंदीरत्ता**

अगस्त १९४७ में स्वतंत्रता प्राप्ति के बाद स्वतंत्र भारत में सार्वभौमिक वयस्क मताधिकार के आधार पर सही मायनों में प्रतिनिधि सरकार चुनने के लिए आम चुनाव कराने की आवश्यकता पड़ी. इसलिए स्वतंत्र संवैधानिक प्राधिकार के रूप में निर्वाचन आयोग की स्थापना का प्रावधान करने वाले संविधान के अनुच्छेद-३२४ को २६ नवम्बर, १९४९ को लागू किया गया, जबकि अधिकतर अन्य प्रावधानों को २६ जनवरी, १९५० (जब बारत का संविधान लागू हुआ) से प्रभावी बनाया गया.

निर्वाचन आयोग का औपचारिक गठन २५ जनवरी, १९५० को हुआ यानी भारत के संप्रभु लोकतांत्रिक गणराज्य बनने के ठीक एक दिन पहले. २१ मार्च, १९५० को श्री सुकुमार सेन भारत के पहले मुख्य निर्वाचन आयुक्त नियुक्त किये गए.

वर्, १९५० से १६ अक्तूबर, १९८९ तक आयोग ने एक सदस्य निकाय के रूप में काम किया १६ अक्तूबर, १९८९ से एक जनवरी, १९९० तक निर्वाचन आयोग को तीन सदस्यीय निकाय के रूप में परिवर्तित किया गया. लेकिन ०१ जनवरी, १९९० को इसे फिर एक सदस्य निकाय का रूप दिया गया. निर्वाचन आयोग ०१ अक्तूबर, १९९३ से नियमित रूप से तीन सदस्यीय निकाय के रूप में काम कर रहा है.

मुख्य निर्वाचन आयुक्त तथा दो निर्वाचन आयुक्तों को उच्चतम न्यायालय के न्यायाधीश के समान वेतन और भत्ते दिये जाते हैं. निर्णय लेने में सभी तीन आयुक्तों की शक्तियां बराबर हैं. किसी विषय पर मतभिन्नता की स्थिति में निर्णय बहुमत से लिया जाता है. मुख्य निर्वाचन आयुक्त तथा अन्य दो निर्वाचन आयुक्तों का कार्यकाल छह वर्ष या ६५ वर्ष की आयु तक, जो भी पहले हो, होता है.

लोकसभा तथा विधानसभाओं के प्रथम आम चुनाव कराने के उद्देश्य से निर्वाचन आयोग के परामर्श तथा संसद की सहमति से राष्ट्रपति द्वारा परिसीमन का पहला आदेश १३ अगस्त, १९५१ को जारी किया गया.

चुनाव कराने के उद्देश्य से वैधानिक ढांचा उपलब्ध कराने के लिए संसद ने १२ मई, १९५० को पहला अधिनियम (जनप्रतिनिधित्व अधिनियम, १९५०) पारित किया. इसमें मुख्यत: मतदाता सूचियां तैयार करने का प्रावधान किया. दूसरा अधिनियम १७ जुलाई, १९५१ (जनप्रतिनिधित्व अधिनियम, १९५१) पारित किया गया और इसमें संसद के दोनों सदनों तथा प्रत्येक राज्य के लिए विधानसभाओं के निर्वाचन की प्रक्रिया तय करने का प्रावधान हुआ.

इन निर्वाचन क्षेत्रों के लिए मतदाता सूचियां सभी राज्यों में १५ नवम्बर, १९५१ तक प्रकाशित की गई. मतदाताओं की कुल संख्या (जम्मू-काश्मीर को छोड़कर) १७,३२,१३,६३५ थी जबकि १९५१ की जनगणना के अनुसार भारत की कुल जनसंख्या (जम्मू-काश्मीर को छोड़कर) ३५,६६,९१,७६० थी. लोकसभा तथा विधानसभाओं के पहले आम चुनाव अक्तूबर, १९५१ तथा मार्च, १९५२ के बीच हुए. ४९७ सदस्यों वाली पहली लोकसभा ०२ अप्रैल, १९५२ को गठित की गई. २१६ सदस्यों वाली पहली राज्यसभा ०३ अप्रैल, १९५२ को गठित हुई.

संसद के दोनों सदनों तथा राज्य विधानसभाओं के गठन के बाद मई, १९५२ में प्रथम राष्ट्रपति चुनाव हुआ तथा विधि रूप से निर्वाचित पहले राष्ट्रपति ने १३ मई, १९५२ को पदभार ग्रहण किया. १९५१-५२ में पहले आम चुनाव के समय आयोग ने १४ राजनीतिक दलों को बहुराज्यीय दलों तथा ३९ दलों को क्षेत्रीय दलों के रूप में मान्यता दी थी. अभी मान्यता प्राप्त सात राष्ट्रीय दल तथा ४० क्षेत्रीय दल हैं.

१९५१-५२ तथा १९५७ में पहले तथा दूसरे आम चुनावों के लिए निर्वाचन आयोग ने मतदान की मतपेटी प्रणाली अपनाई. इस प्रणाली के अंतर्गत प्रत्येक मतदान केन्द्र पर एक कमरे में प्रत्येक उम्मीदवार को एक अलग मतपेटी आवंटित की गई तथा मतदाता से केन्द्रीयकृत पूर्व मुद्रित मतपत्रों को उनकी पसंद के अनुसार उम्मीदवार की मतपेटी में डालने को कहा गया.

१९६२ में हुए तीसरे आम चुनाव तथा उससे आगे आयोग ने मतदान की ''मुहर प्रणाली'' लागू की. इसके अंतर्गत एक पृष्ठ पर चुनाव लड़ रहे सभी उम्मीदवारों के नाम तथा निर्वाचन चिन्ह छपे होते थे जिस पर मतदाता को रबर स्टैंप से अपनी पसंद के उम्मीदवार के निर्वाचन चिन्ह के निकट तीरनुमा मुहर लगानी होती थी. मुहर लगे सभी मतपत्रों को एक समान मतपेटी में डाल दिया जाता था.

इलेक्ट्रोनिक वोटिंग मशीनों (इवीएम) का उपयोग प्रायोगिक आधार पर आंशिक रूप से १९८२ में केरल के परूर विधानसभा निर्वाचन क्षेत्र में किया गया. बाद में १९९८ में ईवीएम का व्यापक उपयोग शुरू हुआ. पहली बार २००४ में १४वीं लोकसभा के लिए हुए आम चुनाव में देश के सभी मतदान केन्द्रों पर ईवीएम का इस्तेमाल किया गया. तब से लोकसभा तथा राज्य विधानसभाओं के चुनाव ईवीएम के इस्तेमाल से हुए हैं.

१९५१-५२ से लोकसभा के १५ आम चुनाव तथा विधानसभाओं के ३४८ आम चुनाव हुए है. देश अब १६वें लोकसभा चुनाव के लिए पूरी तरह तैयार हैं.

(लेखक भारत निर्वाचन आयोग के विधि सलाहकार हैं)

*// જ્ઞાન-વિજ્ઞાન //*

## હેલિકોપ્ટરનું ઉડ્ડયન – કેટલું સલામત?

**ધનંજય ધ્રુવ**

ચૂંટણીનો માહોલ બરાબર જામ્યો છે. આપણા નેતાઓ એક ઠેકાણેથી બીજા ઠેકાણે ચૂંટણીસભાઓ સંબોધવા હેલિકોપ્ટરનો બહોળા પ્રમાણમાં ઉપયોગ કરે છે, એટલું જ નહીં વિવિધ સેલિબ્રિટીઓ, ઉદ્યોગપતિઓ તો પોતાના અંગત હેલિકોપ્ટર ધરાવે છે. વિવિધ કુદરતી આફતો વખતે પણ હેલિકોપ્ટરનો સતત ઉપયોગ કરવામાં આવતો હોય છે. હેલિકોપ્ટરના આવા ઉપયોગો સામે એક ખૂબ જ મહત્ત્વનું અને નજર અંદાજ કરાતું ભયસ્થાન છે. ભૂસ્તરથી ઉપર આવેલ વાયર્સની માયાજાળ. ઘણી વખથ એવી ઘટનાઓ બને છે કે લેન્ડીંગ વખતે હેલિકોપ્ટર આવા વાયર્સની માયાજાળમાં ફસાઈ જાય છે અને મોટી દુર્ઘટનાઓ સર્જાય છે. એવિએશન સ્પેશ્યાલિસ્ટ પ્રેસ રૉબર્ટ ફિરસ્ટના મતે ૧૦૦૦ ફૂટથી નીચે ઉડાન ભરનારાં હેલિકોપ્ટર આવા અકસ્માતો માટે ખૂબ જ સંવેદનશીલ હોય છે. મોટાભાગનાં હેલિકોપ્ટર જ્યારે લાંબા અંતરની ઉડાન ભરતા હોય છે ત્યારે ૧૦૦૦ ફૂટ કે તેથી ઓછી ઊંચાઈએ ઉડતાં હોય છે. એક અભ્યાસ પ્રમાણે દર અઠવાડિયે દુનિયાભરમાં સરેરાશ બે હેલિકોપ્ટર આવા અકસ્માતોનો ભોગ બને છે.

નાગરિક અને સૈન્ય ઉડ્ડયન માટે વારંવાર વપરાતાં આવાં હેલિકોપ્ટર માટે આવી વાયરોની માયાજાળ સાથે અથડાવાની ઘટનાઓ એક ચિંતાનો વિષય બની ગયો છે.

અહીં સવાલ થાય છે કે શું આવી ઘટનાઓ નિવારી શકાય છે ખરી? આવી ઘટનાઓ ન થાય તે માટે સાવચેતીનાં પગલાં કયાં હોઈ શકે? અને પાઈલોટ પાસે એવી કોઈ વિકસિત પ્રણાલી હોઈ શકે જે આવી માયાજાળની લેન્ડીંગ વખતે આગોતરી માહિતી આપી શકે?

પહેલાં તો આપણે એ સમજવું રહ્યું કે શા માટે પાઈલોટ આવા વાયર્સની માયાજાળને પારખી શકતા

નથી. તેનો લેન્ડીંગ વખતે અંદાજ લગાવી શકતા નથી? પાઈલોટ આવા વાયર્સને જોઈ શકશે કે કેમ અને તેના હોવાનો સાચો અંદાજ લગાવી શકશે કે કેમ તેનો આધાર વાયર્સની ભૂસ્તરથી ઊંચાઈ, તેની સંખ્યા, તેની દિશા વગેરે પરિબળો પર આધારિત હોય છે.

તદ્ઉપરાંત આ વાયર્સની બનાવટમાં વપરાતી ધાતુ પણ એક મહત્ત્વનું પરિબળ છે. ઉદાહરણ તરીકે તાંબાના ઓક્સીડાઈઝ્ડથી બનેલા બ્લ્યુ કે રાખોડી રંગના વાયર્સને પાયલોટની દૃષ્ટિ સરળતાથી પારખી શકતી નથી કારણ કે આવા વાયર્સ આસપાસના વાતાવરણના રંગ સાથે એકરૂપ થઈ જતા હોય છે જેમ કે ભૂરા કે વાદળછાયા વાતાવરણ સાથે આવા વાયર્સનો કલર પારખી શકાતો નથી. જો નીચે જમીન ઉપર તળાવ કે સરોવર આવેલું હોય તો તેના પાણીના રંગ સાથે પણ આવા વાયર્સ એકરૂપ થઈ જતા હોવાથી સાચો અંદાજ લગાવવામાં પાઈલોટ થાપ ખાઈ શકે છે.

એલ્યુનિયમ અને સિલ્વર ઓક્સાઈડના બનેલા વાયર્સ પર્યાવરણ સાથે સારો એવો વિરોધાભાસ દર્શવતા હોવાથી તેમને પારખવાનું સહેલું હોય છે.

આવી વાયર્સની માયાજાળ સરળતાથી દૃશ્યમાન હોય તો પણ તેમના અંતરનો લેન્ડીંગ વખતે અંદાજ લગાવવો ઘણો જ મુશ્કેલ બની જતો હોય છે, અને પાઈલોટ સમય અને વાયર્સ સુધી પહોંચવામાં કાપવા પડતા અંતરનો તાગ મેળવી શકતો નથી જે અકસ્માતમાં પરિણમે છે.

ઘણી વખત જો ફક્ત એક જ વાયર પથરાયેલો હોય તો તેને પારખવાનું મુશ્કેલ બની જતું હોય છે જ્યારે એક કરતાં વધારે વાયર્સને પારખવાનું પ્રમાણમાં સરળ હોય છે.


આવા ખતરાઓ નિવારવા માટે હેલિકોપ્ટરમાં લેઝર રેન્જ ફાઈન્ડર સિસ્ટમ નામની આવા વાયર્સની માયાજાળ પ્રત્યે ચેતવણી આપતી પ્રણાલી વિકસાવવામાં આવી છે જેના દ્વારા આવા અકસ્માતો નિવારી શકાય છે.




**આકૃતિ-૧ વાયર્સની માયાજાળની વાતાવરણ સાથે એકરૂપતા**

લેઝર રેન્જ ફાઈન્ડર વાયર વોર્નિંગ પ્રણાલી જે મૂળભૂત ભૌતિક સિદ્ધાંત પર કાર્ય કરે છે તે છે મૉડ્યુલેશન અને ડિમૉડ્યુલેશન. વિદ્યુત અને સંચાર પ્રણાલીઓમાં મૉડ્યુલેશનની પ્રક્રિયા એટલે ઓછી આવૃત્તિવાળા સંકેતોને વધુ આવૃત્તિવાળા સંકેતો સાથે મેળવવા અને પછી આ સંકેતોને ડિમૉડ્યુલેશનની પ્રક્રિયા મારફતે જુદા તારવવા.

ઉપરોક્ત પ્રણાણી લેઝર કિરણોથી સજ્જ હોય છે. આ લેઝર કિરણો હેલિકોપ્ટરમાંથી નીકળી ભૂપટલ પર કોઈ અવરોધ વગર આપાત થાય ત્યારે તેના સંકેતો કોકપીટમાં બેઠેલા પાઈલોટને મળે છે. પરંતુ આ કિરણોના માર્ગમાં જો વાયર્સની માયાજાળ પથરાયેલી હોય તો આવા સંકેતો અવરોધાય છે અને પાઈલોટને અલગ પ્રકારની




**આકૃતિ-૨: લેઝર રેન્જ ફાઈન્ડર વાયર વોર્નિંગ પ્રણાલી કાર્યપદ્ધતિ**




**આકૃતિ-૩: ટાઈમ ઓફ ફ્લાઈટ રેન્જ ફાઈન્ડર**

આવૃત્તિવાળા સંકેતો આપે છે તે બિનઅવરોધક સંકેતોની સરખામણીએ અલગ પ્રકારના હોય છે. આવા સંકેતોને મૉડ્યુલેશન દ્વારા સશક્ત બનાવી ડિમૉડ્યુલેશન દ્વારા અલગ તારવી પારખી શકાય છે, એટલું જ નહિ પરંતુ આવા સંકેતોની તીવ્રતાને આધારે તેમના અંતરનો પણ અંદાજ લગાવી શકાય છે. આ પ્રણાલીની કાર્યપદ્ધતિ આકૃતિ-૨માં દર્શાવેલી છે.

**વિશિષ્ટતાઓ:**

| | | | |
|---|---|---|---|
| ૧) | વાયરથી હેલિકોપ્ટર વચ્ચેનું અંતર | – | ૬૦૦ મીટર |
| ૨) | પૃષ્ઠભૂમિ | – | અવકાશ, શહેરી અને ગ્રામ્ય |
| ૩) | ઉપયોગ | – | દિવસે અને રાત્રે |
| ૪) | પટલમાપક ક્ષમતા | – | પ્રતિ સેકંડે બે વખત |

આવાં ઉપકરણોમાં મુખ્યત્વે બે પ્રકારના રેન્જ ફાઈન્ડર્સનો ઉપયોગ કરવામાં આવે છે.

૧) ટાઈમ ઓફ ફ્લાઈટ: આ પ્રકારનું સેન્સર લાઈટ(પ્રકાશ)નાં કિરણોનો ઉપયોગ કરે છે. અહીં પ્રકાશના કિરણનું એક પૂંજ લક્ષ્ય સાથે અથડાય છે અને પાછું ફરે છે. અહીં પ્રકાશની ગતિ જ્ઞાત હોવાથી અને આ પૂંજ કયા સમયે લક્ષ્ય સુધી પહોચ્યું એ પામી શકાતું હોવાથી લક્ષ્ય અને હેલિકોપ્ટર વચ્ચેના અંતરનો ચોક્કસ અંદાજ લગાવી શકાય છે. જેટલો ટાઈમ ઓફ ફ્લાઈટ વધારે એટલી સંકેતોની પાછા ફરવાની ગતિ ઓછી અને જેટલો ટાઈમ ઓફ ફ્લાઈટ ઓછો એટલી સંકેતોની પાછા ફરવાની ગતિ વધારે. આ કાર્યપદ્ધતિ આકૃતિ-૩માં દર્શાવેલી છે.

(૨) લેઝર રેન્જ ફાઈન્ડર: આ પ્રકારના સેંસરમાં લેઝર કિરણોનો ઉપયોગ કરવામાં આવે છે. પ્રકાશની ગતિ ઘણી વધારે હોવાથી ઘણી વખત લક્ષ્યનો ચોક્કસ અંદાજ મળતો ન હોવાથી લેઝરકિરણોનો ઉપયોગ કરવામાં આવે છે જે મિલિમીટર કરતાં પણ ઓછા અંતરનો અંદાજ બાંધવામાં સરળતા પેદા કરે છે. આ પ્રણાલીનો સિદ્ધાંત ઉપરોક્ત ટાઈમ ઓફ ફ્લાઈટમાં જે દર્શાવેલ છે તે જ પ્રમાણેનો હોય છે.

અહીં વાયર્સનું અંતર જો (d) હોય, સમય (t) હોય તો વાયર્સ અને હેલિકોપ્ટર વચ્ચેનું અંતર $d=ct/2$ સૂત્રથી મેળવી શકાય છે. જ્યાં 'c'એ પ્રકાશ કે લેઝર પૂંજનો વેગ દર્શાવે છે.

આવાં ઉપકરણોમાં સંકેતોને સબળ રીતે કોકપીટમાં બેઠેલા પાયલોટ સમક્ષ રજૂ કરી શકે અને ઓછામાં ઓછા વણગમતા સંકેતો આપે તેવા ફાઈબર્સનો ઉપયોગ કરવામાં આવે છે. આ ફાઈબર્સ રેડિએશન દ્વારા ઉત્પન્ન થતા સંકેતોનું મહત્તમ માત્રામાં વિદ્યુત સંકેતોમાં રૂપાંતરણ કરવાની ક્ષમતા ધરાવતા હોવા જોઈએ.

નીચેનાં ઉપકરણોનો આસાપાસના વાતાવરણમાં રહેલા અવરોધોને પારખવા ઉપયોગ થઈ શકે છે.

(૧) અવરોધક (ઑબ્સ્ટેકલ) જાગૃત (અવેરનેસ) પ્રણાલી સિસ્ટમ (QASYS)

(૨) લેઝર ઑબ્સ્ટેકલ અવરેનેસ સિસ્ટમ (LOAS)

(૩) ડૉર્નિયર્સ હેલિકોપ્ટર લેસર રડાર (HELLAS)

(૪) હનીવૅલ એન્હાન્સ્ડ ગ્રાઉન્ડ પ્રોક્સિમિટી વૉર્નિંગ સિસ્ટમ (EGPWS)

ઉપરોક્ત પ્રણાલીઓ ઘણી ખર્ચાળ અને ભારે હોવાથી સૈન્યના હેલિકોપ્ટરમાં વધુ પ્રમાણમાં વપરાય છે. જ્યારે રોબિન્સન આર ૨૨ નામની પ્રણાલી નાગરિક ઉડ્ડયનના હેલિકોપ્ટરમાં વજનમાં હલકી અને સસ્તી હોવાથી બહોળા પ્રમાણમાં ઉપયોગમાં લેવાય છે. સપ્ટેમ્બર ૨૦૦૮માં ફેડરલ એવીએશન ઍડમિનિસ્ટ્રેશન (FAA)માં પ્રકાશિત થયેલા એક અહેવાલ મુજબ નીચેનાં કારણો હેલિકોપ્ટરમાં થતા અકસ્માતો માટે જવાબદાર ગણવામાં આવ્યાં છેઃ

(૧) અપૂરતી દૃષ્ટિમર્યાદા

(૨) દૃષ્ટિ સ્પષ્ટતાનો અભાવ

(૩) ઊંચાઈ ચોક્સાઈપૂર્વક જાળવવાનો અભાવ

(૪) અયોગ્ય નિર્ણય, આયોજનનો અભાવ અને લેન્ડીંગ માટે સુસંગત ન હોય તેવા વિસ્તારની પસંદગી.

'સેફ્ટી સ્ટડીઝ ઑફ વાયર સ્ટ્રાઈક ડિવાઈસીઝ ઈન્સ્ટોલ્ડ ઓન સિવિલ એન્ડ મિલિટરી હેલિકોપ્ટર'નો મુખ્ય હેતુ આથી જ એવા અભ્યાસો અને સંશોધનો હાથ ધરવાનો છે જે અત્યારની પ્રણાલીને વધુ સુસજ્જ બનાવી શકે અને આવા અકસ્માતોમાં નોંધપાત્ર ઘટાડો કરી શકે. આવા અભ્યાસો અને સંશોધનો ભવિષ્યમાં કોકપીટમાં પાઈલોટની સતર્કતામાં વૃદ્ધિ કરી શકશે અને આવા મરણતોલ વિસ્તારોમાંથી હેલિકોપ્ટર અને તેના મુસાફરોને હેમખેમ ઉગારવામાં મદદરૂપ સાબિત થશે.

(મદદનીશ અધ્યાપક, એન.વી. પટેલ સાયન્સ કૉલેજ,
વલ્લભ વિદ્યાનગર. મો.: ૯૪૨૭૪૨૨૪૭૦)

*// આરોગ્ય //*

## શાકભાજીના લાભાલાભ

### સાગર એમ. ભીંડે, એ.આર.વી. મૂર્તિ

આહાર વિષયક જ્ઞાનનું મહત્ત્વ તો નાના-મોટા, સાજા-માંદા, ભણેલા-અભણ, ગરીબ-અમીર સૌને રોજેરોજ સ્પર્શે તેવું છે.

વ્યક્તિ પોતે જે ખાઈપીએ, માતાઓ-બહેનો-રસોઈયાઓ પરિવારજનોને, વિદ્યાર્થીઓને કે ગ્રાહકોને ખવડાવે પીવડાવે તેના ગુણદોષનું જ્ઞાન તો તેમને અવશ્ય હોવું જ જોઈએ.

આજે શાકાહાર પ્રત્યેનું વલણ દેશવિદેશમાં વધતું જાય છે. કેટલીક વાર તો તેનો અતિરેકે થતો પણ જોવામાં આવે છે. શાકાહાર કરવાવાળા કેવળ દેખાદેખી, સ્વાદ ખાતર કે આદત અનુસાર શાકભાજી ખાતા હોય તેવું પણ જોવામાં આવે છે. તેમાં ક્યાંક વિવેક જોવામાં આવતો નથી. રોગ, ઋતુ, પ્રકૃતિ, દેશ, કાળ, ઉંમર, પ્રકાર વગેરે પર લક્ષ્ય રાખ્યા વિના બેફામ રીતે તે ખવાતાં હોવાથી લાભને બદલે ગેરલાભ પણ કરે છે.

ભાવતાં હોવાથી, મળતાં હોવાથી, બગડતાં ન હોવાથી અમુક શાક પ્રત્યે આંધળો પક્ષપાત પણ માઝા મૂકી રહ્યો છે (દા.ત. બટાટા). તેથી, આયુર્વેદીય વિચારસરણી પ્રમાણે શાકભાજીના ગુણ અને તેના ઉપયોગના વિવેક પર ભાર આપવાનું શરૂ થાય તે આ લેખનો હેતુ છે. વાચકોને વિચાર કરતા કરી મૂકવાનો પણ હેતુ છે.

શાકભાજી વિશેના પ્રવર્તમાન દૃષ્ટિકોણ અને આયુર્વેદના દૃષ્ટિકોણમાં ક્યારેક તો જમીનઆસમાનનું અંતર દેખાય છે. આજે શાક પુષ્કળ ખાવાની હિમાયત કરવામાં આવે છે. તો તેનાથી ઊલટું, આયુર્વેદમાં તેનો બને તેટલો ત્યાગ કરવાનું, ઓછામાં ઓછો કે કેવળ પથ્ય શાકભાજીનો જ ઉપયોગ કરવાનું કહેવામાં આવ્યું છે.

સોળમી સદીમાં લખાયેલી 'ભાવપ્રકાશ સંહિતા'માં પ્રત્યેક શાકના ગુણદોષનું વર્ણન કરવામાં આવેલું છે. તેમાંથી શાક-વર્ગના પ્રકરણમાં ૨-૩ શ્લોક એવા છે કે જે આજના શાકપ્રેમી સમાજની આંખો ખોલી નાખવા માટે પૂરતા છે.

અત્યારે તો એવો સમય છે કે ખુદ વૈદ્યો પણ આ શ્લોકને જાહેરમાં મૂકતાં, તેની ચર્ચા કરતાં ડરે અને સંકોચ અનુભવે છે. આયુર્વેદનું એ જ્ઞાન જાણે ગુનો હોય તેવો ક્ષોભ અનુભવે છે. પરંતુ એ શ્લોકને ચર્ચાનો વિષય બનાવવામાં અમે ઉપરનામાંથી કોઈ પણ ભાવ અનુભવી નથી રહ્યા, ઊલટું તે ફરજનો એક ભાગ લાગે છે.

શ્લોક આ પ્રમાણે છેઃ

शाकं भिनति वपुरस्थि निहन्ति नेत्रं वर्ण विनाशयति रक्तमयापि शुकृम ।
प्रज्ञाक्षयं य कुरुते पलितं च नूनं हन्ति स्मृतिं गतिमिति प्रवदन्ति तज्ज्ञाः ॥

भा.प्र.नि. शाकवर्ग २.३

અર્થાત્

(અપથ્ય) શાક શરીરનાં હાડકાંને ચીરી (હાડકાંને નબળાં કરી) નાખે છે. નેત્ર(ની દૃષ્ટિ)ને હણે છે. વર્ણ, રક્ત તથા વીર્યનો નાશ કરે છે તેમજ સ્મૃતિ અને ગતિ (ચાલવાની શક્તિ)ને ચોક્કસ હણે છે, એવું આહાર શાસ્ત્રીઓનું મંતવ્ય છે.

ભાવપ્રકાશ જેવા માન્ય ગ્રંથના કર્તા વૈદ્યરાજ ભાવમિશ્રનો આક્રોશ તો જુઓ, કેવા કડક શબ્દોને તેમણે રોજ યાદ રહી જાય તેવા સુમધુર (વસંતતિલકા) છંદમાં વ્યક્ત કર્યો છે.

આપણા પૂર્વજો આટલા બધા શાકનો ઉપયોગ કરવાને બદલે દૂધ, દહીં, છાશ, ઘી, તેલનો ઉપયોગ વધુ કરતા હોવાથી તેમનાં હાડકાંની મજબૂતાઈ અને આંખોના તેજમાં અને અત્યારના લોકોમાં હાથી ઘોડાનો ફરક જોવા મળે છે.

શાક ખાવાથી આપણો વાન ખીલ્યો હોત તો આટલા બધા સૌંદર્યપ્રસાધનો અને સૌંદર્યકેન્દ્રો કોના માટે?

આપણામાં લોહીની ખામી કેટલી થવા પામી છે એ તો લેબોરેટરીઓ ચાર મોંઢે કહી રહી છે.

પ્રવર્તમાન પુરુષમાં વીર્યનું પ્રમાણ ઘટ્યું છે, ને તે ઘટતું જ જાય છે. તે કેવળ લેબોરેટરીઓ જ નહીં પરંતુ પરીક્ષણો દ્વારા પણ સાબિત થઈ ચૂક્યું છે. WHO એ સંપૂર્ણ દુનિયામાં ૬થી ૮ લાખ દંપતી ફક્ત પ્રાઈમરી વંધ્યત્વના ભોગ બનેલાં છે તેવું સર્વેના અંતે જણાવ્યું હતું.

આપણી પ્રજ્ઞા, સ્મૃતિ અને બુદ્ધિનું પણ આવું જ સમજવું. ટ્યૂશનો, ગાઈડો, રેફરન્સ ગ્રંથોના ઢગલા. કેલ્ક્યુલેટરો કે કમ્પ્યુટરનો આધાર આપણે કાંઈ અમસ્તો લેવો પડ્યો નથી.

ઉપરોક્ત શ્લોક સિવાય પણ આયુર્વેદના ગ્રંથોમાં અનેક સ્થળોએ શાકનો ઉપયોગ બને તેટલો ઓછો કરવાનું જ સૂચન જોવા મળે છે. શાકાહારીઓએ, આહારશાસ્ત્રીઓએ, વૈજ્ઞાનિકોએ અને સર્વ ચિકિત્સા પદ્ધતિના નિષ્ણાતોએ કશો પૂર્વગ્રહ રાખ્યા વિના માનવજાતના રોજિંદા આરોગ્યને સ્પર્શનારા આ મહત્ત્વના શ્લોકો પ્રત્યે ક્યારેક તો ધ્યાન દેવું જ પડવાનું છે. વારીને નહીં તો હારીને પણ, આજે નહીં તો સો વર્ષે પણ.

વળી, પશ્ચિમી દેશોમાં પણ આ જ રીતે નાઈટશેડ વર્ગના શાકનો ઉપયોગ પણ બને તેટલો ઓછો કરવાની પ્રથા હતી. જેમાં ટમેટા, બટાકા, રીંગણાનો પણ સમાવેશ થાય છે.

તો આ પરથી એ જ શીખવાનું રહ્યું કે, શાક (લીલોતરી)નો ઉપયોગ વિવેકપૂર્ણ હોવો જોઈએ. ફક્ત મોજશોખ અને જીભને વશ થઈને શાકનો ઉપયોગ કરવાથી સ્વાસ્થ્યને માટે નુકસાનકારક થઈ શકે છે.

ઉપરોક્ત લેખમાં અને વિચારમાંથી સૌથી મોટો પ્રેરણાસ્રોત, આયુર્વેદના ખૂબ જ અનુભવી ચિંતક વૈદ્ય શોભન વસાણી છે. આ પ્રસંગે તેમને પ્રણામ કરીને આ લેખને પૂર્ણ કરતાં અમે યથાર્થની લાગણી અનુભવું છીએ.

(જી.જે. પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ આયુર્વેદિક સ્ટડીઝ એન્ડ રિસર્ચ, ન્યૂ વલ્લભ વિદ્યાનગર. ફોનઃ ૦૨૬૯૨-૨૩૫૦૫૧)

# વલ્લભ વિદ્યાનગરના ૬૯મા સ્થાપના દિવસની ઉજવણી

ચારુતર વિદ્યામંડળ(સીવીએમ)ના આદ્યસ્થાપકો પૂ.ભાઈકાકા અને પૂ.ભીખાભાઈ સાહેબે ૩ માર્ચ ૧૯૪૬ના રોજ વિદ્યાનગરની પવિત્રભૂમિ પર વસવાટ શરૂ કર્યો. વલ્લભ વિદ્યાનગરની સ્થાપનાના ૬૯મા દિવસની ઉજવણી ગુજરાતના સંનિષ્ઠ સનદી અધિકારી અને સાક્ષર રહેલા ૮૮ વર્ષના શ્રી કુલીનચંદ્ર યાજ્ઞિકના અતિથિ વિશેષપદે ચારુતર વિદ્યામંડળ મુખ્યાલય સંકુલમાં સીવીએમના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલની અધ્યક્ષતામાં કરવામાં આવી હતી. સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિ ડૉ.હરીશ પાઢ, વલ્લભ વિદ્યાનગરના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ(બાબાભાઈ) પટેલ, સીવીએમના ટ્રસ્ટી શ્રી હેમંતભાઈ પટેલ તેમ જ અન્ય મહાનુભાવો અને નગરજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત હતાં.

પોતાના વિદ્યાર્થીકાળમાં વિકસી રહેલા વલ્લભ વિદ્યાનગરમાં આદ્યસ્થાપકો ભાઈકાકા અને ભીખાભાઈ સાહેબ સાથેની મુલાકાતો તેમ જ ૧૯૪૮માં બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલયના ઉદ્‌ઘાટન પ્રસંગે પધારેલા છેલ્લા બ્રિટિશ ગવર્નર-જનરલ લૉર્ડ માઉન્ટબેટનના એ સમારંભમાં પોતે હાજર હોવાનાં સંસ્મરણ રજૂ કરતાં ગુજરાત સરકારના શિક્ષણ સચિવ અને ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના સંસ્થાપક કુલપતિ રહેલા શ્રી યાજ્ઞિકે કહ્યું હતું કે પાટણમાં નવી યુનિવર્સિટીની કામગીરી શરૂ કરવામાં મને વિદ્યાનગરની રચના અને તેના આદ્યસ્થાપકો પ્રેરણા પૂરી પાડનાર રહ્યા હતાં. ભાઈકાકા અને ભીખાભાઈ સાહેબ માટે પ્રેરણા પુરુષ રહેલા સરદાર પટેલ તેમ જ તેમના પણ ગુરુ ગાંધીજીના ગ્રામસુધારણાના સ્વપ્નના અનોખા અનુભવ તરીકે વલ્લભ વિદ્યાનગરના વિકાસની ગૌરવ ગાથા તેમણે રજૂ કરી હતી. ભાઈકાકા, ભીખાભાઈ સાહેબ અને એચ.એમ.પટેલ સાહેબની વહીવટી કુશળતા અને વિદ્યાનગરના વિકાસની પરંપરાને એ જ સ્તર પર કાર્યક્ષમતા અને સફળતા બક્ષવાનું તેમના અનુગામી તરીકે ડૉ.સી.એલ.પટેલ થકી જળવાયાનો વિનમ્ર ઉલ્લેખ કરીને વિદ્યાનગરના વિકાસમાં જે કોઈ નાના મોટા કાર્યકરોએ યોગદાન કર્યું તેમને શ્રી યાજ્ઞિકે અંજલિ અર્પી હતી.

આ પ્રસંગે ચારુતર વિદ્યામંડળના નવપ્રકાશિત બ્રોશરનું લોકાર્પણ મુખ્ય અતિથિ શ્રી કુલીનચંદ્ર યાજ્ઞિક અને અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલે કર્યું હતું. સમારંભનું સંચાલન અને આવકાર વ્યાખ્યાન સીવીએમના માનદ મંત્રી પ્રિ.એસ.એમ.પટેલે કર્યું હતું. સેરલિપના નિયામક ડૉ.હરિ દેસાઈએ મહેમાનોનો પરિચય આપ્યો હતો અને આભાર દર્શન સીવીએમના માનદ સહમંત્રી ડૉ.એસ.જી.પટેલે કર્યું હતું. માનદ કાર્યકારી મંત્રી ડૉ.જે.ડી.પટેલ, માનદ સહમંત્રીઓ શ્રી વી.એમ.પટેલ, શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, શ્રી મયૂરભાઈ પટેલ, પ્રિ.આર. સી.દેસાઈ ઉપરાંત ગવર્નિંગ બોડી અને કાઉન્સિલના સભ્યો, દાતાશ્રીઓ, વિવિધ શિક્ષણ સંસ્થાઓના આચાર્યો, અધ્યાપકો, શિક્ષકો અને કર્મચારીઓ ઉપરાંત વિદ્યાર્થીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત હતાં. પ્રારંભમાં મહાનુભાવોએ દીપપ્રાગટ્ય કર્યું હતું અને સીવીએમની રમા-મનુભાઈ દેસાઈ કોલેજ ઓફ મ્યુઝિક એન્ડ ડાન્સના કલાવૃંદે પ્રાર્થના રજૂ કરી એ પછી મહાનુભાવોને હસ્તે સીવીએમના ધ્વજનું આરોહણ કરવામાં આવ્યું હતું.

સીવીએમ મુખ્યાલયમાં કાર્યક્રમ પૂર્વે ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલ, મુખ્ય અતિથિ શ્રી કુલીનચંદ્ર યાજ્ઞિક, સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિ ડૉ.હરીશ પાઢ તેમ જ ચારુતર આરોગ્ય મંડળનાં અધ્યક્ષ ડૉ.અમ્રિતાબેન પટેલના નેતૃત્વમાં વિશાળ સંખ્યામાં નગરજનો નગરની પ્રેરણામૂર્તિઓ સરદાર પટેલ, ભાઈકાકા, ભીખાભાઈ સાહેબ તેમ જ એચ.એમ.પટેલ સાહેબની પ્રતિમાઓને પુષ્પાંજલિ અર્પવા જોડાયાં હતાં.

આઝાદી પછીના બે દાયકામાં ગુજરાતમાં ત્રણ નગરો વિકસ્યાં. વલ્લભ વિદ્યાનગર, આદિપુર-ગાંધીધામ અને ગાંધીનગર. વિદ્યાનગર સિવાયનાં બે નગરો સરકારી પ્રેરણાથી વિકસ્યાં હતાં પરંતુ વલ્લભ વિદ્યાનગર પ્રજાની પોતાની પ્રવૃત્તિથી અને પુરુષાર્થથી નોખી રીતે વિકસ્યું હોવાની નોંધ લેવી જોઈએ એવું તેમણે જણાવ્યું હતું. તેમણે સૂચન કર્યું હતું કે ગુજરાતના નમૂનેદાર વહીવટ

અને પ્રજાની ભાગીદારી સંદર્ભે ચારુતર વિદ્યામંડળ અને યુનિવર્સિટી સહયોગથી કામ કરીને પબ્લિક એડમિનિસ્ટ્રેશન વિભાગ શરૂ કરે અને અન્ય રાજ્યો અને દેશોના વહીવટ અંગેના અભ્યાસો હાથ ધરવામાં આવે. ગુજરાતની પ્રજા તેની વેપારી પ્રકૃતિ અને ગાંધી-સરદાર તરફથી સત્યાગ્રહની મળેલી તાલીમથી વધુ સ્વનિર્ભર થવા ટેવાયેલી હોવાથી તેના સુશાસનના અભ્યાસો પણ હાથ ધરવા જરૂરી છે. ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ. સી.એલ.પટેલે તેમના આ વિચારને આવકારીને એચ. એમ.પટેલ કરિયર ડેવલપમેન્ટ સેન્ટર અને સીવીએમ આઈએએસ ઍકેડેમીમાં આવા ઉપક્રમો હાથ ધરવાની સૂચના આપી હતી.

સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિ ડૉ.હરીશ પાઢે આદ્યસ્થાપકોને અંજલિ અર્પતાં વલ્લભ વિદ્યાનગરના સ્થાપના દિને સૌને આ શિક્ષણ નગરીના વિકાસ માટે યોગદાન કરવા માટે હાકલ કરી હતી. તેમણે કહ્યું હતું કે સરદાર પટેલ દ્વારા ૫૦૦ થી વધુ રજવાડાં મેળવવામાં સફળતા મળી ના હોત તો કેવા સંજોગો હોત એવો વિચાર માત્ર આપણા શરીરમાં ધ્રુજારી પ્રસરાવે છે એવું જ કાંઈક વલ્લભ વિદ્યાનગરના સ્વપ્નકારો જો નિષ્ફળ રહ્યા હોત તો કેવી સ્થિતિ સર્જાત એના વિચારથી અનુભવાય છે. ડૉ.પાઢે ભાઈકાકા અને ભીખાભાઈ સાહેબના પ્રયાસોથી વિદ્યાનગરની સ્થાપના થઈ અને એક અંદાજ મુજબ ૩.૫ લાખ વિદ્યાર્થીઓએ આપણી યુનિવર્સિટીમાંથી ડિગ્રી મેળવી અને એમાંના ૯૦ ટકા તો પોતાના પરિવારમાંથી ભણનાર પ્રથમ વ્યક્તિ હોવાથી આ શિક્ષણ ક્રાંતિ થકી સાડા ત્રણ લાખ કુટુંબોનું શૈક્ષણિક, સામાજિક અને આર્થિક ઉત્થાન શકય બન્યું છે.

અધ્યક્ષસ્થાનેથી ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલે ચારુતર વિદ્યામંડળની આદ્યસ્થાપક-ત્રિપુટી ભાઈકાકા, ભીખાભાઈ સાહેબ અને એચ.એમ.પટેલ સાહેબને અંજલિ અર્પી હતી અને સરદાર સાહેબની પ્રેરણાથી શકય બનેલા વલ્લભ વિદ્યાનગરના જ્ઞાન યજ્ઞની જ્યોતને નિરંતર પ્રજ્વલિત રાખવા સૌના સહકારની અપેક્ષા કરી હતી. સીવીએમના અધ્યક્ષે કહ્યું હતું કે ક્યારેક ચોર ડાકુઓનો અડ્ડો ગણાતી આ ભૂમિ સરદાર સાહેબની પ્રેરણાથી વિશ્વવિખ્યાત શિક્ષણનગરી શકય બની છે તેમાં સૌનું યોગદાન છે. દાતાઓ, શિક્ષકો, આચાર્યો, કર્મચારીઓ સહિતના સૌ કોઈનું ભાઈલાલે ધૂળમાંથી સોનુ પેદા કર્યું એ ભૂમિ પર ૨૧મી સદીને અનુરૂપ જ્ઞાન ગંગા વહાવી છે. ભાઈકાકાના વલ્લભ વિદ્યાનગરને આદર્શ નગર બનાવવામાં નગરપાલિકાનું યોગદાન પણ ઓછું નથી એવું જણાવીને તેમણે પાલિકાપ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ પટેલ અને તેમના સાથીઓની સેવાને પણ બિરદાવી હતી.

વલ્લભ વિદ્યાનગરના સ્થાપના દિને ચારુતર વિદ્યામંડળની વિવિધ સંસ્થાઓમાંથી સેવાનિવૃત્ત થનાર સ્વીપર, હમાલ, શિક્ષક, અધ્યાપક, ક્લાર્ક તેમ જ ફોટોગ્રાફરનું અધ્યક્ષ ડૉ.પટેલને હસ્તે શાલ આપીને સન્માન કરવામાં આવ્યું હતું. વિશિષ્ટ યોગદાન કરનારા અધ્યાપકો, શિક્ષકો અને વિદ્યાર્થીઓને મુખ્ય અતિથિ શ્રી કુલીનચંદ્ર યાજ્ઞિકને હસ્તે ગૌરવચિહ્ન આપીને સન્માન કરવામાં આવ્યું હતું. વિશેષ સન્માનમાં 'એ' ગ્રેડ એક્રિડિટેશન મેળવનાર વી.પી.અને આરપીટીપી સાયંસ કોલેજના આચાર્ય ડૉ.ભાવેશ પટેલ, એસ.એમ.પટેલ કોલેજ ઓફ હોમ સાયન્સનાં આચાર્ય શ્રીમતી રેખા ઈમેન્યુઅલ, સેમકોમના આચાર્ય ડૉ.નિખિલ ઝવેરી અને એનવીપાસ કોલેજના આચાર્ય ડૉ.બાસુદેબ બક્ષી ઉપરાંત સીવીએમનો ઈતિહાસ લખી રહેલા ડૉ.રમેશ ત્રિવેદી અને સીવીએમના બ્રોશરમાં યોગદાન કરનાર પ્રા.સુધીર મુખરજી(અનુપસ્થિતિમાં)નો સમાવેશ હતો.

# સર્વપ્રથમ ત્રિદિવસીય નારીકથા : ડૉ.ટીના દોશીની ઐતિહાસિક પહેલ

ચારુતર વિદ્યામંડળ(સીવીએમ)ના અધ્યક્ષ શિક્ષણમહર્ષિ ડૉ.સી.એલ.પટેલની ઉપસ્થિતિમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની અનોખી ઉજવણીના પર્વ નિમિત્તે 'વેદથી મહાભારતનાં નારીપાત્રોનો ગહન અભ્યાસ કરનાર' વિદુષી ડૉ.ટીના દોશીની સર્વપ્રથમ ત્રિદિવસીય નારીકથા દબદબાભેર સંપન્ન થઈ હતી. મહિલાઓની બળુકી ઓળખ રસપ્રદ પ્રસંગો અને ગીત-સંગીતની રસલ્હાણ સાથે કરાતાં ઈતિહાસમાં એક સુવર્ણપુષ્પનું ઉમેરણ થયું હતું.સર્વપ્રથમ ત્રિદિવસીય નારીકથાને સુપ્રસિદ્ધ કથાકારો પૂ.મોરારિબાપુ અને શ્રી રમેશભાઈ ઓઝા(ભાઈશ્રી)એ ખાસ શુભેચ્છા પાઠવીને એને આવકાર આપ્યો હતો.

સીવીએમના ભારતીય મહિલા વિશ્વકોશનાં રિસર્ચ ફેલો અને સૅન્ટર ફોર સ્ટડીઝ ઍન્ડ રિસર્ચ ઑન લાઈફ ઍન્ડ વર્ક્સ ઓફ સરદાર વલ્લભભાઈ પટેલ(સૅરલિપ) નાં અધ્યાપક ડૉ.ટીના દોશીની સર્વપ્રથમ ત્રિદિવસીય નારીકથાને શિક્ષણનગરી વલ્લભ વિદ્યાનગરમાંથી જ નહીં, સમગ્ર ગુજરાત અને ગુજરાત બહારના ગુજરાતી સમાજે સુંદર આવકાર આપ્યો છે. મહિલાઓને બિચારી-બાપડી ગણવાની પ્રચલિત માન્યતાઓનું ખંડન કરતાં ડૉ. ટીના દોશીએ સંશોધન-અધ્યયનને આધારે મહિલાઓ પરાપૂર્વથી બળુકી અને વિશેષજ્ઞ હોવાનું લોકભોગ્ય શૈલીમાં બુદ્ધિજીવીઓ અને જનસામાન્ય સમક્ષ મૂકવાના કરેલા પ્રશંસનીય કામને વધાવવા માટે ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલ અને બીજાં મહાનુભાવો પધાર્યાં હતાં. ૮ માર્ચના આંતરરાષ્ટ્રીય મહિલા દિવસે સર્વપ્રથમ નારીકથાની પૂર્ણાહુતિ થતાં સીવીએમના માનદ મંત્રી પ્રિ.એસ.એમ.પટેલે ખરા અર્થમાં સમગ્ર નારીકથાને 'મહિલા પુનઃસશક્તિકરણ' (વીમેન રિ-ઍમ્પાવરમેન્ટ) સમાન લેખાવી હતી.

**કથાકારો પૂ.મોરારિબાપુ અને શ્રી રમેશભાઈ ઓઝા(ભાઈશ્રી)એ ખાસ શુભેચ્છા પાઠવી**

ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલે ચારુતર વિદ્યામંડળના ભારતીય મહિલા વિશ્વકોશનાં રિસર્ચ ફેલો ડૉ.ટીના દોશીની સર્વપ્રથમ નારીકથાને બિરદાવીને આશીર્વાદ આપતાં કહ્યું હતું કે સર્વપ્રથમ નારીકથા વલ્લભ વિદ્યાનગરની પવિત્ર ભૂમિ પર યોજાયા પછી એ વ્યાપક સ્તરે અન્યત્ર પણ વિસ્તરે એવી અપેક્ષા કરું છું. ડૉ.ટીના દોશીએ જયાં પણ નારીકથા કરવાની હોય તેને માટે સઘળી જવાબદારી ચારુતર વિદ્યામંડળ ઉપાડશે એવું પણ તેમણે જાહેર કર્યું હતું. સમાપનપર્વમાં અધ્યક્ષસ્થાનેથી ડૉ. પટેલે સ્વીકારોક્તિ કરી હતી કે વેદથી માંડીને મહાભારત સુધીની મહિલાઓનાં નોખાં વ્યક્તિત્વોની જે સુંદર રીતે ડૉ.ટીનાએ રજૂઆત કરી એ સાંભળીને મને અનુભવાયું કે આ સર્વપ્રથમ નારીકથાના પ્રથમ બે દિવસ મારે એના શ્રવણ માટે આવવું જોઈતું હતું. પ્રથમ દિવસે ઉપસ્થિત મહાનુભાવોમાં ચારુતર વિદ્યામંડળના દાતાશ્રી શ્રીમતી વાસંતીબેન પટેલે સીવીએમના ભારતીય મહિલા વિશ્વકોશના એક ગ્રંથને સ્પોન્સર કરવા માટે રૂ.એક લાખનું ચારુતર વિદ્યામંડળને દાન આપવાની જાહેરાત કરાવી હતી.

આણંદના શ્રી રામકૃષ્ણ સેવા મંડળનાં માનદ મંત્રી શ્રીમતી જયોત્સનાબહેન પટેલે ડૉ.ટીના દોશીને અભિનંદન આપતી વખતે હવે પછીની બીજી નારીકથા આણંદમાં અમારા મંડળના નેજા હેઠળ યોજવા અમો તત્પર છીએ. આવું જ રાજકોટસ્થિત યુજીસી ઍકેડેમિક સ્ટાફ કૉલેજના નિયામક ડૉ.કલાધર આર્ય અને અમદાવાદમાં ડૉ.ઉર્મિલાબહેન ચીમનભાઈ પટેલના નેજા હેઠળ ચાલતી કૉલેજોના સરદાર પરિવારનાં કૉ-ઑર્ડિનેટર પ્રિ.મીરાબહેન મેનને પણ અમદાવાદમાં સરદાર પટેલ કૉલેજોના સમૂહના ઉપક્રમે ડૉ.ટીના દોશીની નારીકથા કરવા માટે ડૉ.ઉર્મિલાબહેન ચીમનભાઈ પટેલ વતી નિમંત્રણ આપ્યું હતું. ગુજરાતના જાણીતા સાહિત્યકાર ડૉ.કેશુભાઈ દેસાઈએ પોતાના પરિવારનાં સભ્ય ડૉ.ટીના દોશીની સર્વપ્રથમ નારીકથાના ઉપક્રમને બિરદાવ્યો હતો અને તેનો વ્યાપ સતત વિસ્તરતો જાય એવી શુભકામના વ્યક્ત કરી હતી.

આ પ્રસંગે સૌ પ્રથમ ત્રિદિવસીય નારીકથા કરનાર સૅરલિપનાં અધ્યાપિકા ડૉ.ટીના દોશીએ ભાવ વ્યક્ત કર્યો હતો કે ભારતીય મહિલા વિશ્વકોશ પ્રકલ્પ હું એક દાયકાથી કામ કરવા ઉત્સુક હતી અને ઘણા મહારથીઓ સમક્ષ આ પ્રકલ્પ મૂક્યો હતો, પરંતુ ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલે એનો સ્વીકાર કરીને મારા જીવનના

## ડૉ.ટીના દોશીના પરિચયની આછેરી ઝલક



મોસાળ ધ્રાંગધ્રામાં જન્મેલાં અને મૂળ બોટાદના પ્રતિષ્ઠિત શેઠશ્રી ભગા દોશી પરિવારનાં વંશજ એવાં ૪૬ વર્ષીય ડૉ.ટીના દોશીનો ઉછેર અને શિક્ષણ મુંબઈમાં થયું. મુંબઈ યુનિવર્સિટીમાંથી રસાયણશાસ્ત્ર સાથે બી.એસસી. કર્યા પછી ગુજરાતની ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાંથી સમાજશાસ્ત્રમાં ડિસ્ટિંક્શન સાથે એમ.એ. થઈને તેમણે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાંથી સમાજશાસ્ત્રમાં પીએચ.ડી. કર્યું છે. અત્યારે તેઓ વલ્લભ વિદ્યાનગર ખાતે સૅરલિપમાં અધ્યાપિકા છે.

૧૯૮૯થી મુંબઈમાં 'જન્મભૂમિ' દૈનિક અને ઈન્ડિયન એક્સપ્રેસ ગ્રુપના 'સમકાલીન' દૈનિક તેમ જ 'ચિત્રલેખા' સાપ્તાહિક સાથે જોડાઈ પત્રકારત્વમાં યોગદાન કરવા બદલ મહારાષ્ટ્ર સરકારનું શ્રેષ્ઠ પત્રકારત્વ પારિતોષિક મેળવવા ઉપરાંત સંશોધનાત્મક સાહિત્યિક લખાણક્ષેત્રે પણ સક્રિય રહીને તેમણે ૧૫ પુસ્તકો પ્રકાશિત કર્યાં છે. તેમનાં પુસ્તકોને ગુજરાતી સાહિત્ય પરિષદ, ગુજરાત સાહિત્ય અકાદમીના એવોર્ડ ઉપરાંત પત્રકારત્વમાં યોગદાન માટે ગુજરાત દૈનિક અખબાર સંઘનો એવોર્ડ તેમને મળ્યો છે.

ગૂજરાત વિદ્યાપીઠના 'ભૂદાન ચળવળની રાષ્ટ્રીય સમીક્ષા' સંશોધન પ્રકલ્પ પર ડૉ.ટીના દોશીએ વાઈસ-ચાન્સેલર ડૉ.સુદર્શન આયંગારના માર્ગદર્શનમાં બે વર્ષ કામ કર્યું. લંડનથી પ્રકાશિત થતાં 'ગુજરાત સમાચાર' અને 'એશિયન વૉઈસ' સાપ્તાહિકોનાં પ્રોજેક્ટ ઈન્ચાર્જ અને ઍડિટોરિયલ કો-ઑર્ડિનેટર રહ્યાં છે. છેલ્લાં સાડા ત્રણ વર્ષથી ચારુતર વિદ્યામંડળના ભારતીય મહિલા વિશ્વકોશનાં રિસર્ચ ફૅલો તરીકે કાર્યરત રહીને તેમણે ૧૧૦૦ પાનાંનો પ્રથમ ગ્રંથ પૂર્ણ કર્યો. તેમાં વેદથી મહાભારત સુધીના સમયગાળામાં મહિલાઓની સ્થિતિ વિશેનો તેમનો ગહન અભ્યાસ જોવા મળે છે.

સ્વપ્નને સાકાર કરવાનું નિમિત્ત પૂરું પાડ્યું. છેલ્લાં ત્રણ વર્ષથી ભારતીય મહિલા વિશ્વકોશ પર કામ કરતાં મને નારીઓની કથા કરવાનો વિચાર આવ્યો. આ વિચારને પણ ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ.પટેલ અને તેમના માનદ મંત્રીઓએ સ્વીકારી લીધો એ બદલ તેમનો અને સમગ્રપણે ચારુતર વિદ્યામંડળનો હું સવિશેષ આભાર માનું છું.

'સીતા રામની પત્ની હતી. રાવણ એનું હરણ કરી ગયો અને અંતે એ ધરતીમાં સમાઈ ગઈ' એવી બિચારી-બાપડી સીતાની અધૂરી ઓળખને સાચા સ્વરૂપે દુહા-છંદ સાથે રજૂ કરતાં ડૉ.દોશીએ કહ્યું હતું :'સીતા કાંઈ બિચારી-બાપડી નહોતી. એ તો શક્તિનો પૂંજ હતી. તેજનો અંબાર હતી. જ્ઞાની હતી અને વિદુષી હતી. એ ભાષાશાસ્ત્ર, સામુદ્રિકશાસ્ત્ર અને પૌરાણિક કથાઓની જાણકાર હતી. એના એ જ્ઞાનની ઝલક રામાયણમાં વારંવાર જોવા મળે છે'. એવું કાંઈક દ્રૌપદીનું હતું. પાંચ પાંડવોને પરણેલી દ્રૌપદીની ઓળખ માત્ર ચીરહરણ પૂરતી સીમિત નહોતી. દ્રૌપદી વિદુષી હતી. એણે પિતા દ્રુપદ રાજાના ખોળામાં બેસીને બૃહસ્પતિ નીતિનું શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું. દ્રૌપદી સ્પષ્ટવક્તા હતી. એ પતિને પણ સાચું કહેતાં અચકાતી નહોતી. સાથે જ પતિની જવાબદારીઓ પણ પોતાના શિરે લઈ લેતી. દ્રૌપદી ગણિતશાસ્ત્રમાં પારંગત હતી એટલું જ નહીં, એ પાંડવોની નાણાંમંત્રી, મહેસૂલ મંત્રી અને ગૃહમંત્રી હતી. વેદથી મહાભારત સુધીની સ્ત્રીઓના ઈતિહાસ પરથી પ્રેરણા લઈને અને સ્ત્રીની નિંદા કરવાને બદલે એને માન આપીએ એવું કહેતાં ડૉ.ટીના દોશીએ દુહો રજૂ કર્યો હતો :

નારીને નવ નીંદીએ, નારી રત્નની ખાણ
નારી ઘરનું નૂર છે, નારી જગતનું માન.

સમાપનપર્વમાં દશરથ રાજાનાં પટરાણી અને શ્રી રામનાં માતા કૌશલ્યાને ઔષધિશાસ્ત્રનાં જ્ઞાતા તેમ જ કૈકેયી અને શૂર્પણખાનાં પ્રચલિત ખલનાયક વ્યક્તિત્વોથી વિપરીત એમનાં વિશિષ્ટ વ્યક્તિત્વોનો કથાકાર ડૉ.દોશીએ ઉદાહરણ આપીને અનોખો પરિચય કરાવ્યો હતો. કૈકેયી કુશળ સારથિ અને અસ્ત્રશસ્ત્રવિદ્યામાં પારંગત હતી. રાવણની બહેન શૂર્પણખાએ રાવણને રાજનીતિનો બોધ કર્યો હતો તેમજ કેવો રાજા સફળ અને લોકપ્રિય થાય તે સમજાવ્યું હતું. રાવણની પટરાણી મંદોદરી સામાન્ય રીતે અજાણી રહે છે, પણ તે નીતિશાસ્ત્રમાં નિપુણ હતી એટલું જ નહીં તે અસુરકુળની ઈતિહાસવિદ હતી.

નારીકથામાં ઉપસ્થિત મહાનુભાવોમાં ચારુતર વિદ્યામંડળના માનદ મંત્રી પ્રિ.શનુભાઈ પટેલ, માનદ

કાર્યકારી મંત્રી ડૉ.જે.ડી.પટેલ, માનદ સહમંત્રીશ્રીઓ શ્રી વી.એમ.પટેલ, શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, ડૉ.એસ.જી.પટેલ અને પ્રિ.આર.સી.દેસાઈ, ગુજરાતના જાણીતા ન્યૂરોસર્જન ડૉ.વાય.સી.શાહ, નિવૃત્ત પ્રાધ્યાપક શ્રીમતી ઉષાબહેન શાહ, ગૂજરાત વિદ્યાપીઠના ગાંધી વિચાર વિભાગનાં વડાં ડૉ.પુષ્પાબહેન મોતિયાની, અમદાવાદની સહજાનંદ કોમર્સ કૉલેજના આચાર્ય શ્રી ઘનશ્યામભાઈ પટેલ, અમદાવાદની એસ.વી.કૉમર્સ કૉલેજનાં આચાર્ય પ્રિ.રૂપલબહેન પટેલ, ગાંધી વિચાર વિદ્યાર્થી સંઘના મહામંત્રી ડૉ.કનુભાઈ રાજપરા, દાતાશ્રી શ્રીમતી

**સીવીએમના અધ્યક્ષ ડૉ.સી.એલ. પટેલે કહ્યું કે ડૉ.ટીના દોશીની ઉપલબ્ધિ બદલ અમે ગર્વ અનુભવીએ છીએ**

વાસંતીબહેન પટેલ, આણંદની એઆઈપીએસના માનદ નિયામક ડૉ.આર.પી.પટેલ, સ.પ.યુનિવર્સિટીનાં સિન્ડિકેટ સભ્યો ડૉ.રેખાબહેન ઈમેન્યુઅલ, ડૉ.માલાબહેન ભમ્વરી, ડૉ.ડી.જી.પટેલ અને ડૉ.ઘનશ્યામસિંહ ગઢવી ઉપરાંત શિક્ષણ સંસ્થાઓના આચાર્યો, અધ્યાપકો, શિક્ષકો, વેદથી મહાભારત સુધીનાં વિશિષ્ટ નારીપાત્રોની નોખી વાતો જાણવા ઉત્સુક વયોવૃદ્ધોથી લઈને યુવાપેઢીનાં પ્રતિનિધિ સ્ત્રીપુરુષ બહોળી સંખ્યામાં ઉપસ્થિત હતાં. ૮૯ વર્ષીય ગાંધીવાદી કાર્યકર ઉમેદભાઈ પટેલ (લાંભવેલ), જાણીતા સાહિત્યકાર ડૉ.કેશુભાઈ દેસાઈ(ખેરાળુ-ગાંધીનગર) અને ડૉ.પુષ્પાબહેન મોતીયાની (ગૂજરાત વિદ્યાપીઠ)એ સર્વપ્રથમ નારીકથાકાર ડૉ.ટીના દોશીને શાલ ઓઢાડીને તેમનું સન્માન કર્યું હતું. સૌનું સ્વાગત સૅરલિપના નિયામક ડૉ.હરિ દેસાઈએ કર્યું હતું. સમગ્ર ત્રિદિવસીય કાર્યક્રમના સંયોજકની જવાબદારી સૅરલિપના અધ્યાપક ડૉ.વસંત પટેલે નિભાવી હતી. સૅરલિપના કર્મચારીગણ ઉપરાંત એમ.ફિલ. અને પીએચ.ડી.નાં વર્તમાન અને પૂર્વ વિદ્યાર્થીઓએ આયોજનમાં સક્રિય સહયોગ આપ્યો હતો. ત્રણેય દિવસ ગીત-સંગીત વૃંદનું સુકાન સીવીએમની આઈ.બી.પટેલ ઈંગ્લિશ સ્કૂલના આચાર્ય ડૉ.મહેશભાઈ ખ્રિસ્તીએ સંભાળ્યું હતું.

ચારુતર વિદ્યામંડળ(સીવીએમ)ના નેજા હેઠળ ચાલતા 'ભારતીય મહિલા વિશ્વકોશ'નાં સંશોધક (રિસર્ચ ફેલો) અને સૅન્ટર ફૉર સ્ટડીઝ ઍન્ડ રિસર્ચ ઑન લાઈફ ઍન્ડ વર્ક્સ ઑફ સરદાર વલ્લભભાઈ પટેલ(સૅરલિપ)નાં અધ્યાપિકા ડૉ.ટીના દોશીએ ત્રિદિવસીય નારીકથાનો આરંભ પ્રાચીન કાળની સ્ત્રીઓના ગૌરવવંતા ઈતિહાસની રજૂઆત સાથે કરીને નવો ઈતિહાસ રચ્યો હતો. સર્વપ્રથમ નારીકથાનું આયોજન ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ.સી.એલ. પટેલના આશીર્વાદ સાથે ગુરુવાર, ૬ માર્ચથી સીવીએમના માનદ મંત્રી પ્રિ.એસ.એમ.પટેલના અધ્યક્ષસ્થાને અનેક મહાનુભાવો અને વિશાળ શ્રોતાગણની ઉપસ્થિતિમાં સૅરલિપ સંકુલ ખાતે થયું હતું. ઉપસ્થિત મહાનુભાવોમાં સીવીએમની ગર્વનિંગ બૉડી અને કાઉન્સિલના સભ્યશ્રી કે.જી.પટેલ, ગુજરાત ઈતિહાસ પરિષદના પ્રમુખ અને અમદાવાદની એસ.વી.આટ્ર્સ કોલેજના આચાર્ય ડૉ. જગદીશ ચૌધરી, કેળવણી ક્ષેત્રે મહત્વનું યોગદાન કરનાર ડૉ.મહેશ પાઠક અને શ્રીમતી હર્ષિતાબેન પાઠક, શ્રી રામકૃષ્ણ સેવા મંડળની પી.જી.ઈન્સ્ટિટયૂટના નિયામક ડૉ.આર.પી.પટેલ, ગુજરાતી અધ્યાપક સંઘના અધ્યક્ષ ડૉ.ભગીરથ બ્રહ્મભટ્ટ, સરદાર પટેલ યુનિવર્સિટીના ઈતિહાસ વિભાગના અધ્યક્ષ ડૉ.જિગીષ પંડ્યા, સરદાર પટેલ યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગના પ્રોફેસર ડૉ.રમેશ મકવાણા, સીવીએમની શાળાઓનાં સલાહકાર શ્રીમતી વિનોદિનીબેન ભૂપેન્દ્રભાઈ પટેલ, પ્રા.પૂંજાભાઈ પટેલ દંપતી, હીરાબા મહિલા મંડળનાં પ્રમુખ શ્રીમતી ચંદ્રિકાબેન ત્રિવેદી અને સભ્યશ્રીઓ, સીવીએમની સંસ્થાઓના આચાર્યશ્રીઓ ડૉ.આર.પી.જાડેજા, શ્રીમતી રેખાબેન ઈમેન્યુઅલ, ડૉ.ઘનશ્યામસિંહ ગઢવી, ડૉ.આર. ડી.મોદી, પ્રિ.આર.એમ.પટેલ, પ્રિ. એન. એલ.સંઘવી, નલિની પરિવાર સહિતનાં મહાનુભાવો ઉપસ્થિત હતાં.

ત્રિદિવસીય નારીકથાના પ્રથમ દિવસે વ્યાસપીઠ પર બિરાજેલાં ડૉ.ટીના દોશીએ 'સાંભળેલા શબ્દની અસર વધુ પ્રભાવી હોવાથી' પોતાના ત્રણ વર્ષના ભારતીય મહિલા વિશ્વકોશ પરના સંશોધનના અર્કરૂપે નારીકથા કરવાનો સંકલ્પ જાહેર કર્યો હતો. સીવીએમના નલિની-અરવિંદ આટ્ર્સ કોલેજસંલગ્ન ભારતીય મહિલા વિશ્વકોશ પ્રકલ્પ પર કાર્યરત ડૉ.દોશીએ આ વિશ્વકોશના સંકલ્પિત પાંચ ગ્રંથમાંથી 'વેદથી મહાભારત સુધી સ્ત્રીઓની સ્થિતિ' વિશેનો પ્રથમ ગ્રંથ પૂર્ણ કર્યો છે. એપ્રિલ મહિનાની શરૂઆતમાં અમેરિકાના પ્રવાસે જઈ રહેલા સીવીએમના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલ મે મહિનાના અંતિમ સપ્તાહમાં સ્વદેશ પાછા ફરે પછી આ ગ્રંથનો લોકાર્પણ સમારંભ યોજાશે.

નારીકથાના શુભારંભપર્વ દરમિયાન કથાકાર ડૉ.ટીના દોશીએ અત્યારે સ્ત્રીઓને બિચારી-બાપડી ગણનારાઓને પ્રાચીન ઈતિહાસને આધારે પ્રાચીનકાળની સ્ત્રીઓ વિદૂષી અને બળૂકી હોવાની પ્રારંભના દિવસે કથામાં ધારદાર રજૂઆત કરી જણાવ્યું હતું. ડૉ.ટીના દોશીએ કહ્યું : 'વેદકાળની રોમશા નારીસ્વાતંત્ર્યની ધ્વજધારિણી હતી. એના રોમેરોમમાં વેદની શાખાઓ અને શાસ્ત્રો વસેલાં

હતાં એટલે એનું નામ રોમશા. એની બુદ્ધિપ્રતિભાથી આકર્ષાઈને રાજા સ્વનયભાયવ્યે સિંધુ નદીના તટ પર એક હજાર યજ્ઞ કર્યા. રોમશા રીઝી અને એની સાથે પરણી હતી.'

'વિશ્વની સર્વપ્રથમ પુરોહિતા વિશ્વવારાએ મંત્રોમાં અગ્નિદેવની સ્તુતિ કરી હતી.... વિદૂષી અપાલા એટલે અત્રિ ઋષિની દીકરી અને કૃશાશ્વ ઋષિની પત્ની. ચર્મરોગને કારણે પતિએ મુખ ફેરવી લીધું ત્યારે અપાલાએ પિતાના ઘરે રહીને ઈંદ્રદેવની સ્તુતિ કરી દેવને પ્રસન્ન કર્યા અને ઋષિ પતિએ પ્રાયશ્ચિત કર્યું અંતે બધાં સારાં વાનાં થયાં..... ઘોષાને કુષ્ઠરોગ થયો હતો. મોટી ઉંમર થઈ પણ લગ્ન થયાં નહોતાં એટલે એણે અશ્વિનીકુમારોને પ્રસન્ન કરીને નવયુવાની પ્રાપ્ત કરીને અર્જુન ઋષિ સાથે લગ્ન કર્યાં હતાં... યુદ્ધકળામાં પારંગત વિશ્પલાનો યુદ્ધમાં જ પગ કપાયો એટલે એને લોખંડનો પગ બેસાડાયો હતો. યુદ્ધભૂમિમાં પતિ ખેલરાજાને એ પ્રેરણા આપતી રહી હતી.''

વેદકાળથી કંઠ પરંપરાથી પુરાણકાળ સુધીમાં વિકસેલી લેખન પરંપરામાં સ્ત્રી સશક્તિકરણની વિકાસ અને સાહસ ગાથા ચારુતર વિદ્યામંડળ(સીવીએમ)નાં ડૉ.ટીના દોશીએ સર્વપ્રથમ નારીકથાના બીજા દિવસે માંગલ્યપર્વમાં રજૂ કરી હતી. વિશ્વનો સૌપ્રથમ પ્રેમપત્ર લખીને પોતાની પ્રેયસીને રીઝવનાર સમર્થ પુરુષ માધવને પ્રેમપત્રની પાછળ જ ઉત્તર વાળનાર લેખન-વાંચનકળામાં સમર્થ સુલોચના, કૃષ્ણને પોતાનું હરણ કરી જવા માટે પત્ર લખીને ઈજન પાઠવનાર રુકમણી, ચિત્રકાર ચિત્રલેખા થકી સ્વપ્નપુરુષના ચિત્રાંકનથી ઉષા અને અનિરુદ્ધનો મેળાપ સહિતની પૌરાણિક સ્ત્રીઓની રસપ્રદ વાત ડૉ.ટીનાએ રજૂ કરી હતી. નારીકથાના બીજા દિવસે અધ્યક્ષસ્થાનેથી ચારુતર વિદ્યામંડળના માનદ કાર્યકારીમંત્રી ડૉ.જે.ડી. પટેલે કથાકાર ડૉ.ટીના દોશીની કથાશૈલી, કથાવસ્તુ અને શ્રોતાગણની આંખમાં આંખ મિલાવીને રસપ્રદ રીતે પૌરાણિક સ્ત્રીઓની વાત રજૂ કરી એ વિશે આનંદ વ્યક્ત કર્યો હતો. ડૉ.પટેલે કહ્યું હતું કે ડૉ.ટીના દોશી જાણે ૫૧મી નારીકથા કરી રહ્યાં હોય એટલા આત્મવિશ્વાસ સાથે એમણે સંશોધનને આધારે કરેલી રજૂઆત સ્પર્શી ગઈ એટલે એમને આવતા દિવસોમાં પણ નારીકથા શ્રેણી આગળ વધારવા શુભેચ્છા પાઠવી હતી. હીરાબા મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી ચંદ્રિકાબહેન ત્રિવેદી અને સ.પ. યુનિવર્સિટીનાં પ્રોફેસર ડૉ.વિભા વૈષ્ણવે પણ નવી અને જૂની પેઢીને સર્વપ્રથમ નારીકથાના માધ્યમથી અનોખી માહિતી ઉપલબ્ધ થવા વિશે હરખ કર્યો હતો અને કથાકાર ડૉ.ટીના દોશીને પ્રાચીન, પૌરાણિક નારીઓની કથા નવતર રીતે રજૂ કરવા અને એને સંગીતમય બનાવવા આભાર માન્યો હતો. નારીકથાના બીજા દિવસે ડૉ.ટીના દોશીએ પૌરાણિક સ્ત્રીઓમાં સુલોચના, રુકમણી, ચિત્રલેખા ઉપરાંત કોસની શોધ કરનાર કૃષિવૈજ્ઞાનિક અને બલરામની પત્ની રેવતી તેમ જ પુત્ર અલર્કને રાજધર્મનું જ્ઞાન આપીને રાજા કેવો હોવો જોઈએ એનો બોધ આપનાર માતા મદાલસાની કથા વર્ણવી હતી.

દેશભરમાં સર્વપ્રથમ અને એકમાત્ર એવી સરદાર પટેલના જીવન અને કાર્યો અંગેની સંશોધન સંસ્થા 'સૅરલિપ'નાં અધ્યાપિકા ડૉ.ટીના દોશીની, ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલના આશીર્વાદ સાથે શરૂ થયેલી, નારીકથાના માધ્યમથી પરાપૂર્વથી નારી સબળા અને વિદ્વાન હોવાની વાતને પ્રતિપાદિત કરવાનો ત્રિદિવસીય ઉપક્રમ ભાઈકાકા લાઈબ્રેરી સામેના સૅરલિપ સંકુલમાં યોજાયો હતો. નારીકથાના શુભારંભપર્વમાં સીવીએમના માનદ મંત્રી પ્રિ.એસ.એમ.પટેલે એને 'નારીના પુનઃસશક્તિકરણ (રિ-ઍમ્પાવરમેન્ટ)નો યથાર્થ ઉપક્રમ' લેખાવીને આવકાર્યો હતો. નારીકથાના બીજા દિવસે ચારુતર વિદ્યામંડળના માનદ સહમંત્રીઓ શ્રી વી.એમ.પટેલ અને ડૉ.એસ.જી.પટેલ, પૂર્વ માનદ સહમંત્રી ડૉ.એસ.વી.વૈષ્ણવ, સીવીએમ ગવર્નિંગ બૉડીના સભ્ય શ્રી કે.જી.પટેલ, ગૂજરાત વિદ્યાપીઠની આદિવાસી શિક્ષણ અને તાલીમ સંસ્થાના નિયામક ડૉ. ચંદ્રકાંત ઉપાધ્યાય, શ્રી આલાભાઈ પરમાર, હીરાબા મહિલા મંડળનાં પ્રમુખ શ્રીમતી ચંદ્રિકાબેન ત્રિવેદી, ડૉ. મહેશભાઈ અને શ્રીમતી હર્ષિતાબેન પાઠક, ગુજરાતીનો અધ્યાપક સંઘના પ્રમુખ ડૉ.ભગીરથ બ્રહ્મભટ્ટ, વિવિધ કોલેજોના આચાર્યોમાં વી.પી.સાયંસ કોલેજના આચાર્ય ડૉ.ભાવેશ પટેલ, નલિની-અરવિંદ આર્ટ્સ કોલેજના આચાર્ય ડૉ.ઘનશ્યામસિંહ ગઢવી, સ.પ.યુનિવર્સિટીનાં પ્રો.ડૉ.વિભા વૈષ્ણવ, જાણીતા ઈતિહાસલેખક ડૉ. રિઝવાન કાદરી, આઈ.જે.પટેલ એજ્યુકેશન કોલેજનાં આચાર્ય ડૉ.નૂસરત કાદરી, સ.પ.યુનિવર્સિટીના ઈતિહાસ વિભાગના વડા ડૉ.જિગીષ પંડ્યા, એન.એસ.પટેલ આર્ટ્સ કોલેજના ઈતિહાસ વિભાગના વડા ડૉ.મૌલેશ પંડ્યા સહિત અધ્યાપકો અને નગરજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત હતાં.

**વેદકાળથી રામાયણ-મહાભારતની સ્ત્રીઓનાં તેજસ્વી વ્યક્તિત્વોની આગવી ઓળખઃ**
**ભારતીય મહિલા વિશ્વકોશના પ્રથમ ગ્રંથનું લોકાર્પણ ચૅરમેન ડૉ.પટેલ સ્વદેશ પાછા ફર્યા પછી કરાશે**

## ગુજરાત કેળવણી પરિષદનું શિક્ષણપર્વ

**ડંકેશ ઓઝા**

સમાજમાં શિક્ષણની ચિંતા હોવી સ્વભાવિક છે. લોકશાહી હોય કે બીજી કોઈપણ રાજકીય પદ્ધતિ; પરંતુ શિક્ષણ સમાજના વિકાસમાં અત્યંત મહત્ત્વની ભૂમિકા અદા કરે છે એ સર્વસ્વીકૃત હકીકત છે. સદ્‌નસીબે દુનિયામાં લોકશાહીવિચાર વ્યાપક બનતો જાય છે. આરબ દેશોમાં પણ લોકશાહીની ભૂખ ઊઘડી છે, આ કદાચ શિક્ષણનો પુરાવો છે.

ગુજરાતી ભાષામાં શિક્ષણ ઉપરાંત બીજો તેની આગળનો શબ્દ છેઃ કેળવણી. સમાજ શિક્ષિત હોય અને છતાં કેળવાયેલો ન હોય એવું બની શકે. એવું બનતું જોવા મળે પણ છે. સાચી કેળવણી પામેલો અક્ષરજ્ઞાન વિનાનો પણ હોઈ શકે! ભણવું, સાક્ષર થવું એ ઉપયોગી છે, પરંતુ અનિવાર્ય નથી. કેળવણી પામવી એ અનિવાર્ય છે. તેમાં શિક્ષણની ભૂમિકા ક્યારેક ઉપકારક બની શકે. લોકશાહીમાં રાજકીય ઉમેદવારી માટે ભણેલા હોવું એ પૂર્વશરત નથી. જે બાબતે ભણેલા ઘણીબધી બૂમરાણ કરતા હોય છે. આ સંદર્ભમાં પાયામાં રહેલો શિક્ષણ અને કેળવણીનો તફાવત અંકે કરવા જેવો છે.

સ્વ. ઈન્દુલાલ યાજ્ઞિકે ઈ.સ. ૧૯૧૫માં ગુજરાત કેળવણી પરિષદની સ્થાપના કરેલી. આરંભે શૂરા ગુજરાતીઓએ આ પ્રવૃત્તિને પછી મંદ પણ પાડેલી. લાંબા સમયગાળા પછી ૧૯૭૫માં ઉમાશંકર જોશી, યશવંત શુક્લ વગેરેએ કેળવણી પરિષદનો પુનઃપ્રારંભ કરેલો એમ કહી શકાય. આ મહાનુભાવોના ગયા પછી ફરી એવો જ ઝોલો આવ્યો અને પ્રવૃત્તિ મંદ પડી. છેલ્લાં થોડાં વર્ષોથી મનસુખ સલ્લા અને અરવિંદ દેસાઈએ દાયકાઓ જૂની આ પરિષદને સજીવ કરવાનું, કાર્યાન્વિત કરવાનું ઉચિત ગણ્યું છે જે સારી વાત છે.

શિક્ષણના ક્ષેત્રે ખાનગીકરણને કારણે મુશ્કેલીઓ પુષ્કળ વધી છે. શિક્ષણનો અધિકાર આપતો કાયદો RTI અમલમાં આવ્યો છે તેમ છતાં તેના અમલમાં ઝડપ આવતી નથી. શિક્ષણનો વ્યાપ ચોક્કસપણે વધતો જાય છે. પરંતુ તે સાથે ગુણવત્તાના નામે ખાસ કંઈ થતું નથી. નવો મૂડીવાદ અને કોર્પોરેટક્ષેત્ર પોતે એવાં વિકસી રહ્યાં છે અને પ્રજાકીય સરકારો જે રીતે પોતાની જવાબદારીમાંથી છટકી રહી છે તેણે શિક્ષણને એવો વેપાર બનાવી દીધો છે કે હવે ગરીબ માણસને તેમાં દાખલ થવું પણ મુશ્કેલ બની ગયું છે. તે પછીના પણ પ્રશ્નો છે. એક તરફ મોટા પગારોવાળા અધ્યાપકો અને શિક્ષકો છે. બીજી તરફ વિદ્યાસહાયકો અને પાર્ટ ટાઈમવાળા છે. પાઠ્યપુસ્તકો કેવાં છે તેની એક આખી લેખમાળા હમણાં અંગ્રેજી દૈનિક ટાઈમ્સે ચલાવી ત્યારે ખબર પડી કે અહીં તો બધું ગોંધળ છે, કોઈને કંઈ જ પડી નથી! શિક્ષકોને સરકારી યોજનામાં જોડવામાં આવે છે. તો બીજી તરફ, ઠેર ઠેર તાલીમભવનો ઊભાં કરાયાં છે. એમાં કેટલું ભણાવાય એ તો પ્રશ્ન છે જ. પરંતુ કેવું ભણાવયા તે તેથી પણ મોટો પ્રશ્ન છે. વાલીઓને કંઈ કરવાપણું લાગતું નથી કે સમજાતું નથી. તેઓ પાયાની જવાબદારીમાંથી છટકી જઈને શિક્ષણને સહાયભૂત બનવાને બદલે હતાશ-નિરાશ થઈને શિક્ષકોને, તંત્રોને અને સરકારોને જવાબદાર ઠેરવી લાંબી સોડ તાણવાનું મુનાસિબ ગણે છે.

આ સાંપ્રત સ્થિતિની વાત થઈ. મોટાભાગનાને આવી અસહાય પરિસ્થિતિમાં શું કરવું, કેમ કરવું, ક્યાંથી શરૂઆત કરવી તે સમજાતું નથી. આનંદની વાત છે કે જે ગુજરાતમાં ગાંધીજી પ્રેરિત નઈ તાલીમ, બુનિયાદી તાલીમ ચાલતી હોય ત્યાં કોઈક તો જાગૃતિ બતાવવાનું જ. એ ધોરણે કેળવણી પરિષદને ફરી સક્રિય કરવાના પ્રયાસોને આપણે જોવા જોઈએ એટલું જ નહિ તેમાં આપણી ગરજે સામેલ થઈને, કંઈક કરવા પ્રયત્નશીલ પણ બનવું જોઈએ.

પરિષદે શિક્ષકઅભિમુખતા કાર્યક્રમો હાથ ધર્યા છે ને તેના અનુસરણ માટે ૧૮ મુદ્દાઓની નોંધ પણ તૈયાર કરી છે. 'કેળવણી વિમર્શ' નામનું દ્વૈમાસિક મે-જૂન, ૨૦૧૩થી શરૂ કર્યું છે જેના પરામર્શકોમાં રઘુવીર ચૌધરી, રતિલાલ બોરીસાગર અને ગુલાબભાઈ જાની જેવા છે. પહેલા અંકમાં ગુજરાત કેળવણી પરિષદનો આછો પરિચય અરવિંદભાઈ દેસાઈએ આપ્યો છે.

શિક્ષણની સ્વાયત્તતાની સાથે ગુણવત્તાની વિચારણા કરવા તે તાકે છે. નવા પ્રયોગો અને જૂના અનુભવો તથા વિવિધ શિક્ષણપ્રણાલીઓ વિશે આ સામયિકમાં સારું ભાથું અપાય છે. કેળવણી બાબતે આપણી પાસે જે વિચારો છે તેને ફરી ફરીને સમાજ સમક્ષ મૂકવાનું કાર્ય, ધ્યાન ખેંચવાનો પ્રયત્ન તેઓ કરે છે.

આજકાલ સમાજમાં શૂન્યાવકાશ વિસ્તરતો જાય છે. શ્રેષ્ઠીઓ અને શ્રદ્ધેયો શોધ્યા જડતા નથી ત્યારે આ બધી પ્રવૃત્તિઓ કરનારાની નજર રામાયણી કથાકાર મોરારિબાપુ તરફ જાય છે. કેળવણી પરિષદે પણ તેમજ કર્યું છે. તા. ૧-૨-૩ માર્ચ, ૨૦૧૪ દરમ્યાન શિક્ષણપર્વ-૧નું આયોજન કૈલાસ ગુરુકુળ, મહુવા ખાતે કરવામાં આવ્યું જેમાં લગભગ ૨૫૦ જેટલા શિક્ષણ વિશે ચિંતા કરનારા સહભાગી બન્યા. આયોજનની રીતે પ્રથમ ગ્રાસે મક્ષિકા જેવું થયું. આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત વિચારક જિદ્દુ કૃષ્ણમૂર્તિના અંતેવાસી જેવા રાજેશ દલાલ જેઓ પર્વમાં મહત્ત્વનું ભાથું આપવાના હતા તેમનું આકસ્મિક અવસાન થયું. વિદ્યાપીઠના સુદર્શન આયંગર અને રઘુવીર ચૌધરી નિશ્ચિત થયું હોવા છતાં પોતપોતાનાં આકસ્મિક કારણોસર પર્વમાં સામેલ ન થઈ શક્યા. તેમ છતાં પરિષદનું પ્રથમપર્વ સફળ રહ્યું એમ ચોક્સ કહી શકાય. મનસુખભાઈ સલ્લાનું આયોજન એવું હતું જેથી સહભાગિતા વધી અને વિસ્તરી. રવીન્દ્રભાઈ દવેએ વિદ્યા કેળવણી, શિક્ષણ અને તે દ્વારા મુક્તિના વિવિધ આયામો ઊઘાડી આપ્યા. લોકભારતીના નિવૃત્ત પ્રાધ્યાપક યોગેન્દ્ર ભટ્ટે માત્ર 'દર્શક'ની નહિ પરંતુ ગિજુભાઈ-હરભાઈ-નાનાભાઈની વિચારસૃષ્ટિને ખૂબ સરસ રીતે, મર્યાદિત સમયમાં, પ્રગટ કરી આપી. એક બેઠક માતૃભાષાના મહત્ત્વની પણ હતી. ખગોળવિજ્ઞાની પંકજભાઈ જોષીએ ભાષા અને વિજ્ઞાન બન્ને કેળવણીનાં માધ્યમો છે અને શરૂઆતનું શિક્ષણ બાળક માતૃભાષામાં ઝીલે તો તે ખીલી ઊઠે એ વાત સ્વાનુભવથી, ભારપૂર્વક છતાં અત્યંત સરળતાથી, રજૂ કરી. રતિલાલ બોરીસાગરનો કેળવણીપ્રેમ અને શિક્ષણની કામગીરી જાણીતાં છે. તેમણે માતૃબોલી અને માતૃભાષા અને શહેરીભાષા અથવા તો માન્યભાષા વગેરે વચ્ચેના તફાવતો અને સંબંધો વિકાસવેળાએ કેવી રીતે ખપમાં લેવા તેની વિશદ છણાવટ કરી. સ્વામી વિવેકાનંદના શિક્ષણવિષયક વિચારો સ્વામી નિખિલેશ્વરાનંદજીએ રજૂ કર્યા જેમાં ચારિત્ર્યઘડતર અને સમાજસેવાના મુદ્દા પર તેમણે ઉચિત ભાર મૂક્યો. રાત્રી બેઠકોમાં ધ્રુવ ભટ્ટ લિખિત 'અકૂપાર'નું નાટ્ય રૂપાંતર અદિતિ દેસાઈના ગ્રુપે રજૂ કર્યું, જેમાં પ્રકૃતિ અને માનવ તથા લોકબોલી આ ત્રણેયના શાશ્વત આંતરસંબંધોનો સરસ સંદેશ શ્રોતાઓને પહોંચ્યો. બેઠકોની શરૂઆતમાં અને એક રાત્રે નરેન્દ્રભાઈ શાસ્ત્રી દ્વારા પ્રાર્થના, ગીતો, ભજનો અને ધૂનની રસલહાણી શ્રોતાઓએ માણી. મોરારિબાપુએ પરંપરા મુજબ શરૂઆતમાં શ્રોતારૂપે અને પછી વક્તારૂપે શિક્ષકની સુધારણા પર ભાર મૂક્યો. થોડી ચિંતા પરિષદના સ્વરૂપ વિશે પણ થઈ. પરંતુ અત્યારે સંગઠન કરતાં વિચારને અને મોકળાશને વધુ ભાર આપવો તે તરફ પલ્લું ઢળ્યું હોય એમ લાગે છે. શિક્ષણના ભાત ભાતના નાના-મોટા જે પ્રયોગો તંત્રમાં રહીને શિક્ષકો કરી શક્યા છે તે જાણવા મળ્યા. તો વળી, 'શૈશવ' કે 'વિશ્વગ્રામ' જેવી સ્વૈચ્છિક સંસ્થાઓ કેળવણીનું વિસ્તાર-કાર્ય કેવી રીતે કરે છે તે પણ જાણવા મળ્યું. આખો ઉપક્રમ સંતર્પક રહ્યો.

બાપુને ગુણવંત શાહે લોકશિક્ષક તરીતે ઓળખાવ્યા છે. કથા દ્વારા તેઓ વ્યાપક લોકશિક્ષણનું કાર્ય કરે છે. ભાત ભાતનાં પર્વો અને પુરસ્કારો અને પ્રોત્સાહનો દ્વારા પણ સમાજની વિધાયક કામગીરી થાય છે. આપણાં સામયિકો પણ પોતપોતાની રીતે લોકકેળવણીનું જ કામ કરે છે. શિક્ષણના પ્રયોગો ગુજરાતમાં ઓછા નથી થતા. સુખદેવ પટેલે 'ગણતર'નો પ્રયોગ કર્યો છે એવા બીજા પણ કરે છે. એકલદોકલ સફળ પ્રયોગોથી આપણું દળદર ફીટતું નથી. સરકારો નીતિ ઘડતી વખતે વ્યાપક અનુભવોનો ખપમાં લેતી હોય તેમ જણાતું નથી.

ગુજરાત કેળવણી પરિષદનો આ ત્રીજો અવતાર થયો. એકવીસમી સદીમાં તે થયો છે ત્યારે આપણા બધાંની જવાબદારી વધે છે. આખા સમાજની ચિંતાનો વિષય શિક્ષણ છે ત્યારે Quality Controlની, નિસબતની, આ નવી વાતને આપણે ફળદાયી બનાવવી જોઈએ. આખી પેઢીનું ઘડતર કરનારી શિક્ષણપ્રણાલી બરાબર ચાલે અને ભણેલાનું મહત્ત્વ વધે, સમાજોપયોગી પણ બને, તે જોવાનું કોને નહીં ગમે? આશા રાખવાને જરૂર કારણ છે.

(૬, સ્વાગત સિટી, મુ.પો. અડાલજ ૩૮૨ ૪૨૧,
જિ. ગાંધીનગર. મો.: ૯૭૨૫૦૨૮૨૭૪)

**પારુલટીના દોશી**

(શિક્ષણમહર્ષિ ડૉ. સી.એલ. પટેલના વડપણ હેઠળના ચારુતર વિદ્યામંડળે ભારતીય મહિલા વિશ્વકોશ તૈયાર કરવાનું ભગીરથ કાર્ય હાથ ધર્યું છે. આ પ્રકલ્પ હેઠળ વેદકાલીન સ્ત્રીઓ વિશે સંશોધનકાર્ય શરૂ થઈ ચૂક્યું છે. અહીં વૈદિક યુગની સ્ત્રીનાં વિવિધ પાસાં શ્રેણીબદ્ધ કરાયાં છે. આપનાં સૂચનો અને પ્રતિભાવોની પ્રતીક્ષા છે. - તંત્રી)

## સૂત્રસાહિત્યનું મહત્ત્વ

વેદનો અર્થ જાણવામાં તથા તેના કર્મકાંડનું પ્રતિપાદન કરવામાં જે શાસ્ત્ર ઉપયોગી થાય છે તેને વેદાંગ કહે છે. વેદાંગ એટલે વેદના અંગ. વેદાંગ છ છેઃ શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરુક્ત કે ભાષાવિજ્ઞાન, છંદ અને જ્યોતિષ!

વૈદિક સાહિત્યમાં કલ્પનું મહત્ત્વપૂર્ણ સ્થાન છે. તેમાં કર્મકાંડ તથા યજ્ઞસંબંધી અનુષ્ઠાનોનું વિસ્તૃત વર્ણન પ્રાપ્ત થાય છે. આચાર્ય સાયણના મતે જે ગ્રંથોમાં યજ્ઞીય વિધિઓનું સમર્થન કે પ્રતિપાદન કરવામાં આવે છે તેને કલ્પ કહે છે.[૧] રાકેશ શર્માએ ‘પ્રાચીન ભારતમેં ધાર્મિક સહિષ્ણુતા’માં નોંધ્યું છે કે, ‘પ્રાચીન સમયમાં જ્યારે કર્મકાંડસંબંધી સાહિત્યનું પ્રમાણ વધી ગયું ત્યારે તેને યાદ રાખવું મનુષ્ય માટે એક પડકાર બની ગયો. એ વખતે તત્કાલીન ઋષિઓએ તેનું રૂપાંતર સૂત્રોમાં કર્યું.’[૨] આ સૂત્રાત્મક રચનાઓ અનેક શતાબ્દીના જ્ઞાનને નિયમોના રૂપમાં નાના નાના વાક્યમાં અભિવ્યક્ત કરે છે. આ લાઘવ જ તેની વિશેષતા છે.

વેદનો મુખ્ય વિષય યજ્ઞ છે. કલ્પસૂત્ર યજ્ઞીય પ્રક્રિયાનો પ્રતિપાદક છે. તેથી વેદાંગોમાં કલ્પસૂત્રનું સ્થાન સર્વોત્તમ માનવામાં આવે છે. આ સૂત્રની રચના વિશે ‘કલ્પસૂત્રકાલિક ભારત’માં ડૉ. નંદકિશોર પાંડેયે નોંધ્યું છે કે, ‘બ્રાહ્મણ યુગના પ્રભાવમાં વૈદિક આર્યોનું મુખ્ય ધાર્મિક કાર્ય યજ્ઞ જ હતું પરંતુ તે એટલું વિસ્તૃત થઈ ચૂક્યું હતું કે તેના વિધવિધાનનું સંક્ષેપીકરણ કરીને ઋત્વિજોના વ્યાવહારિક ઉપયોગ માટે પ્રતિપાદક ગ્રંથોની આવશ્યકતા જણાઈ. એ માટે તત્કાલીન વિદ્વાનોએ કલ્પસૂત્રની રચના કરી.’[૩]

વૈદિક સાહિત્યમાં સૂત્રોનો કાળ અધ્યયન અને ચિંતનની પરંપરાનો પ્રતિનિધિ છે. ભારતીય સાહિત્યમાં તેનું સ્થાન અત્યંત મહત્ત્વનું છે. સૂત્રસાહિત્ય એક એવી શૃંખલા છે જે વૈદિક સાહિત્યને પરવર્તી સંસ્કૃત સાહિત્ય સાથે જોડે છે. સૂત્રનો અર્થ તાંતણો થાય છે. તંતુમાં નાના સૂત્ર અને અર્થપૂર્ણ વાક્યોને એક ડોરમાં પરોવીને રાખવામાં આવ્યા છે. સૂત્રરચનાઓ અનેક શતાબ્દીઓના ચિંતન, મનન અને અધ્યયનનું પરિણામ છે. સદીઓના જ્ઞાનભંડારનો સંગ્રહ છે.[૪] એટલે એમ કહી શકાય કે કલ્પસૂત્ર એક નવો અધ્યાય આરંભ કરે છે.

કલ્પસૂત્રના મુખ્ય ચાર પ્રકાર છેઃ શ્રોતસૂત્ર, ગૃહ્યસૂત્ર, ધર્મસૂત્ર અને શુલ્વસૂત્ર... શ્રૌતસૂત્રોમાં શ્રુતિનિહિત યજ્ઞીય કર્મોનું વર્ણન છે. શ્રુતિમાંથી શ્રૌત શબ્દ બન્યો છે. આ સૂત્રને વીધે તત્કાલીન સમયની ધાર્મિક રૂઢિઓ, નિયમો તથા વિશ્વાસોને સમજવામાં સહાયતા મળે છે.[૫]

ગૃહસૂત્રોમાં ગૃહસ્થસંબંધી સોળ સંસ્કાર, પાંચ મહાયજ્ઞ, સાત પાકયજ્ઞ, ગૃહનિર્માણ, ગૃહપ્રવેશ, પશુપાલન અને કૃષિસંબંધી યજ્ઞોની વિધિઓ[૬] આપવામાં આવી છે. ડૉ. પાંડેયે લખ્યું છે કે, ‘આ સૂત્રો અતિ પ્રાચીન કાળથી જ સ્વતંત્ર રૂપમાં પ્રચલિત હતા, પરંતુ કાળક્રમે એવો સમય આવ્યો જ્યારે દેશ, સમાજ, ગોત્ર આદિ ભેદથી તેમનામાં ઘણી વિભિન્નતાઓ ઉદ્ભવી. તેમાં સ્થાનીય લોકોના આગ્રહ, નિષ્ઠા, શ્રદ્ધા એવં સમાદરની ભાવના સામેલ હતી. ફળરૂપે તે-તે પ્રથાઓ, વિધવિધાનો તત્કાલીન આચાર્યોએ સંગ્રહ કર્યો તે જ ગૃહ્યસૂત્ર નામે પ્રચલિત થયા. વેદશાખાઓનું વિભાજન થઈ ચૂક્યું હતું. એક વેદની અનેક શાખાઓ ઉત્પન્ન થઈ ચૂકી હતી. ગૃહસ્થાશ્રમથી વિશેષ સંબંધ હોવાને કારણે તેનું નામ ગૃહ્યસૂત્ર રાખવામાં આવ્યું.’[૭]

વેદશાખા અનુસાર ગૃહ્યસૂત્રોની સૂચિ આ પ્રમાણે છે. ઋગ્વેદીય શાખામાં આશ્વલાયન, શાંખાયન અને કૌષીતકિ, શુક્લ યજુર્વેદીયમાં પારસ્કર અને સામવેદીયમાં ગોભિલ, જૈમિનીય અને દ્રાહ્યાયન ગૃહ્યસૂત્રનો સમાવેશ થાય છે. કૃષ્ણ યજુર્વેદીય શાખામાં આપસ્તમ્બ, બૌધાયન, માનવગૃહ્ય, ભારદ્વાજ, લૌગાક્ષિ, અગ્નિવેશ્ય, કાઠક, વારાહ, સત્યાષાઢ, વૈખાનસ અને હિરણ્યકેશીય ગૃહ્યસૂત્રને[૮] આવરી લેવાયા છે.

ધર્મસૂત્રો આચારસંહિતા સંબંધી ગ્રંથ છે. તેમાં વર્ણાશ્રમના કર્તવ્યો, આચારવિચાર, માન્યતાઓ અને સામાજિક જીવનની ફરજોનું વિશદ વર્ણન છે. યજ્ઞ અને સંસ્કારોનું વર્ણન છે. આ સૂત્રોમાં વર્ણોના કર્તવ્ય,

વ્યક્તિના આચરણના નિયમ, પ્રાયશ્ચિત, રાજ્યના કર્તવ્ય, અપરાધ અને દંડનું વિધાન કરવામાં આવ્યું છે.[૯] મુખ્ય ધર્મસૂત્રોમાં ગૌતમ, બૌધાયન, આપસ્તમ્બ, હિરણ્યકેશી, વસિષ્ઠ, વિષ્ણુ, હારિત, શંખાલિખિત અને વૈખાનસનો સમાવેશ થાય છે.

શુલ્વસૂત્રોમાં યજ્ઞની વેદીના નિર્માણની રીતિનું વિધાન છે. યજ્ઞવેદીના આકાર અને તેની લંબાઈ, પહોળાઈ તથા ઊંચાઈ કેવી હોવી જોઈએ તેનું પૂર્ણ વિવરણ શુલ્વસૂત્રોમાં દર્શાવ્યું છે.[૧૦]

ગૃહ્યસૂત્રો અને ધર્મસૂત્રોનો રચનાકાળ ઈ.પૂ. ૮૦૦થી ઈ.પૂ. ૩૦૦ સુધીનો માનવામાં આવે છે. ડૉ. પાંડુરંગ વામન કાણેના[૧૧] મતે આપસ્તમ્બ અને આશ્વલાયન ગૃહ્યસૂત્રની રચના ઈ.સ. પૂર્વે ૮૦૦થી ઈ.પૂ. ૪૦૦ દરમિયાન થઈ હતી. પારસ્કર ગૃહ્યસૂત્રનો રચનાકાળ ઈ.પૂ. ૬૦૦થી ઈ.પૂ. ૩૦૦ છે. ગૌતમ આપસ્તમ્બ, બૌધાયન અને વસિષ્ઠ ધર્મસૂત્રની રચના પણ આ જ ગાળામાં થઈ હતી. વિષ્ણુ, હારિત હિરણકેશી, શંખલિખિત અને વૈખાનસ ધર્મસૂત્રનો રચનાકાળ ઈ.પૂ. ૩૦૦થી ઈ.પૂ. ૨૦૦ વચ્ચેનો માનવામાં આવે છે.

એકાદ વાક્યમાં એટલું કહી શકાય કે, સૂત્રસાહિત્યનું અનોખું અને આગવું મહત્ત્વ છે!

**પાદટીપઃ**

૧. વૈદિક સાહિત્ય એવં સંસ્કૃતિ, ડૉ. કપિલદેવ દ્વિવેદી, પૃ. ૨૧૩
૨. પ્રાચીન ભારત મેં ધાર્મિક સહિષ્ણુતા, રાકેશ શર્મા, પૃ. ૫૬
૩. કલ્પસૂત્રકાલિક ભારત, ડૉ. નંદકિશોર પાંડેય, પ. ૨
૪. એજન, પૃ. ૩
૫. વૈદિક વાઙ્મય મેં નારી, ડૉ. સુષ્મા શુક્લ, પૃ. ૮
૬. વૈદિક સાહિત્ય એવં સંસ્કૃતિ, પૃ. ૨૧૪
૭. કલ્પસૂત્રકાલિક ભારત, પૃ. ૭
૮. એજન
૯. વૈદિક સાહિત્ય એવં સંસ્કૃતિ, પૃ. ૨૧૪
૧૦. વૈદિક વાઙ્મય મેં નારી, પૃ. ૮
૧૧. ધર્મશાસ્ત્ર કા ઈતિહાસ, ડૉ. પાંડુરંગ વામન કાણે, પૃ. ૧૪

(ક્રમશઃ)

(સીવીએમ બંગલો-૧૧, ગો.જો. શારદા મંદિર સામે, ભાઈકાકા સ્ટેચ્યૂ પાસે, વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦, જિ. આણંદ. મો.: ૯૮૯૮૦ ૭૦૨૦૫)

*// વિદ્યાવૃત્ત //*

## નલિની કૉલેજનો વાર્ષિકોત્સવ

ચારુતર વિદ્યામંડળ સંચાલિત નલિની-અરવિંદ એન્ડ ટી.વી. પટેલ આર્ટ્સ કૉલેજનો ૫૫મો વાર્ષિક-વિદ્યામહોત્સવ તા. ૨૮-૨-૨૦૧૪ના રોજ ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ. સી.એલ. પટેલની નિશ્રામાં અને માનદ મંત્રી પ્રિ. એસ.એમ. પટેલ અને ચારુતર વિદ્યામંડળના માનદ કાર્યકારી મંત્રીશ્રી ડૉ. જે.ડી. પટેલની ઉપસ્થિતિમાં યોજાયો. નલિની કૉલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને હાલમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ ડૉ. દક્ષેશ ઠાકર ૫૫મા વિદ્યામહોત્સવના મુખ્ય અતિથિ બન્યા હતા.

મુખ્ય અતિથિ ડૉ. દક્ષેશ ઠાકરે પોતાના વક્તવ્યના આરંભે જે કૉલેજમાં પોતાનું ઘડતર થયું; જે ભૂમિમાં પોતાને જ્ઞાન અને સમજણની દીક્ષા મળી એનું ઋણ માથે ચઢાવતાં કહ્યું હતં કે, 'નલિની કૉલેજ અને વલ્લભ વિદ્યાનગરની ધરતીએ – એની માટીએ મને ઓળખ આપી છે; સર્જનની દીક્ષા આપી છે એનું ઋણ સદાય રહેશે.' યુવાવિદ્યાર્થીઓને માર્ગદર્શન આપતાં જણાવ્યું હતું કે ફેઈસ બુક, ઈન્ટરનેટના બેફામ ઉપયોગમાં નવી પેઢી ખલાસ થઈ રહી છે તેવે સમયે તેનો સમજણપૂર્વક ઉપયોગ કરવો જોઈએ. કૉલેજકાળ દરમિયાન વર્ગખંડ, લાઈબ્રેરીનો ઉપયોગ કરી સંસ્થા ગૌરવ લઈ શકે એવા ઉત્તમ વિદ્યાર્થી બની સંસ્થાને ગૌરવ પરત કરવું જોઈએ. તેમણે કહ્યું હતું કે 'વાચનથી વિચાર બદલાય છે, વિચારથી વ્યક્તિ બદલાય છે, વ્યક્તિથી સમાજ બદલાય છે, સમાજથી દેશ બદલાય છે અને દેશથી સમષ્ટિ બદલાય છે.' વાચનનું મૂલ્ય અનેક દૃષ્ટાંતો ટાંકીને તેમણે સમજાવ્યું હતું.

અધ્યક્ષીય ઉદ્‌બોધનમાં ડૉ. સી.એલ. પટેલે વાર્ષિકોત્સવને મૂલ્યાંકનનો દિવસા ગણાવી સિદ્ધિ પ્રાપ્ત વિદ્યાર્થીઓ અને અધ્યાપકોને અભિનંદન આપતાં કહ્યું હતું કે વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ પોતાના ભાગે આવેલી જવાબદારી ઉત્તમ રીતે નિભાવવી જોઈએ. તેમણે 'લાઈબ્રેરીને સંસ્થાનું હૃદય' ગણાવી તેનો મહત્તમ ઉપયોગ કરી, જે તે વિષયમાં પારંગત બની પોતાની જાતને સક્ષમ બનાવવી જોઈએ. સંસ્થાના આચાર્ય ડૉ. ઘનશ્યામસિંહ ગઢવીએ સ્વાગત પ્રવચન કરી મહેમાનોનો પરિચય આપ્યો હતો તેમ જ વર્ષ દરમિયાન કૉલેજના વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ મેળવેલી સિદ્ધિઓનો વિસ્તૃત અહેવાલ આપ્યો હતો. મધ્યસ્થ સમિતિના ઉપપ્રમુખ ડૉ. ભાનુભાઈ પરમારે મધ્યસ્થ સમિતિના ઉપક્રમે થયેલી વિવિધ પ્રવૃત્તિઓનો અહેવાલ રજૂ કર્યો હતો. આ પ્રસંગે મહાનુભાવોના હસ્તે ઈનામપ્રાપ્ત વિદ્યાર્થીઓને ઈનામ અને ટ્રોફી એનાયત થયાં હતાં.

આ વાર્ષિકોત્સવમાં ચારુતર વિદ્યામંડળના સહમંત્રીશ્રીઓ, વિવિધ સંસ્થાના વડાઓ, સાહિત્યકારો, વાલીઓ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

## જળધારા ૨૦૧૪ઃ એનવીપાસમાં સિમ્પોઝિયમ

ચારુતર વિદ્યામંડળસંચાલિત નટુભાઈ વી. પટેલ કૉલેજ ઑફ પ્યોર એન્ડ એપ્લાઈડ સાયન્સીસના બાયોલોજીકલ એન્ડ એન્વાયરોનમેન્ટલ સાયન્સ વિભાગ દ્વારા તાજેતરમાં ગુજકોસ્ટ સ્પોનસર્ડ એક દિવસીય રાષ્ટ્રીય સિમ્પોઝિયમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સિમ્પોઝિયમ 'જળ ધારા ૨૦૧૪ ક્લીન વૉટર ફોર હેલ્થી વર્લ્ડ' વિષય પર આયોજિત કરવામાં આવ્યું હતું. ચારુતર વિદ્યામંડળના માનદ કાર્યકારી મંત્રી ડૉ. જે.ડી. પટેલે ઉદ્‌ઘાટન સમારંભનું પ્રમુખ સ્થાન શોભાવ્યું હતું અને મુખ્ય અતિથિ તરીકે મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના પ્રો. અરુણ આર્ય (કો-ઓર્ડિનેટર ઓફ એન્વાયરોનમેન્ટલ સાયન્સ) ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં ઓર્ગેનાઈઝીંગ સેક્રેટરી ડૉ. સુસ્મિતા સાહુએ મંચસ્થ મહાનુભાવોનો પરિચય આપ્યો હતો. ત્યારબાદ સર્વે મહાનુભાવોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું. સિમ્પોઝિયમનાં કો-ઓર્ડિનેટર તેમજ વિભાગના વડા ડૉ. રીટા કુમારે સિમ્પોઝિયમનું આયોજન તથા હેતુઓ સ્પષ્ટ કરી સમગ્ર કાર્યક્રમની રૂપરેખા આપી હતી. મંચસ્થ મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્ય બાદ મુખ્ય અતિથિ પ્રો. અરુણ આર્યે જળ ધારા ૨૦૧૪ને અનુરૂપ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું અને જળ ધારા પર સ્વરચિત કવિતા રજૂ કરી શ્રોતાઓને રોમાંચિત કર્યા હતા. સમારંભના પ્રમુખ માનદ કાર્યકારી મંત્રી ડૉ. જે.ડી. પટેલે સંસ્થાના પ્રયાસને બિરદાવ્યો હતો અને વૈશ્વિક સ્તરે પાણી અને પાણી સંબંધિત માનવસર્જિત સમસ્યાઓની છણાવટ કરી હતી. પાણીના કુદરતી સ્રોતને કુનેહપૂર્વક ઉપયોગમાં ન લેવાય તો ઉદ્‌ભવતા પ્રશ્નો અને તેનું વૈયક્તિક તથા સામૂહિક ધોરણે નિરાકરણ કરવા અંગે પણ છણાવટ કરી હતી. સર્વે મહાનુભાવોને સ્મૃતિચિહ્નથી નવાજવામાં આવ્યા હતા. ઉદ્‌ઘાટનને અંતે ઓર્ગેનાઈઝિંગ સેક્રેટરી કુ. રૂપલ માંગુકિયાએ આભારવિધિ કરી હતી સમગ્ર સમારંભનું સફળ સંચાલન ડૉ. ઇશા દેસાઈએ કર્યું હતું.

પ્રથણ ટેકનિકલ સેશનમાં પ્રથમ વકતા તરીકે ગુજરાત ઈકોલોજિકલ સોસાયટીના ડેપ્યુટી ડાયરેક્ટર શ્રી જયેન્દ્ર લખમાપુરકરે ગ્રાઉન્ડ વોટર રિસોર્સ સ્ટેટસ ઓફ ગુજરાત પર વક્તવ્ય રજૂ કર્યું હતું. તેઓશ્રીએ ગુજરાત રાજ્યમાં પ્રાપ્ય ભૂગર્ભ જળ તથા વિવિધ જિલ્લાઓના ભૂગર્ભ જળનું સ્તર તથા પ્રમાણ અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી. દ્વિતીય વકતા તરીકે ડૉ. ઉદાની(ડાયરેક્ટર આઈસ્ટાર) દ્વારા પણ સેટેલાઈટ દ્વારા ઉપલબ્ધ ભૂગર્ભ જળની માહિતી અંગે રસપ્રદ વ્યાખ્યાન રજૂ કરવામાં આવ્યું હતું. ત્રીજા વકતા તરીકે સેન્ટ્રલ ગ્રાઉન્ડ વોટર બોર્ડના સિનિયર સાયન્ટિસ્ટ શ્રી તથા હાઈડ્રોજિઓલોજિસ્ટ શ્રી અશોકકુમારે હાઈડ્રોજિઓલોજી ઓફ ગુજરાત વિષય વકતવ્ય આપ્યું હતું.

બીજા ટેકનિકલ સેશનમાં એન્વાયરોનમેન્ટલ હાઈઝીન અને સેફટી સનફાર્માસ્યુટિકલ ઈન્ડસ્ટ્રી, અંકલેશ્વરના શ્રી આશિષ દુબેએ 'ઝીરો લિક્વિડ ડિસ્ચાર્જ' વિષય પર રસપ્રદ શૈલીમાં સર્વેને મંત્રમુગ્ધ કરી દીધા હતા. આમંત્રિત વ્યાખ્યાનો બાદ સિમ્પોઝિયમ થીમ આધારિત મુદ્દાઓ પર રિસર્ચ તેમજ પોસ્ટ ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓ દ્વારા ઓરલ પ્રેઝેન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું. તદુપરાંત પોસ્ટ ગ્રેજ્યુએટ તથા અન્ડર ગ્રેજ્યુએટના વિદ્યાર્થીઓ માટે પોસ્ટર કોમ્પિટિશનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. કૉલેજનાં વિદ્યાર્થીઓ માટે કાર્ટૂન મેકિંગ સ્પર્ધા પણ રાખવામાં આવી હતી. આ સર્વે સ્પર્ધાઓમાં વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.

સિમ્પોઝિયમના અંત ભાગમાં સર્વે વિજેતાઓને ઈનામ તથા સર્ટિફિકેટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. ઓરલ પ્રેઝન્ટેશનમાં પોસ્ટ ગ્રેજ્યુએટ વિભાગમાં પ્રથમ નંબરે શ્રી નિશાંત સોલંકી (આઈસ્ટાર), દ્વિતીય નંબરે કુમારી હાર્દી પટેલ (આઈસ્ટાર), તૃતીય નંબરે કુમારી રોમા પટેલ (અરિબાસ) વિજેતા જાહેર થયાં હતાં.

ઓરલ પ્રેઝેન્ટેશનમાં રિસર્ચ કેટેગરીમાં પ્રથમ નંબરે આઈસ્ટારનાં કુમારી મેઘા બારોટ, દ્વિતીય નંબરે કુમારી કવિતા ઠાકુર તથા તૃતીય નંબરે કુમારી હીરલ સોની વિજેતા ઘોષિત થયાં હતાં. પોસ્ટર પ્રેઝેન્ટેશન કેટેગરીમાં પ્રથમ ઈનામ એમ.એસ. યુનિવર્સિટીનાં કુમારી અમૃતા ડીમકે તથા કુમારી ક્રિના પટેલને, દ્વિતીય ઈનામ કુમારી કેષા પટેલ તથા કુમારી હેલી ત્રિવેદીને તથા તૃતીય ઈનામ એનવીપાસના કુમારી આકાંક્ષા દીક્ષિતને ફાળે ગયું હતું. કાર્ટૂન મેકિંગ કોમ્પિટિશનમાં ત્રીસ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં પ્રથમ એનવીપાસ કૉલેજનાં કુમારી શ્રદ્ધા વડગામા, દ્વિતીય કુમારી મિતાલી પટેલ, તૃતીય કુમારી ખેમ કન્વર તેમજ આશ્વાસ ઈનામો કુમારી સાશ્વતી મહંતા અને કુમારી ખૂશ્બુ પટેલને પ્રાપ્ત થયાં હતાં. સમગ્ર સ્પર્ધાઓમાં નિર્ણાયકો તરીકે જીસેટ કૉલેજના પ્રો. કૌશિક નાથ, આઈસ્ટારના ડૉ. નિર્મલ કુમાર, અરીબાસનાં ડૉ. કે.સરોજાએ સેવાઓ આપી હતી.

સર્વે નિર્ણાયકોએ વિવિધ સ્પર્ધાઓમાં વિદ્યાર્થીઓના ઉત્કૃષ્ટ દેખાવ બદલ સર્વેને અભિનંદન આપ્યા હતા. કૉલેજના પ્રિ. ડૉ. બાસુદેબ બક્ષીએ સિમ્પોઝિયમના આયોજન બદલ ડિપાર્ટમેન્ટની સરાહના કરી હતી.

કુમારી બિજલ ગજ્જરે સર્વેનો આભાર માન્ય હતો.

### એનવીપાસમાં પૂર્વ વિદ્યાર્થી સંમેલન

ચારુતર વિદ્યામંડળસંચાલિત નટુભાઈ વી. પટેલ કૉલેજ ઑફ પ્યોર એન્ડ એપ્લાઈડ સાયન્સીસના એલુમની એસોસિએશનના ઉપક્રમે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સંમેલન ૨૮ ફેબ્રુઆરીના રોજ યોજાઈ ગયું. આ સંમેલનમાં મોટી સંખ્યામાં એન.વી. પટેલ સાયન્સ કૉલેજના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને પોતાનાં મંતવ્યો અને વિચારો વ્યક્ત કર્યા હતા.

આ સંમેલનમાં એસોસિએશનના પ્રમુખ તથા પ્રિન્સિપાલશ્રી બાસુદેબ બક્ષીએ સર્વે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું શાબ્દિક અભિવાદન કર્યું હતું. જ્યારે એસોસિએશનના ઉપપ્રમુખ તથા કૉમ્પ્યુટર સાયન્સ વિભાગના વડા શ્રી જે.પી. કરુણાકરણે સમગ્ર વર્ષ દરમ્યાન એસોસિએશન દ્વારા હાથ ધરવામાં આવેલ વિવિધ પ્રવૃત્તિઓનો અહેવાલ રજૂ કર્યો હતો.

આ સંમેલન દરમ્યાન હાલ આણંદ યુનિવર્સિટી ખાતે સંશોધન સહાયક તરીકે કાર્યરત અને બેસ્ટ થિસીસના એવોર્ડથી સમ્માનિત બાયોટેકનોલોજી વિભાગનાં ભૂતપૂર્વ વિદ્યાર્થિની કુ. અંકિતા પટેલ તથા ઈન્સ્ટ્રુમેન્ટેશન વિભાગના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને ખાનગી સૉફ્ટવેર કંપની ધરાવતા હર્ષિલ મિસ્ત્રીનું તેમણે મેળવેલ ઝળહળતી સફળતા બદલ સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ એન.વી. પટેલ સાયન્સ કૉલેજ ખાતેના તેમના અભ્યાસક્રમને જીવનના એક સુવર્ણ તબક્કા તરીકે વર્ણવ્યો હતો. સર્વે શિક્ષકગણનો આભાર માન્યો હતો. એસોસિએશનના કો-ઓપ્ટેડ સભ્યો જેવા કે ડૉ. યોગેશ પટેલ, ડૉ. અમિત બાલાની તથા ડૉ. ઈશા દેસાઈએ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને સંબોધ્યા હતા અને શુભકામનાઓ પાઠવી હતી.

આ કાર્યક્રમના અંતે એલુમની ઓસોસિએશનનાં સેક્રેટરી કુ. અંકિતા દેસાનીએ આભારવિધિ કરી હતી. જ્યારે સમગ્ર કાર્યક્રમનું સંચાલન માઈક્રોબાયોલોજી વિભાગના પ્રાધ્યાપકશ્રી ડૉ. ઉર્વીશ છાયાએ કર્યું હતું.

આ કાર્યક્રમને સફળ બનાવવા અધ્યાપકો શ્રી કાર્તિક જગતાપ, ડૉ. ભાવિન પટેલ, શ્રી નીરજ બાબરીયા, શ્રી રણભા ગોહેલ, શ્રીમતી મોનિકા પટેલ વિગેરેએ ભારે જહેમત ઉઠાવી હતી.

### આઈ.બી. પટેલ ઈંગ્લિશ સ્કૂલનું ગૌરવ

ચારુતર વિદ્યામંડળ સંચાલિત આઈ.બી. પટેલ ઈંગ્લિશ સ્કૂલ, વલ્લભ વિદ્યાનગરના માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા પ્રજાપિતા બ્રહ્માકુમારી વિશ્વવિદ્યાલય, વલ્લભ વિદ્યાનગર કેન્દ્ર દ્વારા યોજાયેલી વિવિધ સ્પર્ધાઓમાં શ્રેષ્ઠ દેખાવ કરી શાળાની યશકલગીમાં વધુ એક મોરપિચ્છ ઉમેરાયું છે. 'સહયોગ સે હોગા સર્વોદય' એ સૂત્રને લક્ષ્યમાં રાખી યોજાયેલી વક્તૃત્વ સ્પર્ધામાં શાળાની વિદ્યાર્થિનીઓ, કુ. રાધા પટેલે પ્રથમ તેમજ કુ. પ્રાચી મઠપાલે (આશ્વાસન ઈનામ) શ્રી ભાવેશભાઈ ભટ્ટના માર્ગદર્શન હેઠળ મેળવ્યું છે. જ્યારે સમૂહગીત સ્પર્ધામાં શ્રી દર્શનભાઈ સુથાર તેમજ ચિ. અમુલની સંગતમાં, અનેરી પંડ્યા, નિયતી મિસ્ત્રી, દિશા કોરાલી, આશ્વી પટેલ, શૈલી પટેલ તેમજ વિશ્વા પંચોલીએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યું છે. આ ઉપરાંત પણ ઉપરોક્ત વિષય અન્વયે યોજાયેલ ચિત્રસ્પર્ધામાં શ્રી મહેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ મનીષા તિવારીએ આશ્વાસન ઈનામ પ્રાપ્ત કર્યું છે. આમ, વિવિધ સ્પર્ધાઓમાં શ્રેષ્ઠ દેખાવ કરવા બદલ શાળાએ આખાયે કાર્યક્રમમાં 'શ્રેષ્ઠ શાળા' તરીકેનું પ્રથમ સ્થાન ગૌરવ પણ પ્રાપ્ત કર્યું છે. શાળાના આચાર્યશ્રી ડૉ. મહેશભાઈ સ્ટેલીન તેમજ નિરીક્ષકશ્રી મહેન્દ્રભાઈ સેવક અને સમગ્ર શાળા પરિવારે સૌ વિજેતાઓને અભિનંદન પાઠવ્યાં હતાં.

### એસ.ડી. દેસાઈ હાઈસ્કૂલ વાર્ષિકોત્સવ

ચારુતર વિદ્યામંડળ સંચાલિત એસ.ડી. દેસાઈ હાઈસ્કૂલ, વલ્લભ વિદ્યાનગર ખાતે વાર્ષિકોત્સવ તથા ધો. ૧૦નો વિદાય શુભેચ્છા સમારંભ યોજાઈ ગયો. આચાર્ય ડૉ. દીપકભાઈ પટેલે સ્વાગત પ્રવચન કરી મહેમાનોનો પરિચય આપ્યો હતો. સુપરવાઈઝર શ્રી એસ.કે. ઉપાધ્યાયે પ્રવૃત્તિઓનો અહેવાલ રજૂ કર્યો હતો. વિદ્યાર્થી પ્રતિભાવ જય મોચી તથા શિક્ષક પ્રતિભાવ શ્રી રૂપાભાઈ ધૈડાએ આપ્યા હતા.

અતિથિ વિશેષ પદે ઉપસ્થિત સી.વી.એમ. ની પ્રાથમિક શાળાઓનાં સલાહકાર શ્રીમતી વિનોદીનીબેન પટેલે સૌ વિદ્યાર્થીઓને પરિણામલક્ષી પરિશ્રમ કરવા શીખ આપી હતી. મુખ્ય મહેમાન અને સી.વી.એમ.ના માનદ્ સહમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આશીર્વચન પાઠવ્યાં હતાં. અધ્યક્ષપદે મંડળના માનદ સહમંત્રી ડૉ. એસ.જી. પટેલ હતા. તેમણે ઉદાહરણો આપી સદ્ગુણો કેળવવા અપીલ કરી હતી. તેમણે કહ્યું હતું કે આ તબક્કે ખૂબ સારા પરિણામનું ધ્યેય કેળવવું જોઈએ. આભારવિધિ શ્રી ગૌરાંગ પટેલે કરી હતી. તેજસ્વી વિદ્યાર્થીઓને પારિતોષિકથી નવાજવામાં આવ્યાં હતાં. ભગિનિ સંસ્થાઓના આચાર્યશ્રીઓ તથા નિરીક્ષકો મોટી સંખ્યામાં ઉપસ્થિત હતા. બેસ્ટ સ્ટુડન્ટ ઓફ ધ યરના એવોર્ડ બે વિદ્યાર્થીઓને એનાત કરાયા હતા.




ચારુતર વિદ્યામંડળની નિશ્રામાં સર્વપ્રથમ ત્રિદિવસીય નારીકથા કરનાર સૅરલિપનાં અધ્યાપિકા ડૉ.ટીના દોશીની નારીકથાના સમાપનપર્વમાં સીવીએમના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલે અધ્યક્ષસ્થાને ઉપસ્થિત રહીને આ નવતર ઉપક્રમને આશીર્વાદ આપ્યા હતા. મંચ પર તેમની સાથે શ્રી રામકૃષ્ણ સેવામંડળનાં મંત્રી શ્રીમતી જ્યોત્સનાબહેન પટેલ, સાહિત્યકાર ડૉ.કેશુભાઈ દેસાઈ, યુજીસી ઍકેડૅમિક સ્ટાફ કૉલેજ-રાજકોટના નિયામક ડૉ.કલાધર આર્ય, અમદાવાદના સરદાર પરિવારની કૉલેજોનાં પ્રિ.મીરાબહેન મેનન ઉપસ્થિત હતાં. (ઇનસેટમાં નારીકથામાં ઉપસ્થિત શ્રોતાગણ)




ચારુતર વિદ્યામંડળના ભારતીય મહિલા વિશ્વકોશ પ્રકલ્પનાં રિસર્ચ ફેલો અને સૅરલિપનાં અધ્યાપિકા ડૉ.ટીના દોશીની ત્રિદિવસીય નારીકથાનો શુભારંભ સીવીએમના માનદ મંત્રી પ્રિ.શનુભાઈ પટેલ, ગુજરાતી ઈતિહાસ પરિષદના પ્રમુખ ડૉ. જગદીશ ચૌધરી, દાતાશ્રી શ્રીમતી વાસંતીબહેન પટેલ, શ્રીમતી હર્ષિતાબહેન પાઠક, શ્રીમતી વિનોદિનીબહેન પટેલ, ડૉ.ટીના દોશી અને નિયામક ડૉ.હરિ દેસાઈએ ભાઈકાકા લાઈબ્રેરી સામેના સૅરલિપ સંકુલમાં દીપપ્રાગટ્યથી કરાવ્યો હતો. (ઇનસેટમાં સર્વપ્રથમ નારીકથા કરનાર ડૉ.ટીના)

V-Vidyanagar 16 (4) April 2014 Postal Regd.No.AND/318/2012-14
Published on Tuesday, 25.03.2014 No.of Pages 48 including cover RNI Regd.No.Guj/2009-11/5433
ISSN 0976 - 9809 V-Vidyanagar Posted at Vallabh Vidyanagar on 25th of Every Month

# End of An Era



**Khushwant Singh**
(Birth:February 2,1915 Death: March 20, 2014)

Editors: Dr. Rajendrasinh Jadeja, Dr. Hari Desai Printed at Anand Press, Anand 388 001.
Printed, Published and owned by Prin. S.M. Patel, Hon. Secretary, Charutar Vidya Mandal and Published at Vallabh Vidyanagar 388 120., Gujarat